કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

કચ્છ ઉદય

ભચાઉ તાલુકાના ખારોઈ, મનફરા, ચોબારી, ભરૂડીયા, આધોઈ, જંગી, વાંઢીયા, વોંધ, કટારીયા, દુધઈ તથા આસપાસના વિસ્તારોમાં સરક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવયુવાનોની જરૂરી છે.

અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો

મહેશ શાહ : ૯૮૨૫૧ ૭૨૩૨૦, ૯૮૭૯૫ ૯૧૪૨૭

-: સ્થળ :-

જૈન ધર્મશાળાની બાજુમાં, જુના બસ સ્ટેન્ડ રોડ, ભચાઉ-કચ્છ.

સાપ્તાહિક

Website : www.kutchuday.com

E-mail : kutchuday@gmail.com

તા.૦૮ માર્ચ,૨૦૨૬ રવિવાર

કિંમત રૂા.૨/-

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

૩૨ વર્ષથી અપણનમ રહેતું

કચ્છનું એક માત્ર

અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.

PAN COMMUNICATIONS

National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT

Mo.: 98250 35635

◆અંક નંબર : ૪૨◆વર્ષ : ૩૨ ◆પાના -૧૦ ◆મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆GUJGUJ/2008/25151◆ સંવત ૨૦૮૨ ◆ ફાગણ વદ-૫ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# ઈરાનની જીવાદોરી પર USનો મહાપ્રહાર

**કુવૈતમા ભીંસણ હુમલાઓ : અનેક ઇમારત ધરાસઈ : ૬ મહિના સુધી યુદ્ધ માટે અમે તૈયાર :ઈરાનની IRGCનો દાવો**

**યુદ્ધ વચ્ચે ઈરાનના રાષ્ટ્રપતિની મોટી જાહેરાત : ઈરાન દુશ્મનોને પૂરી તાકાતથી જવાબ આપશે : પાડોશી દેશો સાથે અમારા સારા સંબંધ છે : દુશ્મન અમારા પાડોશી દેશ સાથે મતભેદ ઊભા કરવાના કૃત્યો અચારે છે**



(એજન્સી દ્વારા) નવી દીલ્હી : મધ્ય પૂર્વનું યુદ્ધ હવે ઈરાનના અસ્તિત્વ માટે જોખમ બની રહ્યું છે. શનિવારે મોડી રાત્રે અમેરિકા અને ઈઝરાયલી વાયુસેનાએ ઈરાનની આર્થિક કમર તોડવા માટે અત્યાર સુધીનો સૌથી મોટો વ્યૂહાત્મક હુમલો કર્યો છે. આ વખતે નિશાન માત્ર લશ્કરી ઠેકાણાઓ નહીં, પરંતુ ઈરાનની સંપત્તિ ગણાતા તેની લાઈફ લાઈન ગણાતા ઓઈલ ડેપો અને રિફાઈનરીઓ હતા.રાજધાની તેહરાન અને પડોશી શહેર કરજમાં થયેલા આ હુમલા એટલા પ્રચંડ હતા કે આખું આકાશ અગ્નિના ગોળા અને કાળા ધુમાડાથી ભરાઈ ગયું હતું. ઈરાની સમાચાર એજન્સીના જણાવ્યા અનુસાર, દક્ષિણ તેહરાનના શાહરાન તેલ ડેપો અને શાહર-એ-રે જિલ્લાની મુખ્ય રિફાઈનરીઓ પર ચોકસાઈપૂર્વક મિસાઈલો છોડવામાં આવી હતી. વિસ્ફોટોનો અવાજ કિલોમીટરો દૂર સુધી સંભળાયો હતો, જેનાથી સ્થાનિકોમાં ભારે ફફડાટ ફેલાયો છે.નિષ્ણાતોનું માનવું છે કે ઉર્જા માળખા પરનો આ સીધો હુમલો ઈરાનની સેનાને ઈંધણ વગર પાંગળી બનાવી દેવાની રણનીતિ છે. અલ્બોર્ઝ પ્રાંતમાં અનેક ઈંધણ સંગ્રહ સુવિધાઓ

અનુસંધાન પાના નં.૪ પર

## ઈરાન યુદ્ધમાં અમારો સંપૂર્ણ વિજય : ટ્રમ્પનો મોટો દાવો

**અમે મોટા માર્જિનથી જીતી રહ્યા છીએ": ઈરાન યુદ્ધ પર અમેરિકી રાષ્ટ્રપતિનું અત્યાર સુધીનું સૌથી આક્રમક નિવેદન : "અમે તેમના દુષ્ટ સામ્રાજ્યને જડમૂળથી ઉખેડી નાખ્યું છે": ડોનાલ્ડ ટ્રમ્પનો ઈરાન યુદ્ધમાં સંપૂર્ણ વિજયનો દાવો**

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધના આઠમા દિવસે, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક એવી જાહેરાત કરી છે જે ઈરાન માટે ભયાનક સપના સમાન સાબિત થઈ શકે છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે અમેરિકી દળોએ ઈરાનના "દુષ્ટ સામ્રાજ્ય" અને તેના લશ્કરી નેતૃત્વનો સંપૂર્ણપણે નાશ કરી દીધો છે.ટ્રમ્પના મતે, ઈરાન હવે સૈન્ય રીતે લકવાગ્રસ્ત થઈ ગયું છે અને તેનું પતન નિશ્ચિત છે. એરફોર્સ વનમાં પત્રકારો સાથેની વાતચીતમાં ટ્રમ્પ પોતાના અસલ અંદાજમાં જોવા મળ્યા હતા. તેમણે ઈરાનના વર્તમાન શાસન અને તેના સૈન્ય માળખાને દુનિયાના ચહેરા પરના "કેન્સર" સાથે સરખાવ્યું. ટ્રમ્પે કહ્યું, "અમે એ કેન્સરને દૂર કરી દીધું છે. ઈરાનનું જે લશ્કરી નેતૃત્વ દાયકાઓથી મધ્ય પૂર્વમાં આતંક ફેલાવી રહ્યું હતું,

અનુસંધાન પાના નં.૪ પર

## સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ પૂર્વે ગુજરાત વહીવટીતંત્રમાં મોટા ફેરબદલની તૈયારી

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : રાજ્યમાં આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા વહીવટીતંત્રમાં વ્યાપક ફેરફારો કરવાની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. તાજેતરમાં જ આઈપીએસ અધિકારીઓની બદલીના આદેશ બાદ હવે રાજ્યના વિવિધ જિલ્લાઓના કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીઓ (DDO) ની બદલીનો ઘાણવો ઉતરે તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે.સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, હાલમાં વિધાનસભાનું સત્ર કાર્યરત છે ત્યારે જ આ મહત્વપૂર્ણ બદલીઓના આદેશો છૂટા થઈ શકે છે. આ ફેરબદલ પાછળના મુખ્ય કારણો નીચે મુજબ છે

અમદાવાદના કલેક્ટર સુજીતકુમારને બઢતી (Promotion) મળી હોવાથી તે જગ્યા ખાલી પડશે. બીજી તરફ, ગાંધીનગરના કલેક્ટર મેહુલ દવે નિવૃત્ત થયા હોવાથી ત્યાં પણ નવી નિમણૂક અનિવાર્ય બની છે. સુરેન્દ્રનગરના કલેક્ટર રાજેન્દ્ર પટેલ જમીન કૌભાંડમાં સસ્પેન્ડ થયા હોવાથી ત્યાં કાયમી કલેક્ટરની નિમણૂક કરવાની બાકી છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અગાઉ વહીવટી તંત્રને સુદ્રઢ બનાવવા માટે સરકાર અમદાવાદ, ગાંધીનગર સહિતના અનેક મહત્વના શહેરો અને જિલ્લાઓમાં નવા અધિકારીઓને જવાબદારી સોંપી શકે છે.એક તરફ ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી જેવી મુખ્ય રાજકીય પાર્ટીઓ ચૂંટણીની તૈયારીઓમાં વ્યસ્ત છે, ત્યારે બીજી તરફ વહીવટી આલમમાં પણ બદલીઓની ચર્ચાએ જોર પકડ્યું છે. ખાસ કરીને પાટનગર ગાંધીનગરમાં આ બદલીઓને લઈને સચિવાલયના અધિકારીઓમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.ટૂંક સમયમાં જ રાજ્ય સરકાર દ્વારા કલેક્ટરો અને ડીડીઓ (DDO) ની બદલીનું સત્તાવાર લિસ્ટ જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે, જેની અસર આગામી પાલિકા અને પંચાયતની ચૂંટણીઓ પર સીધી રીતે જોવા મળશે.

## ગુજરાત સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટી ઝંપલાવશે : ૧૦ માર્ચથી ઉમેદવારોની પસંદગી શરૂ કરશે

ગાંધીનગર : ગુજરાતના રાજકારણમાંથી અત્યારના સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ગુજરાતમાં આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને લઈને રાજકીય માહોલ અત્યારથી જ ગરમાવા લાગ્યો છે. ત્યારે આજે ૭ માર્ચ ૨૦૨૬ ના રોજ અમદાવાદ ખાતેથી આમ આદમી પાર્ટીના પ્રદેશ મહામંત્રી મનોજ સોરઠીયાએ પત્રકારો સમક્ષ એક અત્યંત મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. રાજ્યની તમામ મહાનગર પાલિકા, નગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયતની બેઠકો પર પોતાના મજબૂત ઉમેદવારો મેદાનમાં ઉતારવા માટે પક્ષ દ્વારા ૧૦ માર્ચથી ઉમેદવાર પસંદગીની સત્તાવાર અને પારદર્શક પ્રક્રિયા શરૂ કરવામાં આવનાર છે.સત્તાધારી પક્ષના શાસન સામે જનતાને એક સારો અને મજબૂત વિકલ્પ આપવા માટે પક્ષે કમર કસી લીધી છે.પક્ષના મહામંત્રીએ વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, પક્ષ દ્વારા ચૂંટણી લડવા માંગતા લોકોની પસંદગી પ્રક્રિયા મુખ્યત્વે ૨ તબક્કામાં હાથ ધરવામાં આવશે. પ્રથમ તબક્કાની શરૂઆત ૧૦ માર્ચથી થશે અને તે ૧૫ માર્ચ સુધી ચાલશે. આ ૫ દિવસ દરમિયાન રાજ્યના અલગ અલગ જિલ્લાઓ અને લોકસભા વિસ્તારોમાં પક્ષની ખાસ ચકાસણી સમિતિઓ બેઠકો યોજશે. આ બેઠકોમાં જે પણ લોકોએ ચૂંટણી લડવાની ઈચ્છા દર્શાવી છે, તેમની સાથે રૂબરૂ મુલાકાત કરવામાં આવશે. આ ઉપરાંત, સંગઠનના સ્થાનિક સાથીદારો અને કાર્યકર્તાઓ સાથે સઘન ચર્ચા વિચારણા કરીને લાયક નામોની ટૂંકી યાદી તૈયાર કરવામાં આવશે.જિલ્લા કક્ષાએથી જે નામોની પસંદગી થશે, તે નામોની યાદી પ્રદેશ કક્ષાની સમિતિને મોકલી આપવામાં આવશે. ત્યારબાદ ૧૬ માર્ચથી લઈને ૧૮ માર્ચ સુધી પ્રદેશ ચૂંટણી સમિતિ દ્વારા આ તમામ નામો પર ઝીણવટભરી ચર્ચા અને વિચારણા કરવામાં આવશે. એક એક બેઠક પર કયો ઉમેદવાર સૌથી વધુ મજબૂત અને જીતી શકે તેવો છે, તેનું રાજકીય ગણિત માંડવામાં આવશે. આ પ્રક્રિયા પૂરી થયા બાદ અંતિમ મંજૂરી


અનુસંધાન પાના નં.૪ પર

## નોર્વે હચમચી ઉઠ્યું, ઓસ્લોમાં યુએસ એમ્બેસી નજીક જોરદાર વિસ્ફોટ

નવી દીલ્હી : રવિવારે વહેલી સવારે નોર્વેની રાજધાની ઓસ્લોમાં ભયનો માહોલ ફેલાયો હતો જ્યારે યુએસ એમ્બેસી નજીક એક જોરદાર વિસ્ફોટનો અવાજ સંભળાયો હતો. વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે તેના પડઘા

અનુસંધાન પાના નં.૪ પર

## મેદાનમાં ઉતરતા પહેલા ટીમ ઈન્ડિયાના સ્ટાર ખેલાડીઓ હનુમાનજીના શરણે : જીત માટે કરી પ્રાર્થના



નવી દીલ્હી :ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાનારી હાઈ-વોલ્ટેજ ૨૦ વર્લ્ડ કપ ફાઈનલ પૂર્વે ભારતીય ક્રિકેટરોમાં આધ્યાત્મિક ઉત્સાહ જોવા મળ્યો છે. શનિવારે સાંજે નેટ પ્રેક્ટિસ બાદ ટીમ ઈન્ડિયાના સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા અને વિકેટકીપર બેટ્સમેન સંજુ સેમસન, કોચ ગૌતમ ગંભીર, કેપ્ટન સૂર્યકુમાર યાદવ સહિતના ખેલાડીઓએ અમદાવાદના નરેન્દ્ર મોદી

અનુસંધાન પાના નં.૪ પર

## અમદાવાદના વાસણા વિસ્તારમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે તપોવન વિદ્યાવિહારનું ઉદ્ઘાટન કરાયું

ગાંધીનગર :મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદમાં તપોવન વિઅને મુખ્યમંત્રીના હસ્તે મુખ્ય દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.દ્યાવિહારનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોએ વિદ્યાવિહારના વર્ગખંડોની મુલાકાત લીધી હતી આ વિદ્યા સંકુલ શિક્ષણની સાથે



સાથે સંસ્કાર પણ આપશે તપ

અનુસંધાન પાના નં.૪ પર

## ગુજરાતના પોલીસ બેડામાં ધરખમ ફેરફારોથી નવી ઉર્જા–કાર્યક્ષમતા વધવાના એંધાણ

**શમશેર સિંઘને નિવૃત્તિના ૨૫ દિવસ પહેલા પોસ્ટિંગ, ૨ મહિના રાહ જોઈ રહ્યા હતા : અમદાવાદમાં ઝોન-૮ બનશે, અત્યાર સુધી ૭ ઝોન હતા : કચ્છમાંથી બનાસકાંઠા અલગ થવાની સંભાવનાઓ વધી**

ગાંધીનગર : તાજેતરમાં જ ગુજરાત સરકારે રાજ્યના પોલીસ તંત્રમાં મોટા પાયે ફેરફારો કર્યા છે. ગૃહ વિભાગ દ્વારા જારી કરાયેલા આદેશ અનુસાર, ૩૭ ભારતીય પોલીસ સેવા અધિકારીઓની બદલી અને નવી નિમણૂકો કરવામાં આવી છે. આ ફેરફારો જાહેર હિતમાં અને તાત્કાલિક અમલમાં મૂકવામાં આવ્યા છે. લાંબા સમયથી પોસ્ટિંગની રાહ જોઈ રહેલા અધિકારીઓને આખરે નિમણૂક મળી છે, જેનાથી પોલીસ વિભાગમાં નવી ઉર્જા અને કાર્યક્ષમતા આવશે તેવી અપેક્ષા છે.

૧૯૯૧ બેચના સિનિયર આઈ.પી.એસ શમશેરસિંઘનું એસીબીમાંથી ડેપ્યુટેશન પર જવું અને ત્યાંથી પરત ગુજરાત આવવું એ ભારે ચર્ચાનો વિષય રહ્યો હતો. ખાસ કરીને, રાજ્યના ઈન્ચાર્જ પોલીસ વડા તરીકે ડો.કે.એલ.એન રાવની જાહેરાત કરાઈ બાદ તેમને પોતાના મૂળ કેડરમાં પરત બોલાવવામાં આવ્યા હતા.શમશેરસિંઘ જ્યારે ડેપ્યુટેશન પર જવાના હતા ત્યારે તે વિકાસ સહાય બાદ રાજ્યના મોસ્ટ સિનિયર IPS હતા, તેમના જવાથી રાજ્યના નવા DGP કોણ બનશે તે ચર્ચાઓ રહી હતી. હવે જ્યારે શમશેરસિંઘ પરત આવ્યાં છે ત્યારે તેમને સત્તાવાર રીતે ૭ જાન્યુઆરીથી વેઈટિંગ ફોર પોસ્ટિંગમાં મુકાયા હતા. આમ બે મહિના બાદ પોસ્ટિંગ મળ્યું છે.કેન્દ્રીય તપાસ એજન્સી CBIમાં લગભગ પાંચ વર્ષના લાંબા ડેપ્યુટેશનની સેવા પૂર્ણ કરી ગુજરાત કેડરમાં પરત ફરેલા IPS અધિકારી રાઘવેન્દ્ર વત્સની અમદાવાદ રેન્જ આઈજી તરીકે બદલી કરવામાં આવી છે. સીબીઆઈના બહોળા અનુભવ બાદ તેમની સુરત ક્રાઈમમાં નિમણૂક કરવામાં આવી હતી, જોકે હવે રાજ્ય સરકાર દ્વારા તેમને અમદાવાદ રેન્જની મહત્ત્વની જવાબદારી સોંપવામાં આવી છે. અત્યારસુધી અમદાવાદના એડિશનલ સીપી વિધિ ચૌધરીને વધારાની જવાબદારી સોંપાઈ હતી. એ.જી. ચૌહાણ અમદાવાદ શહેર ટ્રાફિકના જોઈન્ટ પોલીસ કમિશનર, રાજકોટના એડી.સીપીને સુરતમાં નિમણુંક કરાઈ છે. ડો.કરણરાજ વાઘેલાને સુરતમાં જ મોટી બઢતી સાથે નવી નિમણૂક અપાઈ છે. બીજી તરફ, સુરત શહેરના ઈકોનોમિક સેલમાં DCP તરીકે કાર્યરત કરણરાજ વાઘેલાને સુરતમાં જ મોટી બઢતી સાથે નવી નિમણૂક મળી છે. રાજકોટમાં ડીસીપી રહી ચૂકેલા ડો. કરણરાજ વાઘેલા વલસાડથી સુરત ઈકોનોમિક સેલમાં બદલી પામેલા. ડો. કરણરાજ વાઘેલાનું તાજેતરમાં પ્રમોશન આવ્યું હતું, જે બાદ હવે તેમની નિમણૂક સુરત શહેરના જોઈન્ટ પોલીસ કમિશનર (ક્રાઈમ) તરીકે કરવામાં આવી છે. આ ઉપરાંત, લાંબા સમયથી પ્રમોશન બાદ પોસ્ટિંગની રાહ જોઈ રહેલા હિતેશ જોયસરને પણ નવી જવાબદારી સોંપવામાં આવી છે. પૂર્વ સુરત જિલ્લા ગ્રામ્ય SP તરીકે ફરજ બજાવી ચૂકેલા હિતેશ જોયસરને ઘણા મહિનાઓ પહેલા ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ તરીકેનું પ્રમોશન મળ્યું હતું, પરંતુ તેઓ પોસ્ટિંગની રાહમાં હતા. આખરે, રાજ્ય સરકાર દ્વારા તેમને ગાંધીનગર ખાતે ઈન્ટેલિજન્સ વિભાગમાં DIG તરીકે મહત્ત્વનું પોસ્ટિંગ આપવામાં આવ્યું છે. રાજકોટમાં એડિશનલ સીપી રહી ચૂકેલા ૨૦૦૯ના આઈપીએસ અધિકારી વિધિ ચૌધરી હાલ અમદાવાદ શહેરના એડિશનલ સીપી (સ્પેશ્યલ બ્રાન્ચ) અને સાથે અમદાવાદ રેન્જ આઈજીનો વધારાનો ચાર્જ સંભાળી રહ્યા હતા. ત્યારે તેમને હવે પંચમહાલ ગોધરાના રેન્જ આઈજીની મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે.ગગનદીપ ગંભીર કડક શિસ્ત અને નિષ્ઠાવાન વહીવટ માટે જાણીતા ૨૦૦૪ બેચના ગુજરાત કેડરના અનુભવી IPS અધિકારી ગગનદીપ ગંભીર પોતાની કડક શિસ્ત અને નિષ્ઠાવાન વહીવટ માટે જાણીતા છે. તેમણે વડોદરામાં DCP તરીકે તથા આણંદ, વડોદરા રુરલ, અમદાવાદ રુરલ અને રાજકોટમાં SP તરીકે નોંધપાત્ર સેવાઓ આપી છે, જેમાં નશામાં ધૂત અધિકારી વિરુદ્ધ કડક કાર્યવાહી જેવા કિસ્સાઓ તેમની શિસ્તપ્રિયતા દર્શાવે છે.હાઈપ્રોફાઈલ કેસોની તપાસ માટે CBIમાં ડેપ્યુટેશન પર રહ્યા બાદ, ૨૦૨૪માં કેન્દ્રથી પરત ફરતા ગુજરાત સરકારે તેમની બહોળી અનુભવશક્તિને ધ્યાને લઈ ગાંધીનગર ખાતે IGP તરીકેની મહત્વની જવાબદારી સોંપી હતી.

## તમિલનાડુની ચૂંટણી પહેલા વિજયની મોટી જાહેરાત

**મહિલાઓને મહિને ૨૫૦૦ રૂપિયા, લગ્ન માટે સોના અને રેશમી સાડીઓનું વચન**

નવી દીલ્હી : તમિલનાડુ વિધાનસભા ચૂંટણી પહેલા, અભિનેતામાંથી રાજકારણી બનેલા થલાપતિ વિજયે મહિલાઓ માટે ઘણી મોટી યોજનાઓની જાહેરાત કરી છે. તેમની પાર્ટી, તમિલગા વેત્રી કઝગમ, પહેલીવાર વિધાનસભા ચૂંટણી લડવાની તૈયારી કરી રહી છે. વિજયે મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવા માટે અનેક વચનો આપ્યા છે. મહિલા દિવસ નિમિત્તે આયોજિત એક કાર્યક્રમમાં વિજયે જણાવ્યું હતું કે જો તેમની પાર્ટી સત્તામાં આવશે, તો રાજ્યની મહિલાઓ માટે ઘણી નવી યોજનાઓ લાગુ કરવામાં આવશે. તેમણે કહ્યું કે મહિલાઓને આર્થિક અને સામાજિક રીતે સશક્ત બનાવવી તેમની પાર્ટીની પ્રાથમિકતા રહેશે. દર મહિને ૨૫૦૦ રૂપિયા થલાપતિ વિજયે જાહેરાત કરી છે કે જો તેમની સરકાર બનશે તો મહિલાઓને દર મહિને ૨૫૦૦ રૂપિયાની નાણાકીય સહાય મળશે. આ પૈસા સીધા પરિવારના મહિલા વડાના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે ઘણા પરિવારોમાં મહિલાઓ ઘર ચલાવવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે, પરંતુ તેમની પાસે પોતાની આવકનો અભાવ છે. આ યોજના નાણાકીય સહાય પૂરી પાડશે અને તેમને પોતાના

અનુસંધાન પાના નં.૪ પર

**તિકડમ !**

**– દેવેન વ્યાસ**




## હોર્મુઝ સ્ટ્રેટથી મોટા સમાચાર : ઓઇલનો પહેલો જથ્થો રવાના : પેટ્રોલ અને ડીઝલના ભાવ નહીં વધે!

નવી દીલ્હી : શનિવારે સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ વધારો થશે નહીં. સૂત્રોએ જણાવ્યું હતું કે ભારતના ઉર્જા ભંડારમાં સતત સુધારો થઈ રહ્યો છે અને પરિસ્થિતિ પહેલા કરતા વધુ સ્થિર બની રહી છે.સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, ઉર્જા ભંડારમાં સુધારો થવાથી સરકારને બળતણ પુરવઠાના સંચાલનમાં વધુ વિશ્વાસ મળ્યો છે.તેમણે જણાવ્યું હતું કે ભારતે સંવેદનશીલ દરિયાઈ માર્ગો પરની નિર્ભરતા ઘટાડવા માટે તેની ક્રૂડ ઓઈલ આયાતમાં વૈવિધ્ય લાવવા માટે જરૂરી પગલાં લીધાં છે.સૂત્રોએ જણાવ્યું હતું કે જ્યારે ભારતની કુલ ક્રૂડ ઓઈલ આયાતનો આશરે ૬૦ ટકા હિસ્સો અગાઉ હોર્મુઝ સ્ટ્રેટની બહારના સ્ત્રોતોમાંથી આવતો હતો, ત્યારે હવે આ હિસ્સો વધીને લગભગ ૭૦ ટકા થઈ ગયો છે.તેમણે એમ પણ કહ્યું હતું કે હોર્મુઝ સ્ટ્રેટમાંથી

અનુસંધાન પાના નં.૪ પર

## સોના-ચાંદીમાં મોટો કડાકો

**એક અઠવાડિયામાં સોનું ૫,૦૦૦ અને ચાંદી ૧૦,૦૦૦ સસ્તી થઈ**

નવી દીલ્હી : વૈશ્વિક અનિશ્ચિતતા અને મધ્ય પૂર્વમાં અમેરિકા, ઇઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધની અસરો વચ્ચે ભારતીય બુલિયન માર્કેટમાં આ અઠવાડિયે મોટો ઉલટફેર જોવા મળ્યો છે. સામાન્ય રીતે યુદ્ધ જેવી પરિસ્થિતિમાં સોનાના ભાવમાં ઉછાળો આવતો હોય છે, પરંતુ આ વખતે બજારમાં વિપરીત ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. છેલ્લા સાત દિવસમાં ૨૪ કેરેટ સોનાના ભાવમાં પ્રતિ ૧૦ ગ્રામ ૫,૦૬૦નો મોટો ઘટાડો નોંધાયો છે. ૮ માર્ચ, ૨૦૨૬ની સ્થિતિએ દેશભરના મુખ્ય શહેરોમાં સોનાના ભાવમાં નરમાશ જોવા મળી છે. દિલ્હી રાજધાનીમાં ૨૪ કેરેટ સોનાનો ભાવ આજે ૧,૬૩,૮૦૦ પ્રતિ ૧૦ ગ્રામ પર ટ્રેડ થઈ રહ્યો છે, જ્યારે ૨૨ કેરેટ સોનાનો ભાવ ૧,૫૦,૧૫૦ છે. મુંબઈ, કોલકાતા અને ચેન્નાઈઃ આ મેટ્રો શહેરોમાં ૨૨ કેરેટ સોનાનો ભાવ ૧,૫૦,૦૦૦ અને ૨૪ કેરેટ સોનાનો ભાવ ૧,૬૩,૬૪૦ પ્રતિ ૧૦ ગ્રામ નોંધાયો છે.ગુજરાત અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરામાં ૨૨ કેરેટ સોનાનો ભાવ ૧,૫૦,૦૫૦ અને ૨૪ કેરેટ સોનાનો ભાવ ૧,૬૩,૭૦૦ પર પહોંચી ગયો છે.એક અઠવાડિયાના ગાળામાં ૨૨ કેરેટ સોનાના ભાવમાં પણ ૪,૬૫૦નો ઘટાડો થયો છે, જે ઘરેણાં ખરીદનારા ગ્રાહકો માટે રાહતના સમાચાર છે.

## ગાંધીનગરમાં મહેસૂલ વિભાગના અધિકારીઓ માટે 'પોટલક ગેધરિંગ'

**ACS જયંતિ રવિની પહેલથી ટીમ બિલ્ડિંગ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ : મહેસૂલ વિભાગમાં ટીમ વર્ક વધારવા અનોખી પહેલઃ પેઇન્ટિંગ, રમતગમત અને પોટલક સાથે અધિકારીઓનું સ્નેહમિલન**

ગાંધીનગર :મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ જયંતિ રવિના માર્ગદર્શન હેઠળ ગાંધીનગરમાં મહેસૂલ વિભાગના અધિકારીઓ માટે એક અનોખા 'પોટલક ગેધરીંગ'નું આયોજન કરવામાં આવ્યું હતું. વહીવટી કામકાજની સતત વ્યસ્તતા વચ્ચે અધિકારીઓને માનસિક

અનુસંધાન પાના નં.૪ પર



# સમગ્ર વિશ્વમાં ભારત જેવી શાંત અને સાત્વિક ભૂમિ બીજી કોઈ જ નથી : પૂજ્ય હરિદાસજી મહારાજ

**મુંબઈમાં ઓધવઆવાસ આ પ્રથમ સો ફ્લેટ માટે ડ્રો યોજાયો : મુંબઈમાં રહેતા ઓધવભક્તોને કાયમી સરનામું અને પોતાની છત મળે તેવો પૂજ્ય હરિદાસજી મહારાજનો સંકલ્પ સિદ્ધ થવાની દિશામાં પહેલું પગલું : ભારત વિશ્વગુરુ બની ગયું છે અને વાલરામ શતાબ્દી વર્ષમાં કૃપાનો વરસાદ થઈ રહ્યો હોવાનું હરિદાસજી મહારાજે જણાવ્યું : વાપીમાં ઓધવભવન સમાજવાડી બનાવવા માટે બહેનો પોતાના તરફથી સોનુ આપવા પણ તૈયાર છે તેવું મહારાજશ્રીએ જણાવી તેમની ઉદારતાને બિરદાવી : બિટ્ટાના દેવજીભાઈ નંદા પરિવારનું મોટું યોગદાન : મહારાજશ્રીનો સંકલ્પો સિદ્ધ કરવા તુલસીભાઈ દામા પણ દિવસરાત એક કરી રહ્યા છે : દીપકભાઈ ભાનુશાલીએ સુંદર ગીત સંગીતથી સૌને ડોલાવ્યા તો તન્વીબેન ભદ્રાએ સુંદર સંચાલન કરી અને કાર્યક્રમની શોભા વધારી**


















મુંબઈ - કચ્છઉદય : ભગવાન વાલરામજી મહારાજ શતાબ્દી વર્ષમાં જ વિશ્વ ગુરુ બની ગયું હોય તેવું અનુભવાઈ રહ્યુ છે. સમગ્ર વિશ્વમાં ભારત જેવી શાંત અને સાત્વિક ભૂમિ ક્યાંય દેખાતી નથી એવું જણાવી અને પૂજ્ય હરિદાસજી મહારાજે જણાવ્યું કે, તમારા સંતાનોને ભારત બહાર મોકલવાની જરૂર નથી કારણ કે પોતાના ઘરમાં સુખ શાંતિ મળે તેવી સુખ-શાંતિ વિશ્વના બીજા દેશો ઉપરથી ઘણા સારા દેખાતા હશે તો પણ ભારત જેવી શાંતિ નહીં મળે. ઓધવ આવાસના પ્રથમ સો ફ્લેટના પ્રોજેક્ટના નિર્માણ કાર્યના શુભારંભ અને લક્કી ડ્રો પ્રસંગે પોતાના પવિત્ર પાવન સાનિધ્યનું સુખ અને દિવ્ય વાણી પ્રસાદ આપતાં પૂજ્ય હરિદાસજી મહારાજ બોલી રહ્યા હતા.

આ પ્રસંગે તેમણે હવે મુન્દ્રામાં પણ ઓધવભવન બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, રાષ્ટ્રના શાસકો માટે અત્યારે પુણ્યની અને પ્રાર્થનાની બહુ જ જરૂર છે. અત્યારના ગ્રહયોગની પરિસ્થિતિ સમજાવતા તેમણે તેમનું જ્યોતિષ વિષયનું જ્ઞાન રજૂ કરતા જણાવ્યું કે, અત્યારે આકાશમાં ગ્રહોની પરિસ્થિતિ એવી છે કે સમગ્ર વિશ્વ સળગી રહ્યું હોય એવું લાગે છે. મંગળનો અંગારક યોગ ચાલી રહ્યો છે અને વળી રાહુ તેની સાથે છે આવા સમયે ભારતમા જે શાંતિ છે તે પૂજ્ય ઓધવરામજી મહારાજ અને વાલરામજી મહારાજના પુણ્ય પ્રતાપે છે. તેમણે ૧૦૦ વર્ષ પહેલા તેમની કૃપાનો વડલો વાવ્યો હતો અને હવે અત્યારે આપણે બધા તેના ફળ-ફૂલ ખાઈ રહ્યા છે એવું તેમણે જણાવ્યું હતું. વાલરામ પ્રાગટ્ય શતાબ્દીનું મહત્વ સમજાવતાં તેમણે જણાવ્યું કે, જ્યારથી આ શતાબ્દી શરૂ થઈ છે ત્યારથી લોકોના મન અને સંજોગો બદલાઈ ગયા છે. વલસાડની વાડી માટે તેમને હજુ એક વર્ષ પહેલાં જ ૨૦૨૫માં ઠેબા ખાવા પડ્યા હતા. ખૂબ જ મહેનત કરવી પડી હતી, પરંતુ આ શતાબ્દી શરૂ થઈ જતાં તેનું પુણ્ય એટલું છે કે હવે તેમને ઓધવ ભક્તો દ્વારા સામેથી કોરો ચેક આપી અને કહેવામાં આવે છે કે તમે રકમ ભરી અને જે દાનની જરૂર હોય તે લઈ લો અને તે દાનની રકમ લખીએ તો ભક્તો કહે છે કે મહારાજ આ તો ઘણી ઓછી રકમ તમે લખી છે, હજુ લો.

તેમણે મહિલા શક્તિની પ્રશંસા કરતાં જણાવ્યું કે, ભાઈઓથી પણ વધારે બહેનોની ઉદારતા છે. તેમને બહેનોએ જણાવ્યું કે, હવે આટલી ઉંમરે તમારે પદયાત્રા કરવાની અને પગ ઘસવાની શી જરૂર છે. અમે બધા બહેનો અમારા સોનાના દાગીનામાંથી થોડા થોડા ગ્રામ પણ આપી દેશું ને તો વાપીની વાડી બની જશે. તેમણે જણાવ્યું કે, વાલરામ શતાબ્દી વર્ષ શરૂ થયા પછી શાશ્વત સુખ, શાંતિ તથા સમજણ પ્રાપ્ત થઈ રહી હોય એવું લાગે છે.

તેમણે જણાવ્યું કે, તેમનું અને સર્વે સંતોનું જીવન જ્ઞાતિ માટે કે દેશ માટે જ મર્યાદિત નથી, પરંતુ સમગ્ર વિશ્વના કલ્યાણ માટે છે. શતાબ્દી વર્ષનો ભક્તો ઉપર પડેલા પ્રભાવ અંગે તેમણે જણાવ્યું કે, હજુ ગયા વર્ષે લોકોના ઘણા બધા રૂપિયા ડૂબી જતા હતા, પરંતુ શતાબ્દી વર્ષ શરૂ થયા પછી પૈસા જ્યાં ચાલ્યા જતા હતા તે પૈસા ચાલ્યા જવાનું બંધ થઈ ગયું છે અને આવક શરૂ થઈ ગઈ છે તે પૂજ્ય ભગવાન ઓધવરામ મહારાજ અને પૂજ્ય વાલરામ મહારાજની જ કૃપા ગણી શકાય. તેમણે જણાવ્યું કે, ભેગા થવું અને ભેગા રહેવું તેમાં ઘણો જ મોટો ફર્ક છે, પરંતુ અનુશાસન અને શાંતિથી બધા જ ભક્તો ભેગા રહેશે તેવું તેમને લાગે છે. સદ્‌ગુરુ ભગવાન વાલરામ પ્રાગટ્ય શતાબ્દી મહોત્સવ અંતર્ગત પૂજ્ય સંત શ્રી હરિદાસજી મહારાજના આશીર્વાદ અને પ્રેરણાથી સાકાર થઈ રહેલા ૪૦૫ ફ્લેટ્સના ભવ્ય પ્રોજેક્ટ (ઓધવ આવાસ) અંતર્ગત પ્રથમ ચરણના ૧૦૦ ફ્લેટ્સનું નિર્માણ કાર્યના શુભારંભના મંગલ અવસરની ઉજવણી નિમિત્તે કુલ ૧૦૦ ફ્લેટ માટે લક્કી ડ્રોથી ચિઠ્ઠી કાઢવામાં આવી હતી, જેમાં કચ્છના તેરા, બિટ્ટા, વમોટી, જખૌ, ધૂણઈ, ભવાનીપર, ડોણ, નાગીયારી, શીરવા , રામપર, મોથાળા, કોટડા, ઐડા, છાડુરા, ભાચુંડા, રાજડા જેવા કચ્છના જુદા જુદા ગામના મૂળ વતની કે જે લોકો મુંબઈમાં રહે છે તેમના નામ નીકળ્યા હતા અને આવી રીતે એક જ બિલ્ડિંગમાં કચ્છના એવા ભાનુરત્નો એકબીજાની હુંફમાં પૂજ્ય મહારાજશ્રીની કૃપાથી રહી શકશે "એક શામ ઓધવ કે નામ" નામના વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના એક માત્ર યજમાન "ભગવાન ઓધવરામ ભગવાન વાલરામ" હસ્તે રાહુલ મંજુલાબેન દેવજી નંદા, બિટ્ટાવાળા પરિવાર - વસઈ રહ્યા હતા. આ પ્રોજેક્ટના પાયાના પથ્થર સમાન દેવજીભાઈ નંદા પરિવાર તથા તુલસીભાઈ દામા, દેવજીભાઈ નંદા, કનૈયાલાલભાઈ કટારીયા સહિતના અનેક ભાનુ દિગ્ગજો હાજર રહ્યા હતા. કાર્યક્રમનો પ્રારંભ પવિત્ર અને દિવ્યકૃપા વરસાવનારા વાલરામ ચાલીસાથી થયો હતો.

આ પછી કાર્યક્રમનું કચ્છી ભાષામાં, ખૂબ જ મીઠી લાગે તેવી મુંમ્બૈયા કચ્છી ભાષામાં તાંબાની રણકતી ઘંટડી જેવા મીઠા અવાજમાં સંચાલન કરતાં તન્વીબેન ભદ્રાએ પૂજ્ય હરિદાસજી મહારાજ વિશે વાત કરી અને કાર્યક્રમનું સંચાલન શરૂ કર્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, મહારાજશ્રીને આ પ્રોજેક્ટ માટે મળવા ગયા ત્યારે તેમણે આશીર્વાદ આપતા જણાવ્યું કે, "આ સમાજ મારો છે... આ બધા જ માણસો મારા છે.. એવી ભાવના રાખશો તો ચોક્કસ સફળતા મળશે". તુલસીભાઈ દામાએ જણાવ્યું હતું કે, શતાબ્દી વર્ષમાં સો જેટલા સારા કાર્ય કરવાનો નિર્ધાર છે અને તેમાંના મોટા ભાગના કાર્યો થઈ પણ ગયા છે એમાં હરિદાસજી મહારાજના આશીર્વાદ માર્ગદર્શન અને ભગવાન ઓધવરામજી મહારાજ તથા ભગવાન વાલરામજી મહારાજની કૃપા રહેલી છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સુરેશભાઈ દામાએ આ યોજનાની બહુ જ વિગતવાર માહિતી અને સમજણ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, નો લોસ, નો પ્રોફિટના ધોરણે બધા જ ભાનુરત્નોને પૂજ્ય હરિદાસજી મહારાજની ઈચ્છા મુજબ "પોતાની છત અને પોતાનું કાયમી સરનામું" મળે તેવા હેતુથી આ યોજના શરૂ કરવામાં આવી છે. હજુ વધારે ઓધવભવન પણ બનશે એટલે બાકીના બધા જ રહી ગયેલા ફ્લેટ ઈચ્છુકોને એમાં સમાવી લેવાશે.

ઓધવભવનમાં ત્રણ કેટેગરીના ફ્લેટ રહેશે એમાં ૩૬૦, ૩૯૦ ખને ૬૮૦ ચોરસ ફુટ કાર્પેટ એરિયાના ફ્લેટ બનાવવાની યોજના છે. એમણે માહિતી આપતા જણાવ્યું કે, અત્યાર સુધી ૧૮૧ ફોર્મ આવી ગયા છે. આ પ્રસંગે ડોમ્બીવલી સમાજ તથા સેવાભાવી સમાજ દ્વારા મુખ્યદાતા દેવજીભાઈ નંદાનું અભિવાદન અને સન્માન કરવામાં આવ્યું હતું. સાંજે સંધ્યાપાઠ થયા બાદ ગઝલ અને ભજનનો સંગીતમય કાર્યક્રમ યોજાયો હતો. ઓધવ મહારાસ અને ઓધવ મહાપ્રસાદ યોજાયો હતો. સદગુરુ પ્રેમીજનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

# સેવા હંમેશા અપેક્ષા વગર કરવી જોઈએ : ભગવતીદેવી મૂદુલાજી







**સિદ્ધિવિનાયક મંદિર પરબ્રહ્મ ઓધવધામ ભાનુભવનમાં યોજાયો દિવ્ય સત્સંગ કાર્યક્રમ : મોટી સંખ્યામાં બહેનો - માતાઓ, દીકરીઓએ આપી હાજરી : સદગુરૂ કુટિરના વિદ્વાન માતાજીએ વાણીપ્રસાદથી પાવન કર્યા**



ભુજ - કચ્છઉદય : પક્ષીઓમાં મનુષ્ય કરતાં પણ વધારે તેમના બચ્ચાઓને ઉછેરવા માટેની સંવેદના અને સૂઝ હોય છે. જ્યારે વરસાદ પડે છે ત્યારે પક્ષીઓ પોતાની પાંખ ફેલાવી અને પોતાના નાના બચ્ચાને વરસાદથી બચાવે છે. આવી જ રીતે ઘણી બધી તેમનામાં એવી વિશિષ્ટતાઓ છે કે કોઈ પણ અપેક્ષા વગર કુદરતના ક્રમના ભાગરૂપે પોતાના નાના બચ્ચાઓનું પાલનપોષણ કરે છે. તેઓ તેમના બચ્ચાઓ પાસે કોઈ પણ અપેક્ષા નથી રાખતા કે મોટા થઈને સેવા કરશે કે નહીં કરે. પરમાત્માએ બનાવેલી સૃષ્ટિ અદભુત છે અને તેના દરેક જીવો અદભુત છે. ફક્ત માણસ જ દિવસે દિવસે બુદ્ધિ વાપરે છે એટલે જ સંધ્યા પાઠમાં સંતોએ કોઈ માણસનું નહીં પરંતુ આવા મૂંગા પશુ અને અને પક્ષીઓના ઉદાહરણ આપ્યા છે. અપેક્ષા જ દુઃખનું કારણ છે. અપેક્ષા વગર સેવા કરવી તે પરમ તત્વનું કાર્ય છે. તેવું 'સદગુરુ કુટીર' રતડીયા ગણેશવાળા ભગવતી દેવી મૂદુલા માતાજીએ પરબ્રહ્મ મંદિર શ્રી સિદ્ધિવિનાયક મંદિર ઓધવધામ – ભાનુભવનમાં દિવ્ય સત્સંગ કરાવતા પુષ્પ વાણી પિરસતાં જણાવ્યું હતું. આ સત્સંગ કાર્યક્રમમાં બહેનો માતાઓ અને દીકરીઓ મોટી સંખ્યામાં હાજર રહી હતી અને વાણી પ્રસાદ બાદ ઓધવપ્રસાદ રૂપે ભોજનપ્રસાદ પણ યોજાયો હતો.

## રોઝા–૧૮

### કુફ્ર, કાફિર અને મુશરિક

**ઈફ્તાર : ૭:૦૨** | **સહેરી : ૫:૪૪**

કુર્આનના કેટલાક શબ્દોના સંદર્ભમાં જે ભ્રમણાઓ પ્રવર્તે છે, તેમાં કુફ્ર, કાફિર અને શિર્ક મુખ્ય છે. તેને લઈને વિઘ્નસંતોષી અને સમાજમાં વેરઝેર ફેલાવવા માંગતા લોકો તેના વિષે ખૂબ ભ્રમણાઓ ફેલાવે છે. એક આપત્તિના રૂપે કે પછી ફરિયાદના રૂપે એ વાત કહેવામાં આવે છે કે ઈસ્લામ મુસલમાનો સિવાય સંસારના બધા લોકો માટે 'કાફિર' કે 'મુશરિક' જેવા અપશબ્દોનો ઉપયોગ કરે છે. શબ્દ "કાફિર' વિષે એવું કેહવામાં આવે છે કે આમાં બિન મુસ્લિમ ભાઈઓ માટે અપમાન જનક, ઘૃણા અને તિરસ્કારની લાગણી વ્યક્ત કરવામાં આવેલ છે. અને બિન મુસ્લિમોને "કાફિર" કહી તેમણે મૂળ માનવ અધિકારોથી વંચિત કરી દે છે અને તેમનો જીવવાનો અધિકાર પણ છીનવી લે છે. વાસ્તવિક્તા આનાથી વિપિરિત છે. "કુફ્ર", "કાફિર'નો વાસ્તવિક અર્થ કુર્આનમાં 'કાફિર', 'કુફ્ર", 'શિર્ક' અને 'મુશરિક' વગેરે શબ્દો ઘણી જગ્યાએ પ્રયુક્ત થયા છે. 'કુફ્ર' શબ્દનો અર્થ પ્રસંગોને અનુરૂપ જુદો-જુદો થાય છે. જેમ કે ઈન્કાર, અવજ્ઞા, કૃતઘ્નતા, નિરાદર, સત્યને છુપાવવું, અધર્મ વગેરે 'કુફ્ર' કરવાળાને 'કાફિર' કહેવામા આવે છે. ધાર્મિક રીતે 'ઈસ્લામ'નો સરળ અર્થ અલ્લાહ સમક્ષ માથું નમાવી દેવાનો અને તેની આજ્ઞાઓનું સંપૂર્ણ પાલન કરવાનો થાય છે. 'ઈસ્લામ'ના અનુયાયીને "મુસ્લિમ' કહેવામા આવે છે. આમ 'ઈસ્લામ' કે 'મુસ્લિમ' શબ્દ ગુણવાચક છે. તે જ રીતે 'કુફ્ર', 'કાફિર' અને 'મુશરિક' જેવા શબ્દો પણ ગુણવાચક છે. તેથી તે કોઈના માટે પણ અપમાનજનક હોઈ શકતા નથી. 'કુફ્ર' કે 'કાફિર' એવા મુસલમાનો માટે પણ વપરાય છે, જેઓ ઈસ્લામ પ્રત્યે નિષ્ઠાવાન નથી. જેમ કે પયગંબર સાહેબે પોતાના અંતિમ ઉદબોધનમાં મુસલમાનોને કહ્યું કે, મારા પછી કાફિરના બની જજો કે એકબીજાના ગળા કાપવા લાગો". કુર્આનમાં કહેવામાં આવ્યું છે કે, જે લોકો અલ્લાહના અવતરિત કરેલ કાનૂન મુજબ ન્યાય ન કરે તેઓ જ કાફિર છે. (૫:૪૪) સ્પષ્ટ જણાય છે કે અહીં એવા લોકો તરફ નિર્દેશ છે, જેઓ ઈસ્લામના અનુયાયીઓ હોવા છતાં ઈસ્લામ પ્રત્યે નિષ્ઠાવાન ન હતા. કુર્આનમાં ઉલ્લેખ છે. "હવે જે કોઈ તાગુતથી કુફ્ર (ઈન્કાર) કરીને અલ્લાહ પર ઈમાન લઈ આવ્યો તેણે એક મજબૂત સહારો પકડી લીધો. (૨:૨૫૬) ઉપરોક્ત આયતમાં 'કુફ્ર' ઈન્કારના અર્થમાં છે. કુફ્રનો અર્થ છુપાવવાનો અને ઢાંકવાનો પણ થાય છે, જેમ કે એક ખેડૂત વીજને જમીનની ભીતર છુપાવી દે છે એટલે ખેડુતને પણ 'કાફિર' કહેવામાં આવ્યો છે. કુર્આનમાં ઉલ્લેખ છે. આનું દ્રષ્ટાંત એવું છે કે જાણે એક વરસાદ થઈ ગયો તો તેનાથી પૈદા થનારી ખેતી જોઈને 'કાફિરો" (ખેડુતો) ખુશ થઈ ? ઘણી જગ્યાએ આ શબ્દો કૃતઘ્નતા અને અપકારના અર્થમાં પણ પ્રયોજાય છે, એટલા માટે તમે મને યાદ રાખો, હું તમને યાદ રાખીશ, અને મારો આભાર માનો, 'કાફિર' (કૃતઘ્ન) ન બનો.

**-સૈયદ અલીઅસગર-ઢોરી**

**નોંધ : આ સમય ભુજ તથા માંડવી માટે છે.**
**બાકીના શહેરો અને ગ્રામીણ વિસ્તારોએ આ સમયને સ્થાનિક સમય સાથે મેળવી લેવું.**
**દા.ત. : નખત્રાણા ૨ મિનીટ ઉમેરવી (વધારવી), મુન્દ્રા ૨ મિનીટ બાદ કરવી (ઘટાડવી)**

# પરીક્ષાઓ માથે ત્યારે જ શિક્ષણ વિભાગને 'ગતકડાં' સૂઝ્યા

**અન્ય માધ્યમ પર મહેરબાની પણ માતૃભાષા ગુજરાતીની ઘોર અવગણના**

ભુજ - કચ્છઉદય : વાર્ષિક પરીક્ષાઓનો પ્રારંભ થવાને આરે છે અને લાખો વિદ્યાર્થીઓ આખરી તૈયારીઓમાં વ્યસ્ત છે, શિક્ષણ વિભાગે એક નવું 'ગતકડું' બહાર પાડીને ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ અને હજારો તાલીમી બેરોજગારોના જખમ પર મીઠું ભભરાવવાનું કામ કર્યું છે. શિક્ષણ નિયામકની કચેરી દ્વારા બહાર પાડેલા પરિપત્ર મુજબ હિન્દી, અંગ્રેજી કે અન્ય બિનગુજરાતી માધ્યમની શાળાઓમાં હવે ટેટ પરીક્ષા પાસ કર્યા વગર પણ સ્થાનિક કક્ષાએથી માત્ર લાયકાતના આધારે શિક્ષકોની ભરતી કરી શકાશે. નિર્ણય બાદ રાજ્યમાં શિક્ષણ જગતના નિષ્ણાતો અને વાલીઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે, કારણ કે છૂટછાટમાંથી ગુજરાતી માધ્યમને બાકાત રાખીને તેની સ્પષ્ટ અવગણના કરવામાં આવી છે.

અન્ય માધ્યમોમાં પાસ ઉમેદવારોની અછતને કારણે બાળકોનું શિક્ષણ બગડે છે, તેથી ૨૧,૦૦૦ રૂપિયાના માનદ વેતન સાથે ૧૧ માસના કરાર પર સીધી નિમણૂક કરાશે. પરંતુ હકીકતએ છે કે શાળાઓમાં સૌથી વધુ શિક્ષકોની ઘટ અને કથળતી સ્થિતિ ગુજરાતી માધ્યમમાં જ જોવા મળે છે. અંતરિયાળ ગામડાઓની અનેક શાળાઓ આજે પણ એક અથવા બે જ શિક્ષકના ભરોસે ચાલી રહી છે અથવા મુખ્ય વિષયોના શિક્ષકોના અભાવે ગરીબ વિદ્યાર્થીઓનું શિક્ષણ પાયમાલ થઈ રહ્યું છે. સવાલ એ ઉઠે છે કે શું અન્ય માધ્યમમાં શિક્ષણ બગડતું અટકાવવા નિયમો નેવે મૂકી શકાતા હોય, તો માતૃભાષામાં ભણતા લાખો ગરીબ બાળકો માટે આટલું 'ઓરમાયું' વર્તન શા માટે રાખવામાં આવી રહ્યું છે ? પરિપત્ર મુજબ ગુજરાતી માધ્યમમાં તક આપવામાં આવે તો ગામડાની શાળાઓને તાત્કાલિક શિક્ષકો મળી શકે તેમ છે. પરંતુ સરકારની બેધારી નીતિને કારણે ગુજરાતી માધ્યમના હજારો લાયક ઉમેદવારો તકથી વંચિત રહી ગયા છે. સોશિયલ મીડિયા અને આ મામલે ઉગ્ર આક્રોશ જોવા મળી રહ્યો છે અને તેને માતૃભાષાનું અપમાન ગણાવવામાં આવી રહ્યું છે. સરકાર અન્ય માધ્યમો માટે રાતોરાત નિયમો હળવા કરી શકતી હોય, તો માતૃભાષામાં ભણતા બાળકોના હિતમાં પણ સમાન નિર્ણય લેવો અનિવાર્ય છે.

**જય ઓધવરામના નાદથી વાતાવરણ ગુંજી ઉઠયું : ભકિત-ભાવ-સમર્પણનો રચાયો ત્રિવેણી સંગમ**

# જખૌથી પ્રસ્થાન થયેલ મંગલમય ઓધવજયોત રથનું ગાંધીધામ નગરીમાં ભવ્યાતિભવ્ય સ્વાગત-આગમન











પરમકૃપાળુ ગુરૂદેવ શ્રી હરિદાસજી મહારાજની દિવ્ય ચેતના અને ઓધવરામજીના આર્શીર્વાદથી ગાંધીધામની પાવનધરા પર ઉમટયો ભકિતનો સાગર

**ભાનુભવન સ્થિતી ઓધવધામ ખાતે આયોજિત દિવ્ય મહોત્સવમાં શ્રદ્ધાળુઓએ ઉમળકાભેર લીધો ભાગ : દર્શન માત્રથી ભકતોએ અનુભવી કૃતાર્થતા : ઓધવ જયોત રથનુ પરંપરાગત ઢોલ-નગારા અને પુષ્પવર્ષા સાથે કરાયું સામૈયુ**

ગાંધીધામ - કચ્છઉદય : વલસાડ ખાતે આકાર લઈ રહેલા નૂતન ઓધવધામ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપલક્ષમાં જખૌથી પ્રસ્થાન થયેલ મંગલમય 'ઓધવ જયોત રથ'નું ગાંધીધામ નગરીમાં ભવ્યાતિભવ્ય આગમન થતા સમગ્ર વાતાવરણ જય ઓધવરામના નાદથી ગુંજી ઉઠ્યું હતું. ભાનુભવન સ્થિત ઓધવધામ ખાતે આયોજિત આ દિવ્ય મહોત્સવમાં શ્રદ્ધાળુઓએ ઉમળકાભેર ભાગ લીધો હતો, જ્યાં રથના દર્શન માત્રથી ભક્તોએ કૃતાર્થતા અનુભવી હતી. નિર્ધારિત સમયે પધારેલી આ જ્યોતનું સામૈયું પરંપરાગત ઢોલ-નગારા અને પુષ્પવર્ષા સાથે કરવામાં આવ્યું હતું, ત્યારબાદ મહારાજ શ્રીની પાવન પ્રેરણાને વંદન કરી મહાનુભાવો દ્વારા મહાઆરતી ઉતારવામાં આવી હતી.

શ્રી સિંધી ભાનુશાલી મહાજન સરોવરના નેજા હેઠળ યોજાયેલા આ પ્રસંગે ગાંધીધામ અને આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ઓધવ પ્રેમીઓ ઉમટી પડ્યા હતા અને જ્યોતના દર્શન કરી ધન્યતા પ્રાપ્ત કરી હતી.

આ આખા આયોજનને સફળ બનાવવામાં પ્રમુખશ્રી ગંગારામભાઈ ભાનુશાલીના માર્ગદર્શન તળે સમગ્ર ટીમ દ્વારા સહિતના અગ્રણીઓએ જહેમત ઉઠાવી હતી, જેમના માર્ગદર્શન હેઠળ શિસ્તબદ્ધ રીતે દર્શન અને પ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તિ, ભાવ અને સમર્પણના ત્રિવેણી સંગમ સમાન આ કાર્યક્રમ ગાંધીધામના ભાનુશાલી સમાજ માટે એક યાદગાર સંભારણું બની રહ્યો અને સૌ કોઈએ વલસાડના આગામી મહોત્સવ માટે ઉત્સાહપૂર્વક મંગલકામનાઓ વ્યક્ત કરી હતી.

આ વેળાએ માધુભાઈ ભીમાણી, વિનોદ ભાઈ ભાનુશાલી, જીતુભાઈ ભાનુશાલી, ગિરીશભાઈ ભાનુશાલી, રાજેશભાઈ ભાનુશાલી, સતીશભાઈ ભાનુશાલી, ભગવતીબેન ભાનુશાલી, તુલસીબેન ભાનુશાલી, દક્ષાબેન ભાનુશાલી, કવીતાબેન ભાનુશાલી, માયાબેન ભાનુશાલી, ઉપસ્થિત રહયા હતા.

# અંજારની ક્રોસ ફરિયાદના કેસમાં અદાલતનો ચુકાદો

અંજાર - કચ્છઉદય : અંજાર પોલીસ મથકે વર્ષ ૨૦૧૨માં નોંધાયેલા ક્રોસ ફરિયાદના બે જુદા જુદા જુદા કેસોમાં અદાલતે મહત્વનો ચુકાદો આપ્યો છે, જેમાં એક પક્ષના આરોપીઓને સજા જયારે સામાપક્ષના આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા.

પ્રથમ કેસમાં ફરિયાદ પક્ષે સાક્ષીઓની જુબાની અને દસ્તાવેજી પુરાવાના આધારે આરોપી કાશીરામ કાનજી ખાંડેકાને તકસીરવાન ઠેરવી ૩ વર્ષની સાદી કેદ અને રૂા. ૧૩ હજારનો દંડ ફટકાર્યો છે. દંડની રકમમાંથી રૂા. ૧૦ હજાર ઈજાગ્રસ્ત પ્રવીણ ધરમશી ગઢવી અને રૂા. ૩ હજાર હરેશકુમાર મઢવીને ચુકવવા આદેશ કર્યો છે. આ કેસના અન્ય આરોપી મોહન કાનજી ખાંડેકા, રામજી કાનજી અને ગોવિંદ કાનજીને પણ તક્સીરવાન ઠેરવી છ માસની સાદી કેદ અને પ્રત્યેકને રૂા. ૧ હજારનો દંડ ફટકાર્યો છે. સામાપક્ષે નોંધાયેલ અન્ય કેસમાં આરોપીઓ પ્રવીણ મઢવી, હરેશ મઢવી અને અન્ય વિરૂદ્ધ ચાલેલી ટ્રાયલમાં કોર્ટે શંકાનો લાભ આપી આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો હતો. પ્રથમ કેસમાં મૂળ ફરિયાદી પક્ષે હેતલકુમાર જે. સોનપાર અને લીગલ લો ચેમ્બરના વકિલોએ હાજર રહી દલિલો કરી હતી.

# માતા-પિતાને વૃદ્ધાશ્રમ મોકલનારાઓના દાન ન સ્વીકારવા હર્ષ સંઘવીનો ધાર્મિક સંસ્થાઓને અનુરોધ



અમદાવાદ : અમદાવાદમાં આયોજિત એક શાળાના લોકાર્પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ સામાજિક મૂલ્યો પર ભાર મૂકતા એક મહત્વનું નિવેદન આપ્યું હતું. તેમણે ધાર્મિક સંસ્થાઓ અને મંદિરોના ટ્રસ્ટીઓને એક ખાસ વિનંતી કરી હતી કે જે લોકો પોતાના માતા-પિતાને વૃદ્ધાશ્રમમાં રાખે છે, તેવા લોકો પાસેથી મોટું દાન કે ચઢાવો સ્વીકારવો જોઈએ નહીં.

હર્ષ સંઘવીએ જણાવ્યું કે જે વ્યક્તિ પોતાના જીવતા જાગતા 'દેવ' સમાન માતા-પિતાની સેવા નથી કરી શકતી, તેના દ્વારા ધર્મના નામે કરવામાં આવતા દાનનો કોઈ અર્થ રહેતો નથી.

તેમણે અનુરોધ કર્યો કે ધાર્મિક સંસ્થાઓએ આવા વ્યક્તિઓના દાન સ્વીકારી તેમને 'ધાર્મિક' હોવાનું પ્રમાણપત્ર આપવાનું બંધ કરવું જોઈએ. જો કોઈ વ્યક્તિ ઘરમાં માતા-પિતાને દુ:ખી રાખીને મંદિરમાં લાખોનું દાન આપે, તો તે સ્વીકાર્ય ન હોવું જોઈએ. આ નિવેદન દ્વારા તેમણે સમાજમાં ફેલાઈ રહેલી વૃદ્ધાશ્રમની સંસ્કૃતિ સામે લાલ આંખ કરી છે અને યુવા પેઢીને પોતાના સંસ્કારો પ્રત્યે જાગૃત રહેવા અપીલ કરી છે.

"જેના ઘરે માતા-પિતા વૃદ્ધાશ્રમમાં હોય, તેના નામના પથ્થરો મંદિરોમાં ન લાગવા જોઈએ." - આ સુર સાથે તેમણે સામાજિક ક્રાંતિની હિમાયત કરી હતી.

# મુંદરા તાલુકા પંચાયતની અંતિમ બેઠક મળી : ૧૯ કરોડનું બજેટ પસાર







મુંદરા-કચ્છઉદય : મુંદરા સહિત કચ્છની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓના ભણકારા સંભડાઈ રહ્યા છે. મુંદરા તાલુકા પંચાયતની અંતિમ સામાન્યસભા મળી હતી. જેમાં બજેટને બહાલી અપાઈ હતી.

મુંદરા તાલુકા પંચાયત ખંડ ખાતે તાલુકા પંચાયત પ્રમુખ મહિપતસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને સામાન્યસભા મળી હતી. આ બેઠકમાં વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટ અને વર્ષ ૨૦૨૫-૨૬ના સુધારેલા અંદાજપત્રને બહાલી અપાઈ હતી. તા.પં. પ્રમુખે જણાવ્યું હતું કે, તાલુકાના તમામ ગામોમાં વિકાસના કામો થયા છે. ગરીબોને પ્લોટની ફાળવણી કરવામાં આવી છે. સાથે જ ગૌચર જમીન ગાયો માટે અનામત રહેવી જોઈએ. ગૌચર પર કોઈપણ દબાણ સ્વીકાર્ય રહેશે નહી. તાલુકાના વિકાસની ખુટતી કડીઓ પણ પૂર્ણ થઈ જશે તેવું વધુમાં જણાવ્યું હતું.

વિપક્ષના નેતા નવિનભાઈ ફફલે વિપક્ષે હમેશાં વિવાદ નહી પણ સંવાદને મહત્વ આપી વિકાસને સમર્થન આપ્યું છે. તાલુકા વિકાસ અધિકારી શ્રી ત્રિવેદીએ સતાપક્ષ, વિપક્ષ અને તાલુકા પંચાયત સ્ટાફગણનો આભાર વ્યક્ત કર્યો હતો. જિલ્લા પંચાયતના કૈલાસબા જાડેજાએ જણાવ્યું હતું કે, વિપક્ષની કામગીરી પણ સરાહનીય રહી હતી. તા.પં. પ્રમુખશ્રીએ સર્વે સહયોગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. આ બેઠકમાં સોમાભાઈ રબારી, કારોબારી ચેરમેન જયોતિબા જાડેજા, સા.ન્યાય સમિતિના ચેરમેન ગીતાબેન સોધમ, લક્ષ્મીબેન પાતરીયા, હરેન્દ્રસિંહ જાડેજા, યુવરાજસિંહ જાડેજા, અન્નપુર્ણાબા જાડેજા, ક્રિષ્નાબેન દાફડા, જયશ્રીબા ઝાલા, રઝિયાબેન તુર્ક, રમીલાબેન માતંગ, વિવિધ સરકારી વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા. નાયબ ટીડીઓ નિલકંઠ ગોસ્વામીએ સંચાલન અને નિર્મલસિંહ જાડેજાએ આભારવિધિ કરી હતી.

# મુંદરા પંથકના ગ્રામિણ વિસ્તારોમાં હોલી - ધૂળેટીની ઉજવણી

## પડતર દિવસના કારણે ઉજવણીમાં એક દિવસના અંતરથી કચવાટ


















મુંદરા - કચ્છઉદય : સામાન્ય રીતે દિવાળી અને નૂતન વર્ષના તહેવાર વચ્ચે ધોકો એટલે કે, પડતર દિવસ આવે છે. આ વર્ષે હોળી અને ધૂળેટીના તહેવાર વચ્ચે પડતર દિવસ આવી જતાં મુંદરા પંથકના રંગોત્સવ ઉજવવાના રસિકોમાં કચવાટ ફેલાયો હતો.

મુંદરા તાલુકાના બારોઈ, ભુજપુર, સમાઘોઘા, વિરાણિયા, ખાખર, બેરાજા, તુંબડી, કારાઘોઘા, ભદ્રેશ્વર, લુણી, વાઘુરા, બગડા, ફાચરિયા જેવા ગામોમાં હોળિકાદહન સાથે અધર્મ પર ધર્મના વિજયના પ્રતિક સમાન હોળીનો તહેવાર ભક્તિભાવ સાથે ઉજવાયો હતો. નવજાત બાળકોને હોળીના ફેરા ફરાવી લોકોએ પરંપરા નિભાવી હતી. મુંદરા શહેરમાં પણ હોળી - ધુળેટીની ઉલ્લાસભેર ઉજવણી થઈ હતી.

નગરપાલિકા પ્રમુખ રચનાબેન જોષી, કારોબારી ચેરમેન ભોજરાજ ગઢવી, તાલુકા ભાજપ પ્રમુખ શક્તિસિંહ જાડેજા, અરવિંદભાઈ પટેલ, સર્વ સેવા સંઘના પ્રમુખ જીગરભાઈ છેડા, ધર્મેન્દ્રભાઈ જેસર, મહિપતસિંહ જાડેજા, જીગ્નેશ હુંબલ, કિશોરસિંહ પરમાર, ડાયાલાલ આહિર, રામભાઈ ગઢવી, કરણભાઈ મહેતા, કિશોરભાઈ પિંગોળ, નારાણભાઈ સોંધરા, સોમાભાઈ રબારી, લાલુભા જાડેજા, માણેક ગઢવી, જિલ્લા પંચાયતના સદસ્ય પ્રધ્યુમનસિંહ જાડેજા, રાજુ સત્યમ, કુલદીપસિંહ જાડેજા, રામભા ગઢવી, માંડણ રબારી, દેશીભાઈ પાતારિયા, વિરમભાઈ ગઢવી, જામ સાહેબ વગેરેએ મુંદરા પંથકવાસીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

# રાપર પાલિકા ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરાઈ





ગાંધીધામ - કચ્છઉદય : આઠમી માર્ચ એટલે વિશ્વ મહિલા દિવસની ઉજવણી રાપર નગરપાલિકા કચેરી ખાતે તાલુકા પંચાયત પ્રમુખ કેશરબેન બગડા તથા પાલિકાના પ્રમુખ ચાંદભાઈ ભીંડેના અધ્યક્ષ સ્થાને પાલિકા તથા એકલનારી શકિત મંચના સંયુક્ત ઉપક્રમે મહિલા દિવસની ઉજવણી કરાઈ હતી.

દિપ પ્રાગટય મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપપ્રમુખ બબીબેન સોલંકી, શહેરના પ્રથમ મહિલા સોનુબેન ભીંડે, ધારાસભ્યના પીએ વિનુભાઈ થાનકી, દક્ષાબેન ગોસ્વામી, મુનીરાબાનુ ખત્રી, હેતલ ધોળકિયા, પિંકલબેન રબારી, હેતુભા રાઠોડ, મહેશ સુથાર, આશિષ ગોસ્વામી, બધીબેન પટેલ, હલીમાબેન, શેરબાનુ, અનિલભાઈ, હસુમતિબેન સોની, અનવરશા બાપુ, શિતલબેન જામ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# રાપર પોલીસ દ્વારા મહિલા દિવસની ઉજવણી કરાઈ



ગાંધીધામ - કચ્છઉદય : વિશ્વ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે રાપર પોલીસ સ્ટેશન ખાતે પીઆઈ જે.બી. બુબડીયાના વડપણ હેઠળ ઉજવણી કરવામાં આવી હતી. પીએસઓ એએસઆઈ નિલમબેન આહિર, પિંકલબેન રબારી, હેતલ ધોળકિયા, ઉર્વશી સોલંકી, વર્ષા કોલી, જાગૃતિબેન ગામોટ, કલ્પનાબેન મકવાણા, રંજન મુલીયાણા તથા મહેશભાઈ પટેલ, બાબુભાઈ કારોત્રા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. પોલીસમા ફરજ બજાવતી મહિલાઓએ મંતવ્ય આપ્યું હતું. મહિલાઓની વિવિધ યોજનાઓ અંગે માહિતી આપી હતી.

# રાજ્ય કક્ષાના તાલીમ કેમ્પમાં પશ્ચિમ કચ્છના હોમગાર્ડ જવાનોનો દબદબો

**સાંસ્કૃતિક કાર્યક્રમ અને લાઈન લે-આઉટમાં સમગ્ર રાજ્યમાં પ્રથમ : ભુજ યુનિટના સિકંદર કુંભાર રાજ્યના ટોપ-૩ બેસ્ટ કેડેટમાં સ્થાન પામ્યા: જિલ્લા કમાન્ડન્ટ મનિષ બારોટે વિજેતા જવાનોને બિરદાવ્યા**



ભુજ: વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના જરોદ સ્થિત ગુજરાત રાજ્ય હોમગાર્ડ સેન્ટ્રલ ટ્રેનીંગ સેન્ટર ખાતે આયોજિત ૧૨ દિવસીય રાજ્ય બેઝિક તાલીમ કેમ્પમાં પશ્ચિમ કચ્છ જિલ્લાના હોમગાર્ડ જવાનોએ પોતાની અપ્રતિમ શિસ્ત અને કૌશલ્યનું પ્રદર્શન કરીને સમગ્ર રાજ્યમાં કચ્છનું નામ રોશન કર્યું છે. ગત તારીખ ૨૩ ફેબ્રુઆરીથી ૬ માર્ચ સુધી યોજાયેલા આ સઘન તાલીમ કેમ્પમાં રાજ્યના તમામ જિલ્લાના જવાનોએ ભાગ લીધો હતો, જેમાં પશ્ચિમ કચ્છ જિલ્લાના ભુજ, કેરા, મુન્દ્રા, નખત્રાણા, નલિયા, દયાપર અને પાનધ્રો યુનિટના કુલ ૩૫ જવાનોએ ભાગ લઈને પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી છે.

આ તાલીમ કેમ્પ દરમિયાન જવાનોને શારીરિક તાલીમ, યોગા, સ્કોડ ડ્રીલ, લાઠી ડ્રિલ, આર્મ્સ ડ્રિલ સહિત .૩૦૩ વેપન ટ્રેનીંગ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ જેવી વિવિધ મહત્વપૂર્ણ તાલીમ આપવામાં આવી હતી. આ તમામ સ્પર્ધાત્મક પ્રવૃત્તિઓમાં પશ્ચિમ કચ્છ જિલ્લાએ સાંસ્કૃતિક કાર્યક્રમ અને બેસ્ટ લાઈન લે-આઉટમાં સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમ મેળવીને ઝળહળતી ટ્રોફીઓ પોતાના નામે કરી હતી. વ્યક્તિગત સિદ્ધિઓમાં ભુજ યુનિટના સિકંદર કુંભારે રાજ્ય કક્ષાએ બેસ્ટ કેડેટ તરીકે તૃતીય સ્થાન પ્રાપ્ત કરી મેડલ અને પ્રમાણપત્ર મેળવ્યું હતું. આ ઉપરાંત ભુજ યુનિટના જ કુલદીપસિંહ આર. પરમાર અને ભવ્યરાજ જી. રાઠોડને પણ તેમના શ્રેષ્ઠ પ્રદર્શન બદલ રાજ્ય કક્ષાએ પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

પશ્ચિમ કચ્છ જિલ્લા હોમગાર્ડની આ શાનદાર સફળતા બદલ જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ મનિષ બારોટે તમામ વિજેતા જવાનોને રૂબરૂ મળીને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જવાનોના ઉત્સાહને વધારતા જણાવ્યું હતું કે, પશ્ચિમ કચ્છના જવાનોએ રાજ્ય કક્ષાએ જે શિસ્ત અને સમર્પણ દાખવ્યું છે તે સમગ્ર જિલ્લા માટે ગૌરવની વાત છે. તેમણે જવાનોને આગામી સમયમાં પણ આવી જ રીતે પશ્ચિમ કચ્છ જિલ્લા હોમગાર્ડનું નામ રોશન કરતા રહેવા માટે પ્રોત્સાહિત કરી ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી.

# કચ્છ ભાજપ સંગઠન પ્રભારી આવતીકાલથી જિલ્લાના બે દિવસીય પ્રવાસે



ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના સંગઠન પ્રભારી ફલજીભાઈ ચૌધરી આવતીકાલે કચ્છના બે દિવસીય પ્રવાસી આવી રહ્યા છે. કચ્છ જિલ્લાના પ્રભારી બન્યા બાદ તેમનો આ પ્રથમ પ્રવાસ હોઈ જિલ્લા સંગઠનમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આવતીકાલે તા. ૯-૩ના સવારે તેઓ કચ્છ કમલમ ખાતે જિલ્લાના હોદ્દેદારો, મંડલ પ્રભારીઓ, મોરચાના હોદ્દેદારો સાથે બેઠક કરશે. ત્યારબાદ પક્ષના સિનિયર આગેવાનો સાથે બેઠક કરશે. બપોરે ૩ કલાકે તેઓ માતાનામઢ ખાતે મા આશાપુરાના દર્શન કરી લખપત તાલુકાના કાર્યકર્તાઓ સાથે બેઠક કરશે. સાંજે નખત્રાણા સર્કિટ હાઉસ ખાતે તાલુકાના મુખ્ય કાર્યકરો સાથે બેઠક કરશે. તા. ૧૦-૩ના સવારે ૯:૩૦ કલાકે કચ્છ કમલમ ખાતે ભુજ શહેર મંડલના હોદ્દેદારો સાથે બેઠક કરશે. બપોરે ૧૧:૩૦ કલાકે અંજારના લક્ષ્મીનારાયણ મંદિરે મંડળના હોદ્દેદારો સાથે બેઠક ત્યારબાદ શહેરના હોદ્દેદારો સાથે ટિફિન બેઠક કરશે. જયારે બપોરે અટલ વડલો ભચાઉ ખાતે તેઓ ભચાઉ શહેર તેમજ તાલુકા મંડલના હોદ્દેદારો સાથે મુલાકાત કરશે તેવું કચ્છ જિલ્લા ભાજપની યાદીમાં જણાવાયું છે.

## પહેલા પાનાથી...

### ઈરાન યુદ્ધમાં

તે હવે ઈતિહાસ બની ગયું છે. અમે તેમની નૌકાદળ અને વાયુસેનાની ક્ષમતાઓને પાયમાલ કરી દીધી છે." તાજેતરમાં ઈરાનમાં છોકરીઓની એક શાળા પર થયેલા બોમ્બમારા અંગે જ્યારે પત્રકારોએ ટ્રમ્પને પૂછ્યું, ત્યારે તેમણે અત્યંત કડક શબ્દોમાં આ હુમલામાં અમેરિકાની સંડોવણીનો ઈનકાર કર્યો હતો. ટ્રમ્પે ઉલટાનું ઈરાન પર જ નિશાન સાધતા કહ્યું કે, "ઈરાની શસ્ત્રો અને તેમનો દારૂગોળો એકદમ નબળો અને ક્ષતિયુક્ત છે. તેઓએ પોતાની જ બેદરકારીને કારણે પોતાની શાળા પર બોમ્બ ફેંક્યો હશે. અમેરિકા ક્યારેય નિર્દોષ બાળકોને નિશાન બનાવતું નથી." તેમણે વધુમાં ઉમેર્યું કે ઈરાન પોતાની નિષ્ફળતાઓ છુપાવવા માટે અમેરિકા પર ખોટા આક્ષેપો કરી રહ્યું છે.રાષ્ટ્રપતિ ટ્રમ્પે ભારપૂર્વક જણાવ્યું કે અમેરિકા આ યુદ્ધ માત્ર લડી નથી રહ્યું, પણ "મોટા માર્જિન"થી જીતી રહ્યું છે. તેમના મતે, ઈરાની નેતૃત્વ પાસે હવે કોઈ રસ્તો બચ્યો નથી. તેમણે સંકેત આપ્યા કે અમેરિકી વાયુસેનાએ ઈરાનના મહત્વના વ્યૂહાત્મક ઠેકાણાઓ, મિસાઈલ સેન્ટરો અને કમાન્ડ કંટ્રોલ યુનિટ્સને ધ્વસ્ત કરી દીધા છે.જોકે, ટ્રમ્પના આ દાવાઓ બાદ રશિયા અને ચીન જેવી વૈશ્વિક સત્તાઓએ હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપી નથી. બીજી તરફ, તેહરાનમાંથી આવતા અહેવાલો મુજબ, ઈરાની સૈન્ય હજુ પણ પ્રતિકાર કરી રહ્યું હોવાના દાવા કરવામાં આવી રહ્યા છે. પરંતુ ટ્રમ્પની આ 'વિજય ગર્જના'એ અમેરિકી જનતા અને સાથી દેશોના મનોબળને ચોક્કસપણે વેગ આપ્યો છે.રાષ્ટ્રપતિ ટ્રમ્પનું આ નિવેદન સાબિત કરે છે કે ૨૦૨૬નું આ યુદ્ધ હવે તેના નિર્ણાયક તબક્કે પહોંચ્યું છે. જો ટ્રમ્પનો દાવો સાચો સાબિત થાય, તો મધ્ય પૂર્વમાં દાયકાઓથી ચાલી આવતી ઈરાની દાદાગીરીનો કાયમી અંત આવી શકે છે. પરંતુ, શું ઈરાન પાસે હજુ પણ કોઈ 'સરપ્રાઈઝ' બાકી છે? તે જોવું રહ્યું.

### ઈરાનની જીવાદોરી

રાખ થઈ ગઈ છે. યુદ્ધ શરૂ થયાના એક અઠવાડિયામાં ઈરાનમાં મૃત્યુઆંક ૧,૨૩૦ ને પાર કરી ગયો છે, જ્યારે લેબનોનમાં ૨૯૦ થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે.આ હુમલો યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સોશિયલ મીડિયા પોસ્ટ બાદ થયો છે, જેમાં તેમણે સ્પષ્ટ ચેતવણી આપી હતી કે ઈરાન માટે આજનો દિવસ ખૂબ જ ખરાબ સાબિત થશે. ઈઝરાયલી સેનાએ આ હુમલાની જવાબદારી સ્વીકારતા જણાવ્યું છે કે તેઓ ઈરાનની લશ્કરી ઈંધણ સપ્લાય ચેઈનને સંપૂર્ણપણે નષ્ટ કરવા માંગે છે.

### ગુજરાત સ્થાનિક

મંજૂરી માટે નામોની યાદી પક્ષની સર્વોચ્ચ સમિતિ પાસે દિલ્હી મોકલવામાં આવશે. મનોજ સોરઠીયાએ પૂરા આત્મવિશ્વાસ સાથે જણાવ્યું છે કે ૨૦ માર્ચ પછી પક્ષ દ્વારા તમામ બેઠકો માટે પોતાના સત્તાવાર ઉમેદવારોના નામ જાહેર કરી દેવામાં આવશે.આમ આદમી પાર્ટી પોતાની આ પસંદગી પ્રક્રિયાને અત્યંત પારદર્શક અને લોકશાહી ઢબે ચલાવી રહી હોવાનો દાવો કરી રહી છે. પક્ષના પદાધિકારીઓ, સામાન્ય કાર્યકર્તાઓ અને સમર્થકોને પણ આ પ્રક્રિયામાં પોતાનો મત રજૂ કરવાની પૂરી તક આપવામાં આવશે.

### નોર્વે હચમચી

પડઘા દૂર દૂર સુધી સંભળાયા હતા, જેના કારણે સ્થાનિકોમાં ગભરાટ ફેલાયો હતો. વિસ્ફોટથી દૂતાવાસની આસપાસનો હુસેબી વિસ્તાર સંપૂર્ણપણે હચમચી ગયો હતો અને આકાશમાં ધુમાડાના ગોટા દેખાતા હતા.ઓસ્લો પોલીસ અને દેશની મુખ્ય સુરક્ષા એજન્સીઓ તાત્કાલિક કાર્યવાહીમાં લાગી ગઈ હતી અને પરિસ્થિતિની ગંભીરતાને જોતા તપાસ શરૂ કરવામાં આવી હતી. સદનસીબે, પ્રારંભિક અહેવાલોમાં કોઈ જાનહાનિ કે મિલકતને મોટું નુકસાન થયું નથી, પરંતુ આ ઘટનાએ સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે.

### મેદાનમાં ઉતરતા

મોદી સ્ટેડિયમ પરિસરમાં આવેલા હનુમાનજીના મંદિરે શીશ નમાવ્યું હતું.

વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ એવા નરેન્દ્ર મોદી સ્ટેડિયમની એક વિશેષતા એ છે કે તેના પરિસરમાં જ હનુમાનજીનું પ્રાચીન અને ભવ્ય મંદિર આવેલું છે. ઘણા ખેલાડીઓ અને ક્રિકેટ પ્રેમીઓ માટે આ મંદિર અત્યંત આસ્થાનું કેન્દ્ર છે. શનિવારે મેચની પૂર્વસંધ્યાએ જ્યારે આખું સ્ટેડિયમ પ્રેક્ટિસના અવાજથી ગુંજી રહ્યું હતું, ત્યારે હાર્દિક અને સંજુએ શાંતિથી મંદિરમાં જઈ હનુમાન ચાલીસાના પાઠ કર્યા હતા અને ભારતની જીત માટે આશીર્વાદ માંગ્યા હતા. ફાઈનલ જેવી દબાણવાળી મેચ પહેલા ખેલાડીઓ માટે માનસિક શાંતિ અને એકાગ્રતા અત્યંત જરૂરી હોય છે. હાર્દિક પંડ્યા અગાઉ પણ અનેકવાર ધાર્મિક સ્થળોની મુલાકાત લેતો જોવા મળ્યો છે. સંજુ સેમસન પણ તેની શાંત પ્રકૃતિ માટે જાણીતો છે. બંને ખેલાડીઓએ હનુમાનજીના દર્શન કરી આરતીમાં ભાગ લીધો હતો. મંદિરના પૂજારી દ્વારા ખેલાડીઓને વિજયી ભવના આશીર્વાદ અને પ્રસાદ આપવામાં આવ્યો હતો. ખેલાડીઓના દર્શનની આ વાત સોશિયલ મીડિયા પર વાયુવેગે ફેલાઈ હતી. ક્રિકેટ ફેન્સ આ બાબતને પોઝિટિવ ગણાવી રહ્યા છે. ચાહકોનું માનવું છે કે બજરંગબલીના આશીર્વાદથી ભારત ચોક્કસપણે ટ્રોફી જીતશે. અમદાવાદમાં રવિવારની સવારથી જ 'જય શ્રી રામ' અને 'ભારત માતા કી જય'ના નારા ગુંજી રહ્યા છે.

### અમદાવાદના વાસણા

તપોવન વિદ્યાવિહારના ઉદ્ઘાટન સમારંભમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, પૂ.આચાર્ય ભગવંત હંસકીર્તિ સૂરિશ્વરજી મહારાજ, ભવ્યકીર્તિ સૂરિશ્વરજી મહારાજની ઉપસ્થિતિ પ્રોત્સાહક બની રહી હતી. આ સમારંભમાં નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, આધુનિક શિક્ષણની અદ્યતન સુવિધાઓ આપતું આ વિદ્યા સંકુલ શિક્ષણની સાથે સાથે સંસ્કાર પણ આપશે. તપોવન વિદ્યાવિહાર વડાપ્રધાનના 'વિકાસ ભી વિરાસત ભી'ના સૂત્રને ચરિતાર્થ કરે છે, એવું તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે અમદાવાદ શહેરના મેયર પ્રતિભાબહેન જૈન, સ્થાનિક ધારાસભ્ય અમિતભાઈ શાહ, અમિત ઠાકર, પૂ. આચાર્ય ભગવંત હંસકિર્તી સૂરિશ્વરજી મહારાજ, ભવ્યકિર્તી સૂરિશ્વરજી મહારાજ સહિતના જૈન સાધુ-સંતો, જૈન અગ્રણીઓ અને લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### તમિલનાડુની

પોતાના નિર્ણયો લેવામાં મદદ કરશે. વિજયે લગ્ન સંબંધિત એક ખાસ યોજનાની પણ જાહેરાત કરી. આ યોજના હેઠળ, પરિણીત મહિલાઓને સરકાર તરફથી ૮ ગ્રામ સોનું અને રેશમી સાડી મળશે. આ યોજનાનો હેતુ ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને રાહત આપવાનો છે. ઘણા પરિવારો લગ્ન દરમિયાન વધતા નાણાકીય બોજનો સામનો કરે છે. વિજયે કહ્યું કે આ યોજના પરિવારોને થોડી રાહત આપશે.

### હોર્મુઝ સ્ટ્રેટથી

સ્ટ્રેટમાંથી ઓઈલનો પ્રથમ જથ્થો રવાના થયો છે, જે દર્શાવે છે કે ઓઈલનો પુરવઠો ધીમે ધીમે સામાન્ય થઈ રહ્યો છે. સરકારની સ્પષ્ટતા વિરોધી રાજકીય પક્ષોના આરોપો વચ્ચે આવી છે કે ઈંધણના ભાવ વધી શકે છે. આ આરોપોનો જવાબ આપતા, સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે આ સંપૂર્ણપણે પાયાવિહોણા છે.તેમણે સ્પષ્ટતા કરી કે અગાઉની ખાતરી ફક્ત પેટ્રોલ અને ડીઝલના ભાવ સંબંધિત હતી.

### ગાંધીનગરમાં મહેસૂલ

માનસિક તાજગી મળે અને પરસ્પર તાલમેલ વધે તે હેતુથી આ કાર્યક્રમ યોજાયો હતો.આ માત્ર એક ભોજન સમારંભ નહોતો, પરંતુ અધિકારીઓ વચ્ચે સ્નેહ અને સહકાર વધારવાનો એક સરાહનીય પ્રયાસ હતો.આ ખાસ કાર્યક્રમમાં વહીવટી ચર્ચાઓને બાજુ પર મૂકીને અધિકારીઓની સર્જનાત્મકતા ખીલવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. ટીમ બિલ્ડિંગના ભાગરૂપે પેઈન્ટિંગ (ચિત્રકલા) અને વિવિધ રમતગમતની સ્પર્ધાઓ યોજાઈ હતી, જેમાં અધિકારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રવૃત્તિઓ દ્વારા અધિકારીઓમાં ખેલદિલી અને 'ટીમ વર્ક'ની ભાવના વધુ પ્રબળ બની હતી. રાહત કમિશનર આલોક પાંડે, સેટલમેન્ટ કમિશનર બીજલ શાહ અને દ્દઢઈહ્વના ઉચ્ચ અધિકારીઓએ પણ આ સ્પર્ધાઓમાં જોડાઈને વાતાવરણને જીવંત બનાવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન દ્દઢઈહ્વના અધિકારીઓની ઉપસ્થિતિએ આપત્તિ વ્યવસ્થાપન અને મહેસૂલ વિભાગ વચ્ચેના પરસ્પર સમન્વયને મજબૂત બનાવ્યો હતો. અધિક મુખ્ય સચિવ જયંતિ રવિએ જણાવ્યું હતું કે, કલા અને રમતગમત જેવી પ્રવૃત્તિઓ માનવીને તણાવમુક્ત રાખે છે અને નવી ઉર્જા આપે છે, જે કાર્યક્ષમ વહીવટ માટે ખૂબ જ જરૂરી છે. જ્યારે અધિકારીઓ માનસિક રીતે સ્વસ્થ અને એકજૂથ હોય છે, ત્યારે તેઓ રાજ્યની જનતાની સેવા વધુ સારી રીતે કરી શકે છે.

કાર્યક્રમના અંતે પરંપરાગત 'પોટલક' ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તમામ અધિકારીઓએ સાથે મળીને ભોજન લીધું હતું. આ પદ્ધતિમાં દરેક વ્યક્તિ પોતપોતાના ઘરેથી વાનગીઓ લાવતા હોય છે, જે સામાજિક સમરસતા અને એકતાનું પ્રતીક છે. આ મિલન દ્વારા મહેસૂલ વિભાગના અધિકારીઓએ એક મજબૂત ટીમ તરીકે રાજ્યના વિકાસમાં યોગદાન આપવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

## રવજી લાલજી છાડવા વીસા ઓશવાળ જૈન બોર્ડિંગ દ્વારા

# સંસ્થાનો ૮૨મો સ્થાપના દિવસની ઉજવણી કરાઈ





ભચાઉ - કચ્છ ઉદય : રવજી લાલજી છાડવા વીસા ઓશવાળ જૈન બોર્ડિંગ સંસ્થા દ્વારા સંસ્થાના ૮૨માં સ્થાપના દિવસ પ્રસંગે વાર્ષિક ઉત્સવ સંસ્થાના પ્રમુખ છગનભાઈ શિવજીભાઈ નંદુના અધ્યક્ષસ્થાને ઉજવવામાં આવ્યો હતો અને તેમના દ્વારા જેમાં સવારે ધ્વજ વંદન દ્વારા કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે સંસ્થાના હોદેદારો તથા સમાજના ભાઈઓ તથા બહેનો અને શાળાનો સ્ટાફ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ સંસ્થાના પટાંગણમાં વાર્ષિકોત્સવની દીપ પ્રાગટ્ય મહેમાનો અને અતિથિવિશેષોના હસ્તે કરવામાં આવ્યું હતું.ત્યારબાદ શાળાના વિધાર્થીઓ દ્વારા પ્રાર્થના, સ્વાગત ગીત રજૂ કરાયું હતું અને સંસ્થાના પ્રમુખ દ્વારા સ્વાગત પ્રવચન અને મહેમાનોનું આવકાર અને પરિચય આપ્યો હતો. ત્યારબાદ શાળાના વિધાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા કે વ્યાયામ ના દાવ પિરામિડ , રાસ ગરબો, નાટક અને સોલો ડાન્સની રજૂઆત કરાઈ હતી. ત્યારબાદ પધારેલ મુખ્ય મહેમાનો અને અતિથિવિશેષઓનું તથા સમાજના મોવડીઓનું શાલ અને માળા દ્વારા સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં મુખ્ય મહેમાન માલતીબેન મહેશ્વરી - ધારાસભ્ય ગાંધીધામ, કુલદીપસિંહ વિરેન્દ્રસિંહજી જાડેજા - માજી પ્રમુખ ભચાઉ નગર પાલિકા, વિકાસભાઈ મોહનલાલ રાજગોર - મંત્રી, કચ્છ જિલ્લા ભાજપ, સંસ્થાના આધ વિધાર્થી મણિલાલભાઈ ગાલા (અનુપમ ગ્રુપ) ઉપસ્થિત રહ્યા હતા. માલતીબેન મહેશ્વરીએ પ્રસંગને અનુરૂપ પ્રવચન આપ્યો હતો અને સંસ્થાને શિક્ષણક્ષેત્રે કોઈ પણ કામ હોય તો મદદરૂપ થશે તે ખાતરી આપી હતી. યુવા આગેવાન અને આ શાળાના પૂર્વ વિધાર્થી કુલદીપસિંહ વિરેન્દ્રસિંહજી જાડેજાએ શાળામાં પોતાના સંસ્મરણો વણ્યા અને સંસ્થાને શિક્ષણક્ષેત્રે પ્રગતિ કરે અને તેમાં કોઈ પણ કામ હોય તેમાં મદદ રૂપ થવાની ખાતરી આપી હતી.

સંસ્થાના માનદમંત્રી લાલજીભાઈ કરશનભાઈ કારિયાએ પ્રાથમિક શાળા શરૂ કરી અને આગામી સમયમાં સંસ્થામાં વાણિજ્ય કોલેજ શરૂ કરવા માટે દરખાસ્ત કરેલ છે તે જણાવેલ સંસ્થાના આધ વિધાર્થી અને મુખ્ય મહેમાન મણિલાલભાઈ ભુરાલાલ ગાલાએ બોર્ડિંગ અને શાળામાં પોતાના સંસ્મરણો વણ્યા વાર્ષિક ઉત્સવ માં સમાજ ના મોવડીઓ અને ટ્રસ્ટીઓ વડીલાલભાઈ સાવલા, લક્ષ્મીચંદ ચરલા, લખમશીભાઈ નંદુ, વેલજીભાઈ નિસર, રાજેશભાઈ દેઢિયા, કરશનભાઈ ધનજીભાઈ કારીયા લાકડિયા વીસા ઓશવાળ જૈન કન્યા વિધાલયના ટ્રસ્ટી ભારતીબેન ગડા, મોડલ સ્કૂલના પૂર્વ આચાર્ય લાખાભાઈ કારિયા, સંસ્થાના નિવૃત શિક્ષકો ઈશ્વરભાઈ નાથાણી, શાંતિલાલભાઈ પ્રજાપતિ વગેરે ઉપસ્થિત રહેલ અને સંસ્થા દ્વારા તેમનું શાલ અને માળાથી સન્માન કરાયું હતું અને સંસ્થા વતી કાર્યક્રમમાં શાળામાં સહ અભ્યાસિક પ્રવૃત્તિ અંતર્ગત કરેલ સ્પર્ધાઓમાં સારો દેખાવ કરનાર વિધાર્થીઓને પ્રમાણપત્ર અને ઈનામ આપી સન્માનિત કરેલ. કાર્યક્રમમાં સંસ્થાના માનદ મંત્રી અમરશીભાઈ ગુણશીભાઈ સત્રાએ પ્રસંગોચિત પ્રવચન આપેલ અને કાર્યકમનું સંચાલન કરેલ.

કાર્યક્રમમાં સંગીતના સુરો સાથે ગીત અને દુહાઓની રજુઆત અને કાર્યક્રમનું સૂત્ર સંચાલન રસિકભાઈ ગીદરાએ પોતાની લાક્ષણિક છટા સાથે કરેલ. કાર્યક્રમની વ્યવસ્થા સંસ્થાના પ્રમુખ છગનભાઈ શિવજીભાઈ નંદુ, માનદમંત્રી લાલજીભાઈ કરશનભાઈ કારિયા તથા માનદમંત્રી અમરશીભાઈ ગુણશી ભાઈ સત્રા, રવજીભાઈ ધનજીભાઈ ગડા, ભાવેશભાઈ રાયશીભાઈ સાવલા તથા સંસ્થા દ્વારા સંચાલિત સાર્વજનિક હાઈસ્કુલ ના આચાર્ય હરેશભાઈ દરજી, પ્રાથમિક શાળાના આચાર્ય ઈકબાલભાઈ નારેજાએ સાંભળેલ અને વિધાર્થીઓને સાંસ્કૃતિક કાર્યક્રમ માટે માર્ગદર્શિત કરનાર શાળાના શિક્ષકો ધર્મેશભાઈ કાચા, જયેશભાઈ સોલંકી, મુકેશભાઈ માતા, દેવેન્દ્રસિંહ રાઠોડ, દિવ્યાબેન સોલંકી, દીપાલીબેન પરમાર જહેમત ઉઠાવી હતી. સાથે શાળાના કલાર્ક અશ્વિનભાઈ ગોસ્વામી, રાજુભાઈ રાઠોડ , ધીરૂભાઈ ભોજક, લિયુકેશભાઈ ખરાડી વગેરેએ અન્ય વ્યવસ્થા સાંભાળી હતી. કાર્યક્રમના અંતે સૌએ સાથે સમૂહપ્રસાદ લીધો. સંસ્થા દ્વારા વાર્ષિક ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

જોઈએ છે ગાંધીધામ માટે
સોલાર પેનલ
સાફ-સફાઈ કરી શકે તેવો માણસ જોઈએ છે.
90990 79342

# રાષ્ટ્ર નિર્માણમાં નારી શક્તિનું મહત્વપૂર્ણ યોગદાન : વિનોદ ચાવડા






### કચ્છ કમલમ ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે 'નારી પ્રતિભા સન્માન' કાર્યક્રમ યોજાયો : ભાજપ મહિલા મોરચા દ્વારા કચ્છના વિવિધ ક્ષેત્રની મહિલા શક્તિનું ગૌરવગાન કરાયું

ભુજ - કચ્છઉદય : આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના પવિત્ર અવસરે કચ્છ જિલ્લામાં નારી શક્તિના સન્માન અને સશક્તિકરણને વેગ આપવા માટે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મહિલા મોરચાના માર્ગદર્શન હેઠળ અને કચ્છના સાંસદ વિનોદ ચાવડા, ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીની પ્રેરક ઉપસ્થિતિમાં કચ્છ જિલ્લા ભાજપ મહિલા મોરચા દ્વારા 'નારી પ્રતિભા સન્માન કાર્યક્રમ' અત્યંત ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં યોજાયો હતો. ભુજ સ્થિત 'કચ્છ કમલમ' ખાતે આયોજિત આ કાર્યક્રમમાં જિલ્લાભરમાંથી વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિઓ હાંસલ કરનાર પ્રતિભાઓએ હાજરી આપી હતી, જેનાથી સમગ્ર વાતાવરણ નારી શક્તિના ગૌરવથી મહેકી ઉઠ્યું હતું. જેમાં હસ્તકલાના ક્ષેત્રે પાલીબેન રબારી, સ્પોટર્સ ક્ષેત્રે જયશ્રીબેન આહિર, કલા ક્ષેત્રે વૈશાલીબેન સોલંકી, સમાજ સેવા ક્ષેત્રે નયનાબેન ગોસ્વામી, પશુપાલન ક્ષેત્રે ચંદ્રિકાબેન ધોળુ, હસ્તકલા ક્ષેત્રે રાજીબેન વણકર, શિક્ષણ ક્ષેત્રે જાગૃતિબેન વકીલ, આરોગ્ય ક્ષેત્રે પ્રફુલાબેન ઠક્કરને સન્માનિત કરાયા હતા. સવારે ૯:૩૦ કલાકે દીપ પ્રાગટ્ય સાથે શરૂ થયેલા આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ નારી શક્તિના મહત્વ અને સમાજ નિર્માણમાં તેમના યોગદાન પર વિશેષ ભાર મૂક્યો હતો. કાર્યક્રમ દરમિયાન વક્તાઓએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આજે દેશની મહિલાઓ આત્મનિર્ભર બની રહી છે અને દરેક ક્ષેત્રમાં અગ્રેસર રહીને રાષ્ટ્રના વિકાસમાં પોતાનું અમૂલ્ય પ્રદાન આપી રહી છે. આ તકે કચ્છ જિલ્લાની જે મહિલાઓએ સામાજિક, શૈક્ષણિક અને આર્થિક ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરી છે, તેઓને 'નારી પ્રતિભા' તરીકે સન્માનિત કરવામાં આવી હતી. સન્માનિત થનારી મહિલાઓએ આ ક્ષણને ગર્વની ગણાવી હતી અને મહિલા મોરચાના આ પ્રયાસને બિરદાવ્યો હતો. કચ્છ જિલ્લા ભાજપ મહિલા મોરચા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપ મહામંત્રી હિતેશભાઈ ખંડોર, ભુજના નગર અધ્યક્ષા રશ્મીબેન સોલંકી જિલ્લાના પદાધિકારીઓ, કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં મહિલા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌ કોઈએ નારી શક્તિને વંદન કરી મહિલા સશક્તિકરણના અભિયાનને ગામે-ગામ સુધી પહોંચાડવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર આયોજને કચ્છમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીને યાદગાર બનાવી દીધી હતી. જિલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ પારૂલબેન કારાના માર્ગદર્શન હેઠળ પાર્ટી કાર્યકર્તાઓએ વ્યવસ્થા સંભાળી હતી.

# અંજારને મળેલી બે કોલેજોની ભેટ આ વિસ્તારમાં શિક્ષણની જ્યોતને વધુ પ્રજ્વલિત કરશે : ત્રિકમભાઈ છાંગા






### અંજાર ખાતે શહેરના વિવિધ વિકાસ કામોનું રાજ્યમંત્રીના હસ્તે લોકાર્પણ : અંજાર પ્રવેશદ્વાર, ગાર્ડન નવીનીકરણ, આઈકોનિક રોડ, બોક્સ ક્રિકેટ સહિતના કામોના લોકાર્પણ સાથે ડૉ.શ્યામાપ્રસાદ મુખરજીની પ્રતિમાનું કરાયું અનાવરણ

અંજાર - કચ્છઉદય : અંજાર ખાતે ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાના હસ્તે અંજાર શહેરના પ્રવેશદ્વાર, ગાર્ડન નવીનીકરણ, આઈકોનિક રોડ, બોક્સ ક્રિકેટ સહિતના વિકાસકામોનું લોકાર્પણ તથા ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જીની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજ્યમંત્રીએ ડૉ.શ્યામ પ્રસાદજીના વ્યક્તિત્વને પ્રેરણાદાયી ગણાવીને જણાવ્યું હતું કે, અંજાર શહેરમાં લાખોના ખર્ચે લોકાર્પણ કરાયેલા વિકાસ કામો શહેરીજનોને માટે લાભદાયી બનશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અંજાર શહેર માટે મંજૂર થયેલી પોલિટેકનિક તથા એગ્રીકલ્ચર કોલેજ શિક્ષણ ક્ષેત્રે આવનારી પેઢીને સુવિધા પ્રદાન કરશે. જેનાથી આવનારા સમયમાં શિક્ષણની જ્યોત આ વિસ્તારમાં વધુ પ્રબળ બનતા તેના મીઠા ફળ આ વિસ્તારને અવિરત મળતા રહેશે. આ પ્રસંગે તેમણે રાજ્ય સરકાર દ્વારા અંજાર વિસ્તારમાં આરોગ્ય, શિક્ષણ, રસ્તા તેમજ લોકલક્ષી અનેક વિકાસ કામોની છણાવટ કરીને આ વિકાસ યાત્રા આ જ રીતે અવિરત ચાલુ રહેશે તેમ જણાવ્યું હતું. આ સાથે જ વિકાસકામોની જવાબદાર નાગરિક તરીકે જાળવણી કરવા પણ તેમણે અપીલ કરી હતી.

લોકાર્પણ દરમિયાન નગર પાલિકા પ્રમુખ વૈભવ કોડરાણીએ નગરપાલિકા દ્વારા અંજાર શહેરમાં થયેલા વિકાસ કામોની માહિતી આપીને આવનારા સમયમાં નગરજનો માટે વધુ સુખાકારીના કામો કરવામાં આવશે તેમ ઉમેર્યું હતું. અંજાર પ્રાંત અધિકારી સુરેશ ચૌધરીએ જણાવ્યું હતું કે , લોકોની સુખાકારીએ રાજ્ય સરકારની પ્રાથમિકતા છે જે અનુસંધાને જ આજરોજ લાખોના ખર્ચે જે પણ વિકાસ કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે તે લોકો માટે ઉપયોગી સાબિત થશે. કાર્યક્રમમાં સંત ત્રિકમદાસજીએ આર્શીવચન આપતા નાગરિકોને જાહેર હિત તથા રાષ્ટ્રની સંપત્તિની જાળવણી કરવા અપીલ કરી હતી.

આ પ્રસંગે કારોબારી ચેરમેન પાર્થભાઈ સોરઠીયા, શાસક પક્ષના નેતા નિલેશગીરી ગોસ્વામી, સંત કીર્તિદાસજી, સંત દાદા માતંગ, આગેવાન કલ્પનાબેન ગોર, મશરૂભાઈ રબારી, સુરેશભાઈ ટાંક, હિતેનભાઈ વ્યાસ, ક્રિપાલસિંહ રાણા, અશ્વિનભાઈ સોરઠીયા, વસંતભાઈ કોડરાણી, ડેનીભાઈ શાહ, બલરામભાઈ જેઠવા, ગાયત્રીબા ઝાલા, વિજયભાઈ પલણ, અમરીશભાઈ સહિતના અગ્રણીઓ, નગર સેવકો તથા મોટી સંખ્યામાં નાગરિકો હાજર રહ્યા હતા.

# બુરકલથી હાજીપીર પાંચ કિલોમીટર રસ્તાનું ધારાસભ્ય કેશુભાઈ પટેલે કર્યું ખાતમુહૂર્ત




ભુજ - કચ્છઉદય : કચ્છ પંચાયત માર્ગ મકાન વિભાગ દ્વારા પાંચ કિલોમીટરનું અંતજીત ૫ કરોડના ખાતે માર્ગને રીર્સફેસીંગ ડામક કામ, મેટલ કામ સાઈડ સિલ્ડર રોડની મજબૂતીકરણના કામની ભુજ ધારાસભ્ય કેશુભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ વિનોદભાઈ હસ્તે ખાતમુહૂર્ત કરાયું હતું.

કેશુભાઈએ જણાવ્યું હતું કે, છેવાડાના માનવી સુધી ડબલ એન્જિન સરકારે જે કામગીરી કરી રહી છે. આ રસ્તો બનવાથી હાજીપીર, નખત્રાણા જવા માટે અને હાજીપીર દરગાહે આવતા પ્રવાસીઓને છારીઢંઢ જેવા વિસ્તાર સાથે જોડાઈ જતા પશ્ચિમ કચ્છના લોકો આ રસ્તે ધોળાવીરા, વાઈટ રણ ખાવડા સાથે જોડાઈ જશે. બાકી બુરકલથી ફુલાય સુધી રસ્તો ઝડપથી બનાવવા અધિકારીઅને સૂચના આપી હતી. મહેમાનોનું સ્વાગત કરાયું હતું. ધારાસભ્ય કેશુભાઈ પટેલનું સન્માન કરાયું હતું.

આ પ્રસંગે હઠુભા જાડેજા, હાજીપીર પોલીસ સ્ટેશનના પીએસઆઈ વી.ડી. ગોહિલ, મીજાનભાઈ, મામદ લકી જત, અમીનભાઈ જત, ભગાડિયા સરપંચ ભચાયા, જિલ્લા પંચાયત સદસ્ય ફકીરમામદ રાયશી, મુસા રાયશી લંગા, ઉપસરપંચ હાજા બાવા, અબ્બાસ મુજાવર, ફુલાય તા.પં. સદસ્ય હોતખાન મુતવા, મામદ સાલે, અબ્દ્રેમાનભાઈ, કોન્ટ્રાકટર, રાબડિયા, આરએન્ડબીના અધિકારી અને સ્ટાફ હાજર રહ્યો હતો. પૂજનવિધિ કમલેશ રાવલે કરાવી હતી. સંચાલન ઉમેશભાઈ આચાર્યે અને આભારવિધિ સરાડા સરપંચ ફકીરમામદભાઈએ કર્યું હતું.

# ગોવિંદપરમાં ઉંચા અવાજે વાત કરવા મુદ્દે ડખ્ખો

રાપર - કચ્છઉદય : તાલુકાના ગોવિંદપર ગામે ઉંચા અવાજે વાત કરવા મુદ્દે ડખ્ખો થયો હતો. ફરીયાદી સામાબેન કાનાભાઈ રાઘુભાઈ મેરા પટેલના જણાવ્યા પ્રમાણે આરોપી બાબુ બેચરાભાઈ મેરાએ ફરીયાદીને કહ્યું હતું કે, ઉંચા અવાજે ફોનમાં વાત કેમ કરો છો ? અમને ડિસ્ટર્બ થાય છે તેમ કહી ઘરમાં પ્રવેશ કરી ગાળો આપી પાવડા વડે માર મારી ઈજા પહોચાડતા રાપર પોલીસમાં ગુનો દાખલ કરાયો હતો.

# એલપીજી સિલિન્ડર બુકિંગમાં હવે ૨૧ દિવસનો 'લોક-ઈન પિરિયડ' ફરજિયાત

### ઈરાન યુદ્ધના પગલે નિયમો બદલાયા : વૈશ્વિક અસ્થિરતા વચ્ચે પેનિક બુકિંગ રોકવા ઓઈલ કંપનીઓનો મોટો નિર્ણય: ગ્રાહકોએ હવે રિફિલ માટે જોવી પડશે વધુ રાહ

ભુજ - કચ્છઉદય : મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના યુદ્ધની સીધી અસર હવે ભારતીય રસોડા અને ગેસ વિતરણ વ્યવસ્થા પર જોવા મળી રહી છે. વૈશ્વિક ઉર્જા બજારમાં સર્જાયેલી અસ્થિરતા અને પુરવઠાના અવરોધોને પહોંચી વળવા માટે સરકારી ઓઈલ કંપનીઓએ ઘરેલુ ગેસ સિલિન્ડરના રિફિલ બુકિંગના નિયમોમાં મહત્વનો ફેરફાર કર્યો છે. નવા નિયમ અનુસાર હવે ગ્રાહકો માટે ૨૧ દિવસનો 'લોક-ઈન પિરિયડ' ફરજિયાત કરવામાં આવ્યો છે. આનો અર્થ એ છે કે ગ્રાહકોએ અગાઉના સિલિન્ડરની ડિલિવરી લીધાના ઓછામાં ઓછા ૨૧ દિવસ પછી જ નવું સિલિન્ડર બુક કરાવી શકશે. અત્યાર સુધી આ મર્યાદા ૧૫ દિવસની હતી, પરંતુ યુદ્ધ જેવી સ્થિતિમાં લોકો દ્વારા કરવામાં આવતા 'પેનિક બુકિંગ' અને સંગ્રહખોરીને અટકાવવા માટે આ કડક પગલું ભરવામાં આવ્યું છે.

ઈરાન અને સમગ્ર મિડલ ઈસ્ટમાં વધતા તણાવને કારણે દરિયાઈ વેપાર માર્ગો પર જોખમ વધ્યું છે, જેના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ગેસના ભાવમાં ઉછાળો આવ્યો છે. સાતમી માર્ચ ૨૦૨૬થી ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતમાં પણ અંદાજે ૬૦ રૂપિયાનો વધારો ઝીંકવામાં આવ્યો છે. ઓઈલ કંપનીઓએ સોફ્ટવેરમાં ફેરફાર કરીને બુકિંગની સમય મર્યાદા વધારી દીધી છે જેથી જરૂરિયાતમંદ પરિવારોને સમયસર ગેસ મળી રહે અને બજારમાં કૃત્રિમ અછત ન સર્જાય. કચ્છ જિલ્લાના ગ્રાહકો માટે ગેસ એજન્સીઓએ સ્પષ્ટતા કરી છે કે દેશમાં ગેસનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ હોવાથી ગભરાવાની જરૂર નથી, પરંતુ ડિલિવરી સમયે આવતો ડીએસી કોડ આપવો હવે વધુ અનિવાર્ય બનશે જેથી વિતરણમાં સંપૂર્ણ પારદર્શિતા જળવાઈ રહે.

# ગઢશીશામાં સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત કાર્યક્રમ યોજાયો : દેવી ચંદુમાએ દિપ પ્રાગટય કર્યું

### તાલુકાના વહિવટી અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ગ્રામ પંચાયતે કર્યું સુચારૂ સંયોજન : સેવા સેતુ કેમ્પનો લાભાર્થીઓએ લીધો લાભ




ગઢશીશા - કચ્છઉદય : રાજ્ય સરકાર દ્વારા લોકોને ઘર આંગણે યોજનાકીય લાભ મળી રહે તે માટે રજૂ કરવાના થતા જરૂરી દસ્તાવેજી ડોક્યુમેન્ટ માટે લાભાર્થીઓને તાલુકા કક્ષાએ જવું ન પડે તે માટે રાજ્ય સરકારની સેવાસેતુ યોજના કાર્યક્રમ અંતર્ગત ગઢશીશા ગ્રામ પંચાયત દ્વારા જૈન સમાજવાડી હોલ મધ્યે આયોજન કરવામાં આવ્યું હતું, જેનો મોટી સંખ્યામાં લાભાર્થીઓએ લાભ લીધો હતો.

સેવાસેતુ કાર્યક્રમનું અંબેધામના દેવી ચંદુમાના હસ્તે દિપ પ્રાગટય દ્વારા પ્રારંભ કરાયો હતો. ગામના સરપંચ કોમલબેન ગોસ્વામીની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં મામલતદાર શ્રી જેઠવા, તાલુકા વિકાસ અધિકારી શ્રી માજીરાણા, રાજકીય અગ્રણીઓમાં કેશવજીભાઈ રોશિયા, તા.પં. સદસ્ય હરેશભાઈ રંગાણી, તા. ભાજપ મંત્રી ખુશીબેન ચોથાણી, આઈસીડીએસના તરૂણાબેન નાકર, આરોગ્ય અધિકારી હાર્દિકભાઈ પંડ્યા, પશુ સંવર્ધક ધવલ દેસાઈ, ગોવિંદભાઈ ચાવડા સહિતના હાજર રહ્યા હતા. વહિવટી સ્ટાફે જહેમત ઉઠાવી હતી. વિવિધ રાજકીય તેમજ સામાજિક અગ્રણીઓની ઉપસ્થિતિમા કરાયો હતો, જેમાં જિલ્લા પંચાયત સામાજિક ન્યાય સમિતિના પૂર્વ ચેરમેન શિવજીભાઈ રોશિયા, તા. પં. સદસ્ય હરેશભાઈ રંગાણી, તા.ભાજપ મંત્રી ખુશીબેન સુનિલભાઈ ચોથાણી, ગોવિંદભાઈ ચાવડા, ઉપસરપંચ વિજયભાઈ છાભૈયા સહિતના ગ્રામ પંચાયત સદસ્યો તેમજ સામાજિક અગ્રણીઓ, પ્રદિપભાઈ ચાવડા, રાજુભા કેશુભા જાડેજા, નાનજી ખીમજી આહુ, રમેશભાઈ ખત્રી સહિતના અગ્રણીઓ સેવા આપનાર આઈસીડીએસ તરૂણાબેન નાકર, આરોગ્ય અધિકારી હાર્દિક પંડ્યા, પશુ સંવર્ધક ડો. ધવલ દેસાઈ, અલ્પાબેન નાથબાવા, પ્રભાબેન કે. પટેલ, દક્ષાબેન રાજગોર, રાજવી બારોટ સહિતનાઓએ સેવા આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા ગ્રામ પંચાયત તલાટી મંત્રી અનિલભાઈ પટેલ, અર્જુનસિંહ, ભવ્ય સોની, નવીનભાઈ આહુ સહિતનાઓએ વ્યવસ્થા સંભાળી હતી. સરપંચ પતિ સંજયગિરિ ગોસ્વામીએ આભાર માન્યો હતો.


## હાર્દિક અભિનંદન



**શ્રીમતી ચેતનાબા પી.જાડેજા**

નારી સમાજ રત્ન

પ્રમુખશ્રી, શ્રી ગુજરાત રાજય રાજપુત ક્ષત્રિય સંકલન સમિતિ મહિલા પાંખ
પ્રમુખશ્રી, શ્રી કચ્છ જીલ્લા રાજપુત (ક્ષત્રિય) મહિલા સભા
વાઈસ ચેરમેન, શ્રી કચ્છ રાજપુત (ક્ષત્રિય) કન્યા છાત્રાલય, ભુજ

ગુજરાત રાજય રાજપુત ક્ષત્રિય સંકલન સમિતિના મહિલા પાંખના પ્રમુખ બનવા બદલ ખૂબ ખૂબ શુભેચ્છાઓ સહ અભિનંદન...

**કચ્છ જીલ્લા રાજપુત ક્ષત્રિય મહિલા સભા**

- અલ્પાબા એચ.ચુડાસમાઃ ઉપપ્રમુખ
- જયાબા ડી.ઝાલાઃ ઉપપ્રમુખ
- વિલાસબા વી.વાઘેલા ઉપપ્રમુખ
- પ્રફુલબા આર.જાડેજાઃ મહામંત્રી
- ગીતાબા ટી.ગોહિલઃ મંત્રી
- પ્રિતિબા એમ.જાડેજાઃ મંત્રી
- ગીતાબા આઈ.ચુડાસમાઃ ખજાનચી
- હંસાબા આર.જાડેજાઃ સહખજાનચી
- જાગૃતીબા પી.જાડેજાઃ સહમંત્રી
- સરોજબા ડી.ઝાલાઃ સહમંત્રી
- ગીતાબા પી.જેઠવાઃ કન્વીનર
- ડીમ્પલબા આર.ગોહિલ : સહકન્વીનર
- જીજ્ઞાબા જે.જાડેજા : સહકન્વીનર

**કચ્છ જીલ્લા રાજપુત ક્ષત્રિય મહિલા સભા (ભુજ શહેર)**

- ઉર્મિલાબા એ.ચુડાસમાઃ પ્રમુખ
- સરોજબા કે.જાડેજાઃ ઉપપ્રમુખ
- કુસુમબા ટી.જાડેજા : ઉપપ્રમુખ
- ભાવનાબા એચ.સોઢા : ઉપપ્રમુખ
- અમૃતાબા એન.સોઢા : ઉપપ્રમુખ
- નયનાબા એન.સોલંકીઃ મહામંત્રી
- રીનાબા કે. જાડેજાઃ મંત્રી
- હર્ષાબા વી. જાડેજા : મંત્રી
- નયનાબા ઝાલાઃ ખજાનચી
- ભગવતીબા ટી.જાડેજા : સહખજાનચી
- શિલ્પાબા જે.વાઢેર : સહમંત્રી
- ભારતીબા બી.જાડેજાઃ સહમંત્રી
- પ્રજ્ઞાબા ડી.જાડેજાઃ કન્વીનર


## છેલ્લા પાનાનું ચાલુ..

### મુંદ્રામાં કાયદો

કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વારંવાર કેમ કથળે છે? શું પોલીસ અને પ્રજા વચ્ચે વિશ્વાસનો અભાવ છે? રાજ્ય સરકારે સ્થિતિની ગંભીરતા સમજીને મુંદ્રામાં DySP ની પોસ્ટને અપગ્રેડ કરી IPS અધિકારીની નિમણૂક કરી છે, જે આવકારદાયક પગલું છે. પરંતુ માત્ર હોદ્દાઓ બદલવાથી કંઈ નહીં વળે; હવે સમય છે 'કોમ્યુનિટી પોલીસિંગ' દ્વારા લોકો સાથે સંવાદ સાધવાનો અને અફવાઓ પર લગામ લગાવવાનો. સાથે જ, ઔદ્યોગિક એકમોમાં આવતા શ્રમિકોનું કડક વેરિફિકેશન (ચકાસણી) અને સ્થાનિક સિક્યુરિટી એજન્સીઓ સાથે પોલીસનું સંકલન અત્યંત અનિવાર્ય છે. હિંસા દ્વારા રજૂ કરવામાં આવેલી માંગણીઓ ક્યારેય ન્યાયી ઠરતી નથી. પ્રજાએ સંયમ રાખી કાયદામાં વિશ્વાસ મૂકવો પડશે અને પોલીસે ગુનેગારોમાં કાયદાનો ડર અને સામાન્ય જનતામાં સુરક્ષાનો અહેસાસ જગાડવો પડશે. રક્ષક અને પ્રજા વચ્ચેનો તાલમેલ જ શાંતિનો એકમાત્ર માર્ગ છે.હિંસા દ્વારા રજૂ કરવામાં આવેલી માંગણીઓ ક્યારેય ન્યાયી હોઈ શકતી નથી. એકતરફ જનતાએ સંયમ રાખી પોલીસને સહકાર આપવો જોઈએ, તો બીજી તરફ પોલીસે પણ મુંદ્રા જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં કામદારોનું વેરિફિકેશન (ચકાસણી) કડકાઈથી કરવું જોઈએ. રક્ષક અને પ્રજા વચ્ચેનો સંવાદ જ ભવિષ્યમાં આવી હિંસક ઘટનાઓને અટકાવી શકશે. ?મુંદ્રામાં હવે IPS અધિકારીની નિમણૂક બાદ, પોલીસ તંત્ર વધુ સક્રિય બનીને ગુનેગારોમાં ધાક બેસાડશે તેવી આશા છે.

### ગાંધીધામ શહેર

છે. આ કરણ તેના પિતા અને આનંદ કરીને એક વ્યક્તિ ત્રણેય જણા પતિને દબાવતા, ગાળો આપી તમામ દાગીના રાખી લેવાની ધમકી આપતા હતા. મુડી કરતા વધુ વ્યાજ આપ્યું હોવા છતાં સોનુ પરત આપતા ન હતા. જેના કારણે પણ પતિ માનસિક રીતે પરેશાન હતા.

ભચાઉમાં રહેતા નટુભા સોઢા પાસેથી ધંધાર્થે હાથ ઉછીના રૂપિયા લીધા હતા. મુડી કરતા વધુ વ્યાજ ચુકવ્યું હોવા છતાં ઘરે આવીને વ્યાજની ઉઘરાણી કરાતી તેમજ નટુભાએ આદીપુરના મકાનની ઓરીજનલ ફાઈલ પોતાની રાખી છે. નાણા વ્યાજ સહિત ચુકતે થયા છતા મકાનની ફાઈલ પાછી અપાતી ન હતી.

આદીપુર ડીસી- ૫ માં રહેતા કલ્પેશ ઠક્કર પાસેથી ઉછીના રૂપિયા લીધા હતા. તેને પણ મુડી કરતા ઘણું વ્યાજ ચુકવ્યું છે. છતાં વ્યાજની માંગણી કરી ત્રાસ અપાતો હતો. પતિએ કલ્પેશને અન્ય એક એજન્સી અપાવી હતી. તેમ છતાં કંઈ આપ્યું નહીં અને અતિશય વ્યાજ લીધું હતું. દર્શન ઠક્કર પાસેથી પણ રૂપિયા લીધા તેમાં પણ મુડી કરતા વધારે વ્યાજ ચુકવ્યું છતાં ત્રાસ આપવામાં આવતો હતો. ધર્મેન્દ્રસિંહ ભાટી ઉર્ફે ધમ્મો પાસેથી જે રૂપિયા લીધા હતા, તે ચુકવ્યા છતાં ઘણીવખત ગોડાઉને માણસો મોકલીને બળજબરી પૂર્વક વસુલાતની ધમકીઓ આપવામાં આવતી હતી. આ રીતે વ્યાજની ઉઘરાણી માટે ક્રિપાલસિંહ દ્વારા પણ ત્રાસ અપાતો હતો. ભુજમાં ૮ વર્ષથી રહેતા રોશની આનંદ ભટ્ટ છેલ્લા આઠ વર્ષથી પતિને હેરાન કરતા અને ઉછીના લીધેલા રૂપિયા ઉંચા વ્યાજે વસુલ્યા હતા. ભીખુભાઈએ પણ મુડી મેળવી લીધી હોવા છતાં વ્યાજની ઉઘરાણી ચાલુ રાખી હતી. ઝોન વાળા ચંદ્રસિંહ બાપુ, ગણેશ એજન્સીવાળા હરેશ મીરાણી તેનો ભાઈ મુકેશ મીરાણી દ્વારા પણ ત્રાસ અપાતો હતો. પતિ આરટીજીએસ કરીને માલ મંગાવતા હોઈ મુકેશ મીરાણી અને હરેશ મીરાણીને ખબર પડી જતી અને કેટલી રકમનું આરટીજીએસ કર્યું છે, શું માલ મંગાવ્યો છે તે જાણી ઉંચા વ્યાજની વસુલી કરવામાં આવતી હતી. હિતેશ રાજકોટીયાએ પતિ પાસેથી ચેક મેળવી લીધા હોઈ ચેક બાઉન્સ કરાવી જેલમાં નાખી દેવાની ધમકી આપતો હતો. પતિએ જે દિવસે આત્મહત્યા કરી તે દિવસે પણ આ હિતેશ રાજકોટીયા વ્યાજની ઉઘરાણી કરવા ઘરે આવ્યો હતો.

આદીપુરના પ્રકાશભાઈ મોદી કે જે લોન અપાવવાનું કામ કરે છે, તે પતિને લોન કરાવી આપતા પણ તેમાંથી કમીશન નહીં લોન પેટેની અડધી રકમ મેળવી લેતા અને પુરી રકમ ન મળવા છતાં પુરે પુરી લોનના હપતા પતિને ભરવા પડતા હતા. આ રીતે આર્થિક સંકડામણ ઉભી કરીને સૌએ ત્રાસ આપ્યો હતો. આ તમામ વ્યક્તિઓ દ્વારા ત્રાસ બાબતે પતિએ અવારનવાર વાત કરવી છે, હાજરીમાં વાત થઈ છે તેમજ ઘરે આવતા હોવાથી તમામ બાબતોની જાણ હતી. પતિએ સ્યુસાઈડ નોટમાં તથા ફોનમાં વીડીયો બનાવીને આ લોકોના ત્રાસ અંગે તમામ હકીકત જણાવી આપઘાત કર્યો છે તેમજ ધંધો ચાલુ રાખવા પાંભર સાહેબ અને એ.એસ.આર.ની જવાબદારી રહેશે તેવું પણ સ્યુસાઈડ નોટમાં લખેલું છે. આ બનાવથી એક દિકરો અને એક દિકરીએ પિતાની છત્રછાયા ગુમાવી છે. તમામ લોકો દ્વારા અપાયેલા ત્રાસના કારણે પતિએ આપઘાત કર્યો હોવાનું જણાવી ૧૮ લોકો સામે મરવા માટે મજબુર કરવાની કલમો તળે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. તેમજ આરોપીઓ દ્વારા પરિવારને નુકશાન પહોંચે તેવી સંભાવના હોઈ ફરીયાદી કે પરિવારને કંઈ પણ નુકશાન થાય તો તમામ જવાબદારી આરોપીઓની રહેશે તેમ પણ જણાવાયું છે.

# આડેસરમાં વરઘોડામાં બંદુક સાથે ઠુમકા મારનાર યુવાન સામે ફોજદારી

### સોશિયલ મીડિયામાં વીડીયો વાયરલ થયા બાદ પોલીસે પગલાં ભર્યા

રાપર - કચ્છઉદય : તાલુકાના આડેસર ગામે વરઘોડામાં હવામાં બંદુક લહેરાવી ઠુમકા મારવામાં આવ્યા હતા. આ ઘટનાનો વીડીયો સોશીયલ મીડીયામાં વાયરલ થયો હતો. જેથી આડેસર પોલીસે બંદુક કબજે કરી કલેકટરના જાહેરનામા ભંગનો ગુનો દાખલ કર્યો છે.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ એક વીડીયો વાયરલ થયો હતો. જેમાં એક યુવક ડીજેના તાલે બે નાળ વાળી બંદુક હાથમાં રાખી હવામાં લહેરાવી નાચતો જોવા મળ્યો હતો. તપાસ કરતા આ વીડીયો આડેસરની ધનાણી મીરાણી સમાજવાડીમાં યોજાયેલા લગ્ન પ્રસંગનું હોવાનું સામે આવ્યું હતું. પોલીસે તપાસ કરતા વીડીયોમાં દેખાતો વ્યક્તિ બનાસકાંઠાના કાંકરેજમાં રહેતો જયકુમાર ભરતભાઈ રાવળ હોવાનું સામે આવ્યું હતું. પુછપરછમાં તેણે જણાવ્યું કે, શોખ ખાતર હથિયાર સાથે ડાન્સ કર્યો હતો. આ બંદુક સીહોરીના રેવાભાઈ લાલાભાઈ મકવાણાની હતી. પાક રક્ષણ માટે આ બંદુક લેવામાં આવી હતી. કલેકટરના જાહેરનામાનો અને લાયસન્સની શરતનો ભંગ થતા દસ હજારની બંદુક કબજે કરી આડેસર પોલીસ દ્વારા ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

### અંતે એ ડીવીઝન પોલીસને પણ વરલી મટકાનો ખેલી દેખાયો

ભુજ - કચ્છઉદય : શહેરમાં અલગ અલગ સ્થળોએ વરલી મટકા, મીલન બજાર, ચકલા પોપટનો જુગાર રમાતો હોવાની વ્યાપક બુમરાડ વચ્ચે છેલ્લા બે દિવસથી એલસીબી દ્વારા કેસ કરવામાં આવી રહ્યા છે ત્યારે અચાનક એ ડીવીઝન પોલીસને પણ જુગાર દેખાયો હતો. વાણીયાવાડ પેટ્રોલ પંપ પાસે સલમાન ચા વાળી ગલીમાં વરલી મટકાનો આંક ફરકનો શ્રીદેવી ઓપન બજારનો જુગાર રમતા મામદ જુસબ મોખાને પકડી ગુનો દાખલ કર્યો હતો.

## જાહેર નોટીસ

કેસ નં.૦૪/૨૦૨૬

**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અબડાસાની કોર્ટમાં તા.અબડાસા**

અરજદાર : અરૂણકુમાર કિશોરચંદ્ર વ્યાસ, રહે.મોથાળા, તા.અબડાસા — વિરૂધ્ધ — સામાવાળા : તલાટી સહમંત્રીશ્રી, મોથાળા જુથ ગ્રા. પં, તા.અબડાસા

**વિષય : જન્મની નોંધ કરવા અંગે**

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના પુત્ર નામે સંકેતકુમાર અરૂણકુમાર વ્યાસનો તા.૧૯/૧૦/૨૦૧૦ના રોજ મોજે-મોથાળા, તા.અબડાસા-કચ્છ ખાતે જન્મ થયેલ જે બાબતની નોંધ જેતે વખતે અરજદારશ્રીની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઇ અરજદારશ્રીએ તેમના પુત્રના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા રજી. નં. ૦૪/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઇનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૩૦માં અત્રેની કોર્ટમાં લેખીત/મૌખિક વાંધો રજુ કરવો. જો મુદત સમયમાં કોઇ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.

આજરોજ તા. ૦૫ માહેઃમાર્ચ સને ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.


હુકમથી
(એ.આર.નીનામા)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અબડાસા

# જેવીસી ટ્રસ્ટ દ્વારા ડીપીટીનાં સહકારથી ક્રિકેટ ટુર્નામેન્ટ સહ ક્રિકેટ હાઉસી યોજાઈ



ગાંધીધામ - કચ્છઉદય : જેવીસી ટ્રસ્ટે દિન દયાલ પોર્ટ ઓથોરિટી કંડલાના સહકારથી તા. ૨૧/૨/૨૦૨૬ થી તા.૧/૩/૨૦૨૬ ગોપાલપુરી સ્પોર્ટ કોમ્પ્લેક્ષ ગાંધીધામ મધ્યે સંસ્થા સ્થાપક એડવોકેટ પારૂલ સોની, પ્રમુખ યોગેશકુમાર સોની, સેક્રેટરી એકલવ્ય પ્રતાપભાઈ સોની અને ઈવેન્ટ ચેર પર્સન પૃથ્વી સોની, સલાહકાર પ્રવીણભાઈ સોનીએ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરેલ. આ મેચમાં કુલ ૮ ટીમો આર. બી. ટાંક ટર્મિનલ, કચ્છ હાઈવે ટ્રાન્સપોર્ટ કંપની, વિનાયક ઈનપેક્સ, ગુરુપ્રકાશ એન્ટરપ્રાઈઝ, અંબાજી ગૃપ, સીકોન શિપિંગ લાઈન એલએલ પી, માસ્ટર લોગિટ્રેક પ્રા.લી.અને જોડાક ટીમોનો નો સમાવેશ કરવામાં આવ્યો હતો. તા. ૨૧/૨ થી તા. ૨૮/૨ સેમિફાઈનલ મેચો અને તા. ૧/૩/નાં સૌ પ્રથમ શ્રીગણેશ સ્તુતિ કરેલ. ટુર્નામેન્ટનું સુકાન ડીપીએ ક્રિકેટ ક્લબ મેહુલભાઈ રાજગોરએ સાંભળેલ.ફાઈનલ મેચ રાષ્ટ્રગીત બાદ અંબાજી રોયલ અને કચ્છ હાઈવે વચ્ચે પૃથ્વી સોનીએ ટોસ ઉછાળી શરૂઆત કરેલ. મુખ્ય અતિથિ દિન દયાલ પોર્ટ ઓથોરિટી કંડલાના સેક્રેટરી વાય. કે.સિંગ ,શ્રી શિવકુમાર સિંગ - ડેપ્યુટી કમાન્ડન્ટ BSF 85BN, અમિતકુમાર સિંગ - ડેપ્યુટી કમાન્ડન્ટ BSF 90BN , અરવિંદકુમાર - ડે.પર્સનલ ઓફિસર DPT, અબ્રાહમ ઈશો- ઈન્સ્પેક્ટર ઈક્મટેક્સ વિભાગ ગાંધીધામ અને ભાવેશ મઢવી - સેફ્ટી ઓફિસર DPT રહેલા. તેમજ વિવિધ સંસ્થાઓ અને સમાજના આમંત્રિત અતિથિ ઘનશ્યામસિંહ ઝાલા પ્રમુખ નારાયણ સેવા સંસ્થાન ઉદયપુર મોરબી જિલ્લા, ધીરજકુમાર પાંડે, મોહનભાઈ ધારશી ઠક્કર, નંદલાલ ગોયલ, ગોવિંદભાઈ દનીચા, પ્રવિણભાઈ ડેડા, કલ્પેશ આહુજા, હરેશકુમાર તુલસીદાસ, મોહનભાઈ ઉદાસી, દીપેનભાઈ જોડ, ગોપલાણી, રામભાઈ મહેતા વગેરે અને બીનાબેન પંડ્યા, મંજુબેન ડેડા, સુજાતા પ્રધાન, આશાબેન અખાણી, ડૉ. સુનિતા દેવનાની, હેતલબેન ઓઝા, જયશ્રીબેન મહેશ્વરી, રિયા બજાજ , પિંકી બાગરેચા, પ્રિયાબેન ચૌધરી, પૂજા ઠક્કર, ચૈતાલી વસા વગેરે ઉપસ્થિત રહેલ. ક્રિકેટ મેચ સાથે સૌ પ્રથમ વખત લય અંતાણી વલ્ડ રેકોર્ડ હોલ્ડરના સંચાલનથી આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દર્શકોએ મન મુકીને ગીત સંગીત, નૃત્ય સાથે મેચ અને હાઉજીની મોજ માણી હતી વિજેતાઓને ઈનામો આપ વામા આવેલ.અને વિજેતાઓને ભેટ આપવામાં આવી હતી. અંબાજી રોયલ ટીમ વીજેતા અને કરછ હાઈવે ટીમ રનર્સ અપ રહેલ. વિજેતા ટીમ, રનર્સ અપ, મેન ઑફ ધ મેચ, બેસ્ટ બોલર, બેસ્ટ બેટ્સમેન, અમ્પાયર શ્રી આકાશ ચૌહાણ અને રોશન યાદવ, સ્કોરર શિવમ રાજગોર અને કોમેન્ટર રહીમ શેખને સ્મૃતી ચિહનથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ આયોજનમાં ઈવેન્ટ પાર્ટનર ખેલૈયા ધઆર્ટ ઓફ ગરબા રહેલ. આયોજનમાં આર મોડેલિંગ એકડમી રાહુલ ચંચલાની, વે ટુ ગેલેક્સી જોશ અબ્રાહમ, બી એમ કેર ફાઉન્ડેશન, એચ આર ગૃપ, વી લોજીસ્ટીક અને વોલ્ટ વર્ઝન ઈ બાઈકનો સહકાર રહેલ. આયોજનને સફળ બનાવવામાં નરેશભાઈ સોની, દીપાબેન સોની, રેખાબેન સોની, યોગેશ શશીકાંત સોની, કિરણભાઈ સોની, મીરાબેન સોની, યાજ્ઞિક સોની, શ્રેયાંસ સોની, હિતાર્થ સોની, વિવેક સોની, પ્રથમ મોહતાએ જહેમત ઉઠાવી હતી.

## ધાંગધ્રા સ્વામિનારાયણ ગુરૂકુળ ખાતે સંતોની પધરામણી



ભચાઉ - કચ્છઉદય : સ્વામિનારાયણ સંસ્કારધામ ગુરૂકુળ ધાંગધ્રાના સંસ્થાપક પરમ પૂજ્ય સદગુરૂ રામકૃષ્ણદાસજી સ્વામી મોરબી શહેરમાં આવેલ નવયુગ સ્કૂલમાં હરિકૃષ્ણ મહારાજ અને સંતોની પધરામણી કરવામાં આવેલ હતી, જેમાં પી.ડી. કાંજિયા અને શિક્ષક મિત્રો, વિદ્યાર્થીએ ઠાકોરજી મહારાજ ગુરૂજી અને સંતોનું સ્વાગત કર્યું હતું. પૂજ્ય ગુરૂજીએ ભારતીય સંસ્કૃતિમાં સંસ્કારનું શું મહત્વ છે, એ વિશે અને પી.ડી. કાંજિયા પ્રવચન પાઠવ્યું હતું.

# બેરાજા મધ્ય સુશાસન અને સુવિધા ભવનનું લોકાપર્ણ






### માંડવી વિધાનસભા વિસ્તારમાં રૂપિયા ૪૨૧. લાખનું ગજોડ બેરાજા રોડનું ખાતમુહર્ત



મુન્દ્રા : મુન્દ્રા તાલુકાના બેરાજા ગામ મધ્ય આપણા લોકલાડીલા માંડવી મુન્દ્રાના ધારાસભ્ય શ્રી ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી શ્રી અનિરુદ્ધભાઈ દવે સાહેબ પંચાયત ભવનનું લોકાપર્ણ ગજોડ બેરાજા રોડનું ખાતમુરત અદાણી ફાઉન્ડેશન દ્વારા ચાલતું વન કુટીરનું ખાતમુહર્ત કરવામાં આવ્યું.

બેરાજા સરપંચ લાલુભા જાડેજા ની આગેવાનીમાં ચાલતી બેરાજા ગામના વિકાસ યાત્રામાં આ એક ઓર પીછું ઉમેરાયું કાર્યક્રમના શુભારંભમાં આચાર્યશ્રી નાગેશ શાસ્ત્રીજીના શાસ્ત્રોક મંત્રો દ્વારા શાંતિ હવન અને પંચાયત ઘરનું ઉદઘાટન અને દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યું મહેમાનોનું સ્વાગત ઉદબોધન લાલુભા જાડેજા કર્યું હતું. ધારાસભ્યશ્રીનું સન્માન સરપંચ લાલુભા જાડેજા અને ઉપસરપંચ સુરેશભાઈ બડગાએ કર્યું હતું.

મહેમાનોના સન્માન બાદ શાબ્દહિક ઉદબોધન મિઠુભા જાડેજાએ કર્યું હતું તેમને જણાવ્યું હતું પક્ષ હોય કે વિપક્ષ તેને સાથે લઈ અને ગામનો વિકાસ જ અમારો પહેલો મંત્ર છે.

આ પંચાયતમાં સરકારી યોજનાઓ અને ગામને શું શું સુવિધા મળી રહે તેની તેની પ્રથમ પ્રાથમિકતા રહેશે તેની સાથે ભૂમિદાતા પિયુષભાઈ સાવલા અને પંચાયત ઘરના દાતા રાહુલભાઈ સાવલાનો સરપંચ સાહેબે ખુબ ખુબ આભાર માન્યો હતો ધારાસભ્યે તેમના ઉદબોધનમાં જણાવેલ કે બેરાજા ગામ સરપંચ શ્રી લાલુભા જાડેજાના કાર્યકરમા જે વણથંભી વિકાસ કરી રહ્યો છે ને આ પંચાયત ઘરમાં સરકારી યોજનાઓમાં કોઈપણ ગ્રામ વાસીઓ વંચિત ન રહી જાય અને પંચાયત ઘરને જે નામ આપેલ છે સુશાસન અને સુવિધા ભવન તેનો સાચો ચિતાર રહે અને આપના પ્રજાલક્ષી કાર્યો જે આપ કરી રહ્યા છો તે બીજા ગામ પણ આપના માંથી પ્રેરણા લે તેવી ભાવના વ્યક્ત કરી હતી અને બેરાજા મહાજન સંકટ સમયે ગામની પડખે ઊભી રહી છે અને ગામમાં આવા સારા કાર્ય કરી રહ્યા છો તે બદલ રાહુલભાઈ સાવલાને ખુબ ખુબ અનુમોદના આપી આ કાર્યક્રમમાં કચ્છ જિલ્લા સરપંચ સંગઠનના અને મુન્દ્રા તાલુકા ભાજપ પ્રમુખ શ્રી શક્તિસિંહ જાડેજા મુન્દ્રા તાલુકા પંચાયત પ્રમુખ મહિપતસિંહ જાડેજા, તાલુકા વિકાસ અધિકારી શ્રી ત્રિવેદી, જિલ્લા પંચાયત દેવશીભાઈ પાતારીયા, કારોબારી ચેરમેન યુવરાજસિંહ જાડેજા, કિસાન મોરચાના ચંદુભા જાડેજા, મહામંત્રી જીગ્નેશભાઈ, પૂર્વ પ્રમુખ રણજીતસિંહ જાડેજા પી ડબ્લ્યુ ડીના ખાન તથા આજુબાજુ ગામના સરપંચ શ્રી ઓ અને મહાનુભાવો હાજર રહ્યા હતા.

કાર્યક્રમના અંતે આભાર વિધિ ગનીભાઈ જુણેજા કરી હતી આખા કાર્યક્રમના ભાગરૂપે બેરાજા ગામ વાસિયો તથા કાર્યક્રમમાં ખૂબ ઉત્સાહ અને જોશ જોવા મળ્યો હતો તેના ભાગરૂપે બેરાજા પંચાયતના સભ્યો ધીરજગર ગુસાઈ મામદભાઈ જુણેજા ફકીરમામદ સના રાજ બડગા અને આખા કાર્યક્રમના આયોજનમાં દીપક સિંહ જાડેજા લાલજીભાઈ બળગાજુસબભાઈ જુણેજા મૂળજીભાઈ આયડી ફકુભાઈ આયડી શિવજીભાઈ બડગા યુવરાજસિંહ વાઘેલા (બાબીયા)દિગુભા જાડેજા ઘનશ્યામસિંહ પરમાર લક્ષ્મણભાઈ બડગા ભરતસિંહ જાડેજા આખા કાર્યક્રમની જેમત જ ઉઠાવી હતી.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 6 | | | 8 | | 2 | | |
| | | | 9 | 1 | | | 8 | 3 |
| | | | | | 7 | | 9 | |
| 9 | | 8 | 4 | 6 | 3 | | | 5 |
| | | | | | | | | |
| 3 | | | 5 | 9 | 8 | 7 | | 4 |
| | 8 | | 1 | | | | | |
| 6 | 1 | | | 7 | 9 | | | |
| | | 2 | | 4 | | | 1 | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 1 | 3 | 4 | 5 | 2 | 6 | 7 | 9 |
| 9 | 7 | 2 | 3 | 1 | 6 | 4 | 8 | 5 |
| 4 | 6 | 5 | 9 | 8 | 7 | 3 | 1 | 2 |
| 6 | 2 | 8 | 1 | 7 | 9 | 5 | 4 | 3 |
| 7 | 9 | 1 | 5 | 3 | 4 | 2 | 6 | 8 |
| 3 | 5 | 4 | 2 | 6 | 8 | 7 | 9 | 1 |
| 1 | 4 | 7 | 8 | 2 | 3 | 9 | 5 | 6 |
| 2 | 8 | 9 | 6 | 4 | 5 | 1 | 3 | 7 |
| 5 | 3 | 6 | 7 | 9 | 1 | 8 | 2 | 4 |

# અવસાન નોંધ

**ગાંધીધામ** : મૂળ સાંધાણના વિનાબેન હીરજીભાઈ કટુવા (ઉ.વ. ૪૭) તે સ્વ. ગંગાબેન જગદીશભાઈ થારૂના પુત્રી, નવીનભાઈ, મોહનભાઈના મોટા બહેન, સુનીલ, રજનીના માતા તા. ૧-૩ના અવસાન પામ્યા છે. અંતિમક્રિયા પૂર્ણ થઈ છે.

**અંજાર** : મૂળ લાખાપરના લક્ષ્મણ ખીમજી બારોટ તે વેલુબેનના પતિ, ધર્મિષ્ઠા હિતેશભાઈ, હેતલ રાહુલભાઈ, ભાગ્યશ્રી ભરતભાઈ તથા જીતેશના પિતા, સ્વ. દેવીદાનભાઈ, સ્વ. કિશોરભાઈ, ઝવેરબેન, મણીબેનના નાના ભાઈ, સ્વ. બબીબેન, કકુબેનના દિયર, પ્રવીણ, નિતેશ, સંજય, ચંદ્રિકાબેન, વિજયાબેન, લક્ષ્મીબેન, સતુબેન, બીનાબેન, શિલાબેન, મંજુબેન, જાગુબેનના કાકા, સ્વ. ડો. બારોટ રામજીભાઈ વિશ્રામભાઈના જમાઈ, ધનજીભાઈ, હરીશભાઈ, ભાવેશના બનેવી, કશ્યપ, જપન, વેદાંત, જય, હેન્સી, દેવાંશ, મિહાનના નાના તા. ૬-૩ના અવસાન પામ્યા છે. બન્ને બાજુનું બેસણું તા. ૯-૩ના ૪:૩૦થી ૫:૩૦ ક્ષત્રિય સમાજવાડી ગાયત્રી ચાર રસ્તા નયા અંજાર ખાતે.

**ભુજ** : મૂળ બાગના રાજગોર (મોતા) ગં.સ્વ. રંજનબેન (ઉ.વ. ૬૫) તે સ્વ. લક્ષ્મીદાસના પત્ની, દેવકાબેન ગોવિંદજી (બચુ હંસરાજ)ના પુત્રવધૂ, કેતન, હેતલ, મિત્તલના માતા, કોમલ કેતન મોતા, નિકુલ હરીશ આશારિયા, ભાવિકા નાનાલાલ માકાણીના સાસુ, સ્વ. પુષ્પાબેન શંભુલાલ જેસરેગોર (ભુજપુર)ના પુત્રી, રમીલાબેન મગનલાલ ભટ્ટ, મંજુલાબેન મોહનલાલ જેસરેગોર, રતનબેન નવીનચંદ્ર કેશવાણી, બાળાબેન જગદીશ જેસરેગોરના ભાભી, ગગુ હંસરાજ, મેઘજી હંસરાજ, પ્રેમજી હંસરાજના ભત્રીજાવહુ, પાર્વતીબેન જવેરીલાલ ઉગાણી, સ્વ. પ્રવીણ, રમેશ, સ્વ. કાન્તિ, તનસુખના બહેન, સ્વ. કરશનજી, સ્વ. કલ્યાણજી, હરિભાઈ, લાભશંકર, રમેશ, સ્વ. સુરેશ, રતિલાલ, ભાઈલાલભાઈના કાકાઈ ભાઈના પત્ની, માલતી, રમીલા, નિર્મળા, સુધાબેનના નણંદ, પ્રિયલ, હર્ષિ, ધ્યાનાના દાદી, મિધીલ, હર્ષિવના નાની તા. ૬-૩ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૮-૩ના રવિવારે સાંજે ૪થી ૫:૩૦ ત્ર્યંબકેશ્વર રાજગોર સમાજવાડી, સરપટ ગેટ બહાર, ભુજ ખાતે.

**ભારાપર (તા. ભુજ)** : ખોજા હસનઅલી અબ્દુલ્લા ટોપણ (ઉ.વ. ૮૬) તે મ. અબદુલ્લા રેમતુલ્લા ટોપણના પુત્ર, મ. નૂરઅલી અબદુલ્લા ટોપણના ભાઈ, મનસુરઅલી, સમિના, મુનિરના પિતા, મ. મુખી મુસ્તાકઅલી નૂરઅલી ટોપણના કાકા તા. ૨-૩ના કેનેડા ખાતે અવસાન પામ્યા છે. સાદડી રવિવાર તા. ૮-૩ના સાંજે ૫થી ૬ ખોજા જમાતખાના ભારાપર કમ્પાઉન્ડ ખાતે.

**હાજાપર (તા. ભુજ)** : મહેશ્વરી શંકરભાઈ ખેતાભાઈ (ઉ.વ. ૫૪) તે ગં.સ્વ. અજબાઈ ખેતાભાઈના પુત્ર, ભચીબાઈના પતિ, અરવિંદ, જોતી દિનેશ પિનોલ, હંસા જિતેશ ફફલના પિતા, વાલબાઈ રામજી ધુવા, દેવજી ખેતાના ભાઈ, રતનબેન આતુભાઈ ભદ્રુના જમાઈ, નાગશી ખેતા, કેસરબાઈ નથુ સિંચ, આશબાઈ નારાણ દેવરિયા, ચાગબાઈ ખેરાજ ધુવાના ભત્રીજા, મંજુલાબેન રામશી જેપાર, સોનલબેન મયૂરભાઈ બડિયા, ગીતાબેન વિક્રમ દનિચા, મનોજ, કાનજીના કાકા તા. ૪-૩ના અવસાન પામ્યા છે.

**માંડવી** : કેશરા માવજીભાઈ હીરાણી (ઉ.વ. ૮૨) તે સ્વ. વાલબાઈના પતિ, શામજી, વાલજી, વીરજી, કરસન, પ્રેમબાઈ શિવજી વેકરિયા, મેઘબાઈ માવજીભાઈ વેકરિયાના પિતા તા. ૭-૩ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૯-૩ના સોમવારે સવારે ૭:૩૦થી ૮:૩૦ નિવાસસ્થાન સ્વામિનારાયણ મંદિરની પાછળ, ભૂતડાવાડી ખાતે.

**માંડવી** : દિવાળીબેન કરસન ધાયાણી (ખારવા) (ઉ.વ. ૬૮) તે સ્વ. કરસન ઠાકરશી ધાયાણીના પત્ની, સ્વ. જીવીબેન લાલજી જેઠવા, સ્વ. લાલજી જીવા જેઠવાના પુત્રી, વિનોદ, હિતેશ, નીતા, જ્યોતિના માતા, પ્રિયા, શિલ્પા, વિપિન તથા પીયૂષના સાસુ, પૂર્વ, રૂદ્રાંશના દાદી, રૂચિતા, જય, દિવ્ય, વંશવીના નાની, શિવજીભાઈ (ભોલાભાઈ), વિસરામભાઈ, મહેશભાઈના બહેન, સ્વ. લક્ષ્મીદાસના નાના ભાઈના પત્ની, સ્વ. રતનબેન તથા વલમજીભાઈ (બબાભાઈ)ના ભાભી તા. ૬-૩ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૮-૩ના સાંજે ૪થી ૫ સત્સંગ આશ્રમ, નાના તળાવ પાસે (બહેનો તથા ભાઈઓ સાથે).

**નાગ્રેચા (તા. માંડવી)** : માંજોઠી અ.ગફુર હાસમ (ઉ.વ. ૫૭) તે અબ્બાસ, નઝમાબેન, રેશ્માબેનના પિતા, અયાનના દાદા, મામદ હાસમ, અલીમામદ હાસમ, કાદર હાસમના ભાઈ, મ. ઈબ્રાહિમ (ગંગોણ), મ. કાસમ (મીઠીરોહર), હાજી ગની (મીઠીરોહર), ઈબ્રાહિમ આદમ (નાગ્રેચા), આદમ ઓસમાણ (નાગ્રેચા)ના સાળા, યાકુબ ઓસમાણ (માતાનામઢ)ના જમાઈ તા. ૬-૩ના અવસાન પામ્યા છે. વાયઝ - જિયારત તા. ૮-૩ના રવિવારે સાંજે અસર નમાઝ બાદ મુસ્લિમ જમાતખાના, નાગ્રેચા ખાતે.

**ફરાદી (તા. માંડવી)** : તુંવર ગંગાબા મુરૂભા (ઉ.વ. ૧૦૨) તે સ્વ. તુંવર મુરૂભા ભાણજીભાના પત્ની, તુંવર હરિસંગ ભાણજીભાના ભાભી, સ્વ. જાડેજા અભેરાજજી કલુભા, સ્વ. ચનુભાના બહેન, સ્વ. ચનુભા, સ્વ. તખુભા, ગનુભા, જીવુભાના માતા, મનુભા, રઘુવીરસિંહના ભાભુ, પ્રતાપસિંહ, વિજયસિંહ, દિગ્વિજયસિંહ, લખધીરસિંહ, નરેન્દ્રસિંહ, કરણસિંહના દાદી, કુલદીપસિંહ, સત્યરાજસિંહ, શૌર્યદીપસિંહ, હર્ષરાજસિંહ, આદિત્યસિંહના પરદાદી તા. ૪-૩ના અવસાન પામ્યા છે. સાદડી (બેસણું) તા. ૫થી ૯-૩ સુધી રામદેપીર મંદિર ખાતે.

**બિદડા (તા. માંડવી)** : જાડેજા જીલુભા પ્રભાતસિંહ (ઉ.વ. ૭૨) તે સ્વ. પ્રભાતસિંહ ચનુભા જાડેજાના પુત્ર, જનકસિંહ, મહિપતસિંહ, અનિરૂદ્ધસિંહ, રવુભાના મોટા ભાઈ, વિજયસિંહના પિતા, જયેન્દ્રસિંહ, લખધીરસિંહ, શ્રીપાલસિંહ, ભરતસિંહ, મુકેશસિંહ, કિરીટસિંહ, ચંદ્રેશસિંહ, કૃષ્ણરાજસિંહના મોટાબાપુ, હેમુભા દેવુભા, હરિસિંહ, દિલીપસિંહના પિતરાઈ ભાઈ, અજિતસિંહ, નવલસિંહ, રાજેન્દ્રસિંહના કાકા, સ્વ. જયેન્દ્રસિંહ, મહેન્દ્રસિંહ, હિતેન્દ્રસિંહના બાપુ, રણજિતસિંહ મનુભા અને સ્વ. મદારસિંહ મનુભાના ભત્રીજા, ધર્મેન્દ્રસિંહ, હકૂમતસિંહ, મયૂરસિંહના ભાઈ તા. ૩-૩ના અવસાન પામ્યા છે. સાદડી તા. ૯-૩ના સોમવારે દરબારગઢ, બિદડા ખાતે.

**રાજપર (તા. માંડવી)** : આહીર કુંવરબેન લખમશી તે આહીર લખમશી રવજીના પત્ની, આહીર દેવરાજ, અરજણ, દિનેશના માતા તા. ૨-૩ના અવસાન પામ્યા છે.

**નાની ગંગોણ (તા. નખત્રાણા)** : દેવુભા ચાવડા (ઉ.વ. ૬૫) તે સ્વ. વેલુભા અરજણજી ચાવડાના પુત્ર, લાલકોરબા, રતુબા, ભગુભાના ભાઈ, કેણુભાના પિતા, રાણુભાના મોટાબાપુ તા. ૫-૩ના અવસાન પામ્યા છે. સાદડી નિવાસસ્થાને.

**રામપર - પિયોણી (તા. નખત્રાણા)** : માવજીભાઈ તુલસીભાઈ ગોરડિયા (ઉ.વ. ૪૭) તે ભચીબેન તુલસીભાઈ ગોરડિયાના પુત્ર, પચાણભાઈ, વેલજીભાઈ, વાલબાઈ લાખાભાઈ ભદ્રુ (વંગ), કમાબેન રવજી બુચિયા (રામપર)ના ભાઈ, કેશાભાઈ, લાલજીભાઈ, રાજાભા, લીલાધર, ઉમરભાઈના ભત્રીજા, જીવરાજ, અરવિંદ, ભગવાનદાસ, ગોવિંદ, પ્રવીણ, ક્રિષ્નાના કાકા તા. ૫-૩ના અવસાન પામ્યા છે. ધાર્મિકક્રિયા તા. ૮-૩ના સાંજે આગરી અને તા. ૯-૩ના ઘડાઢોળ નિવાસસ્થાન રામપર પિયોણી ખાતે.

**નખત્રાણા** : કડવા પાટીદાર નાથાણી મણિબેન બેચરભાઈ (ઉ.વ. ૮૧) તે સ્વ. બેચરભાઈ રવજીના પત્ની, મનસુખભાઈ, વિજયભાઈના માતા તા. ૧૫-૨ના અવસાન પામ્યા છે.

**રામપર (રોહા) (તા. નખત્રાણા)** : માવજીભાઈ તુલસીભાઈ ગોરડિયા (ઉ.વ. ૪૭) તે ભચીબેનના પુત્ર, પચાણભાઈ, વેલજીભાઈ, વાલબાઈ લાખા ભદ્રુ (વંગ), કમાબેન રવજી બુચિયા (રામપર)ના ભાઈ, કેશાભાઈ, લાલજીભાઈ, રાજાભાઈ, લીલાધરભાઈ, ઉમરભાઈના ભત્રીજા, જીવરાજ, અરવિંદ, ભગવાનદાસ, ગોવિંદ, પ્રવીણ, ક્રિષ્નાના કાકા તા. ૫-૩ના અવસાન પામ્યા છે. ધાર્મિકક્રિયા તા. ૮-૩ના સાંજે આગરી તથા તા. ૯-૩ના ઘડાઢોળ નિવાસસ્થાન રામપર (પિયોણી) ખાતે.

**વરંડી મોટી (તા. અબડાસા)** : ગડા ઉદયભાઈ (ઉ.વ. ૫૭) તે સ્વ. ભચીબાઈ કેશવજી માલશીના પુત્ર, રસીલાબેનના પતિ, વસંતભાઈ (મુંદરા), પ્રફુલ્લભાઈ (વરંડી)ના મોટા ભાઈ, કોમલબેન, પરેશભાઈના પિતા, શશાંક મેકશભાઈ નાગડાના સસરા, સાકરબેન શામજી ગોસર (લાયજા)ના જમાઈ, લધીબાઈ ડાયા નથુના ભાણેજ તા. ૭-૩ના અવસાન પામ્યા છે. સાદડી વરંડી જૈન મહાજનવાડી તા. ૮-૩ના બપોરે ૩:૩૦થી ૪:૩૦.

**ગઢવાડા (તા. અબડાસા)** : અરજણભાઈ થાવરભાઈ ગોરડિયા (ઉ.વ. ૩૯) તે ગોરડિયા રામીબાઈ થાવરભાઈના પુત્ર, ગોરડિયા વાંછિયાભાઈ સવાભાઈના પૌત્ર, શાંતાબેન પચાણભાઈ ઓઢાણા (ગંગોણ), ગંગાબેન લાલજીભાઈ પાયણ (વિથોણ), દેવજીભાઈ, વાલજીભાઈ, હીરજીભાઈ, વસંતભાઈના ભાઈ, કાનજીભાઈ, કરમશીભાઈ, કિશોરભાઈના ભત્રીજા, મનજીભાઈ, અશોકભાઈ, મહેશભાઈ, ખીમજીભાઈ, અનિલભાઈ, ધીરજભાઈ, દિનેશભાઈના કાકાઈ ભાઈ, જેપાર દેવાભાઈ ધનાભાઈના દોહિત્ર, જેપાર મગનભાઈ (રામવાડી), જુમાભાઈ, પરબતભાઈ, શિવજીભાઈના ભાણેજ તા. ૫-૩ના અવસાન પામ્યા છે. બારસ તા. ૯-૩ના સોમવારના સાંજે, આગરી તા. ૧૦-૩ના સવારે ઘડાઢોળ.

**કુકડાઉ (તા. અબડાસા)** : જાડેજા હેમુભા રૂપસંગજી (ઉ.વ. ૧૦૦) તે રૂપસંગજી દાણ સમજીના પુત્ર, પૃથ્વીરાજસિંહ જિતેન્દ્રસિંહના પિતા, જાડેજા વેસુભા રમુભા, મગુભા જટુભા, દિલુભા રમુભા, ખેંગારજી જટુભાના કાકાઈ ભાઈ, બટુકસિંહ જીવુભા, ભીખુભા ગનુભા, ડોલુભા બાબુભાના મોટાબાપુ, ભવ્યરાજસિંહ પૃથ્વીરાજસિંહ, ધર્મેન્દ્રસિંહ જગદીશસિંહના દાદા તા. ૬-૩ના અવસાન પામ્યા છે. સાદડી ગામની ડેલીએ, કુકડાઉ ખાતે.

**વિરાણી મોટી (તા. અબડાસા)** : ગડા ઉદયભાઈ (ઉ.વ. ૫૭) તે સ્વ. ભચીબાઈ કેશવજી માલશીના પુત્ર, રસીલાબેનના પતિ, વસંતભાઈ (મુંદરા), પ્રફુલ્લભાઈ (વરંડી) ના મોટા ભાઈ, કોમલબેન, પરેશભાઈના પિતા, અશોક મેકશભાઈ નાગડાના સસરા, સાકરબેન શામજી ગોસર (લાયજા)ના જમાઈ, લધીબાઈ ડાયા નથુના ભાણેજ તા. ૭-૩ના અવસાન પામ્યા છે. સાદડી તા. ૮-૩ના સાંજે ૩:૩૦થી ૪:૩૦ કલાકે વરંડી જૈન મહાજનવાડી ખાતે.

# મુંબઈની અવસાન નોંધ

કચ્છી વિશા ઓશવાળ જૈન ડુમરાના મણીબેન દામજી નાગડા (ઉં. વ. ૭૬) તા. ૬-૩ના અવસાન પામેલ છે. બાયાંબાઈ દેવરાજ નાગડાના પુત્રવધૂ. દામજીના પત્ની. અજય, લીના, ભાવેશના માતા. કો. મહાદેવપુરના જેતબાઈ વસનજી હરશી સાવલાની પુત્રી. લક્ષ્મી, પ્રવીણ, ઝવેર, મહેન્દ્ર, કિશોરના બેન. પ્રા.શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રા. સંઘ સં., કરસન લધુ હોલ, દાદર (વે), સાંજે ૪થી ૫:૩૦.

દેશલપુર (કંઠી)ના મોહનભાઈ પ્રેમજી સોની (ઉં. વ. ૭૭) તા. ૬-૩ના અવસાન પામ્યા છે. મણીબેન પ્રેમજી ચાંપશીના પુત્ર. મીનાબેનના પતિ. મિલનના પિતા. પોપટભાઈ (પ્રવિણભાઈ), સ્વ. અમૃતબેન, ઈલાબેન, રંજનબેનના ભાઈ. કારાઘોઘાના ભાણબાઈ ડુંગરશી મુરજી શેઠીયાના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, દાદર. ટા. ૪થી ૫:૩૦.

કચ્છી બ્રહ્મક્ષત્રિય ગાંગજી લક્ષ્મીદાસ વીંછી (ઉં. વ. ૭૩) ગામ પત્રી હાલે મુલુંડ, તે જયવંતીબેનના પતિ. સ્વ. ભાનુમતી લક્ષ્મીદાસ વીંછીના પુત્ર. સ્વ. તારાવંતી તુલસીદાસ લીયાના જમાઈ. કરણના પિતા. પૂજાના સસરા. સ્વ. વૃજલાલ, સુંદરજી, સ્વ. હરીલાલ, મોહનલાલ, સ્વ. હંસરાજ તથા જ્યોતિબેન જમનાદાસ છાટબારના ભાઈ તા. ૫-૩ ગુરૂવારના રોજ રામશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા દશાવ પ્રથા બંધ રાખેલ છે.

## કાઠડા ગામના ચાર ચેક ડેમો માટે ૧.૧૧ કરોડ જેટલી માતબર રકમ મંજૂર કરાઈ



ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવે, તાલુકા પંચાયત પ્રમુખ કેવલભાઈ ગઢવી, તાલુકા ભાજપ પ્રમુખ સામતભાઈ ગઢવીનો આભાર વ્યક્ત કરતા કાઠડા તાલુકા પંચાયતના સદસ્ય દેવાંગભાઈ શાખરા

માંડવી - કચ્છઉદય : તાલુકાના કાઠડા ગામે ચાર ચેક ડેમો માટે માતબર રકમ ૧.૧૧ કરોડ મંજૂર કરવામાં આવતા ગ્રામજનો અને પશુપાલકોમાં આનંદની લાગણી વ્યાપી હતી. બે વર્ષ અગાઉ અતિવૃષ્ટિના કારણે ગામનો ભંગ તળાવ ડેમેજ થઈ જતા પાણી વ્યવસ્થા ખોવાઈ હતી. જે માટે તાલુકા પંચાયત સદસ્ય દેવાંગભાઈ શાખરા દ્વારા સરકાર અને ધારાસભ્યને રજૂઆતો કરવામાં આવી હતી. તેના સાનુકૂળ પ્રતિસાદ રૂપે સરકાર દ્વારા કાઠડા ગામના ચાર ચેક ડેમો માટે ૧.૧૧ કરોડ જેટલી મતદાર રકમ મંજૂર કરાઈ છે. ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવે, તાલુકા પંચાયત પ્રમુખ કેવલભાઈ ગઢવી, તાલુકા ભાજપ પ્રમુખ સામતભાઈ ગઢવીનો દેવાંગભાઈ સાખરાએ આભાર વ્યક્ત કરી ખુશીની લાગણી વ્યક્ત કરી હતી. ગામ તેમજ પંથકના ઉતરોતર વિકાસ માટેની પ્રતિબદ્ધતા દર્શાવી હતી.





આદિપુર ખાતે ઘનશ્યામ નગરની પહેલી લાઈન માં હોળીકા દહન નો પ્રથમ વખત આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દેવજીભાઈ, ગોવિંદભાઈ (ગોવિંદ કાકા),રાજેશભાઈ, અશોકભાઈ, રમેશભાઈ, નરેશભાઈ, તેજાભાઈ, સંદીપભાઈ, પ્રકાશભાઈ જેમાં વિવિધ પ્રકારની પ્રસાદીનો સમાવેશ થયો હતો જેમાં મોટી સંખ્યામાં સોસાયટીજનો ઉપસ્થિત રહી ભક્તિભાવથી જોડાયા હતા.

## ગોઝારા બનાવોને નિયંત્રિત કરવા કચ્છની નર્મદાની કેનાલને રક્ષણાત્મક જાળી લગાવો



ગાંધીધામ - કચ્છઉદય : કચ્છની જીવાદોરી સમાન નર્મદા કેનાલોમાં એકાંતરે જીવલેણ બનાવોને નિયંત્રિત કરવા કેનાલની બંને બાજુ રક્ષણાત્મક જાળી લગાડવા માનવતા ગ્રુપ દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

માનવતા ગ્રુપના પ્રમુખ ગોવિંદ દનીચાએ જણાવ્યું હતું કે, કેનાલની બંને બાજુઓ ખુલ્લી રહેતી હોવાથી અવારનવાર મહિલાઓ કપડાં ધોવા અથવા વ્યક્તિઓ ન્હાવા પડતા કેનાલની ઊંડાઈનું તેમને પૂરતું જ્ઞાન ન હોવાથી ડૂબવાના બનાવો સતત બની રહ્યા છે, સાથે બાળકો પણ અજાણતા કેનાલમાં પહોંચી જતા હોવાથી સતત ડૂબી જવાના બનાવો બની રહ્યા છે, કેનાલની બાજુ રક્ષણાત્મક જાળી લગાડવાની તાતી જરૂર છે. કેનાલની બંને બાજુ પેરાપેટ દિવાલનું બાંધકામ પણ માત્ર દોઢથી બે ફૂટની ઊંચાઈ સુધી જ કરેલું હોવાથી તેમાં અબોલ જીવો પડી જવાના બનાવે અવર નવાર બની રહ્યા છે. કેનાલ પરના સર્વિસ માર્ગ પર પણ વાહન વ્યવહાર સતત ચાલુ હોવાથી સામ સામે ક્યારેક દ્વિચક્રી વાહનો અથવા તો અન્ય વાહનો અથડાય તો પણ સીધા કેનાલમાં પડી જવાની પૂરેપૂરી શક્યતા રહેલી છે. નર્મદા કેનાલ ક્યાંક રહેણાંક વિસ્તારોમાંથી પણ પસાર થાય છે. સાંજના ભાગે સિનિયર સિટીઝનો અને અન્ય વ્યક્તિઓ લટાર મારવા નીકળતા હોઈ તેઓ જો થોડું પણ ધ્યાન ન રાખે તો સીધા કેનાલમાં પડી જવાની પૂરેપૂરી શક્યતા રહેલી છે. કેનાલના અમુક વિસ્તારમા આવી જાળી લગાડવામાં આવી છે, ત્યાં આવા ગોઝારા બનાવો પર નિયત્રંણ કરી શકાયુ છે, પરંતુ સમગ્ર કચ્છની કેનાલની બંને બાજુ જો આવી જાળી લગાડવામાં આવે અને પેરાપેટ દિવાલને ઊંચી કરવામાં આવે તો અનેક લોકોના અને અબોલ જીવોને બચાવી શકાય તેમ છે તેમ જણાવ્યું હતું.

# કચ્છ નોંધ

**કવિઓ જૈન મહાજન**

● અનશન વ્રતધારી, જૈન સમાજ રત્ન તારાચંદભાઈ છેડાની પ્રેરણાથી સંસ્થાના પ્રમુખ જીગર છેડાના માર્ગદર્શન હેઠળ કવિઓ જૈન મહાજન ભુજ સંચાલિત નવતીનગર, ભુજ-મુંદરા રોડ ખાતે આવેલ પ્રેમીલાબેન પ્રેમચંદ સંઘવી સાર્વજનિક દવાખાના ખાતે જાણીતા જનરલ પ્રેક્ટિસનર ડૉ. જયશ્રીબેન સોજીત્રા સોમવારથી શનિવાર સુધી સાંજે ૪.ઘડ થી ૬.૩૦ વાગ્યા સુધી દર્દીઓની તપાસણી રાહત દરે કરશે. દવા, ઈન્જેક્શન અને તબીબી સારવાર રાહત દરે પૂરી પાડવામાં આવશે.

## રત્નકણિકા

**સત્સંગ, ઉત્તમગ્રંથ અને ભજન-કિર્તન (ઉપાસના) એ ત્રણ વસ્તુઓ મનુષ્યને ત્રિલોકનો રાજા બનાવી દે છે.- સ્વામી રામતીથ**

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૭, પા. મહેર-૧૩૯૫, મુ. રમજાન-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, ફાગણ વદ-૫ રંગ પંચમી, શ્રી પંચમી તા.૮ માર્ચ ૨૦૨૬, રવિવાર, પારસી તા.૨૬, મુસ્લિમ તા.૧૮, સ્વાતિ નક્ષત્ર, ધ્રુવ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૭:૦૯, સૂ.અ.૬:૫૬

આજનો દિવસ બપોરે ૧:૩૧ ક.થી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** : નાણાંકીય મૂંઝવણમાં વધારો થાય. પ્રવાસમાં વિઘ્ન આવે.

**વૃષભ** : નોકરી-વ્યવસાયને લગતી સમસ્યાનો ઉકેલ આવે. ગૃહવિવાદ.

**મિથુન** : શેર-સટ્ટાથી દૂર રહેવું હિતાવહ. મહત્વના કાર્યમાં સફળતા મળે.

**કર્ક** : માનસિક પ્રસન્નતામાં વધારો થાય. આવકમાં વૃધ્ધિ થાય.

**સિંહ** : મનમાં વ્યગ્રતા અનુભવાય. પડવા-વાગવાથી સંભાળવું હિતાવહ.

**કન્યા** : મનની મુરાદ પૂરી થાય. કાર્યક્ષેત્રમાં આકસ્મીક ધન લાભ થાય.

**તુલા** : પ્રિયજનની મદદ મળે. નાણાંકીય પરેશાની દૂર થાય.

**વૃશ્ચિક** : નવી લાભની તક સાંપડે. શત્રુઓ પર વિજય પ્રાપ્ત થાય.

**ધન** : મિલન-મુલાકાતમાં સફળતા મળે. માનસિક પ્રસન્નતા અનુભવાય.

**મકર** : હાથમાં આવેલી તક સરી જાય. વ્યવસાયિક પ્રશ્ન વિલંબથી ઉકેલાય.

**કુંભ** : લાભની આશા ફળે. મિત્રોની મદદ મળે.

**મીન** : જીવનસાથી સાતે મતભેદ સર્જાય. કૌટુંબિક વિવાદ ટાળવો હિતાવહ.




# કચ્છની નારી શક્તિનો રણકાર : પરંપરા અને પ્રગતિનો સમન્વય

ભુજ - કચ્છઉદય : આજે સમગ્ર વિશ્વ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરી રહ્યું છે ત્યારે કચ્છની ખમીરવંતી ધરા પર સ્ત્રીશક્તિએ પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. વિષમ સંજોગો હોય કે સામાજિક મર્યાદાઓ, કચ્છની મહિલાઓએ દરેક ક્ષેત્રમાં પોતાના કૌશલ્યનો પરચો આપ્યો છે. કલા કસબથી લઈને કોર્પોરેટ જગત સુધી અને ખેતીની લઈને વહિવટી ક્ષેત્ર સુધી કચ્છની દિકરીઓએ સાબિત કરી દીધું છે, જો મનમાં મક્કમ નિર્ધાર હોય તો સફળતા અચૂક મળે છે.

કચ્છની ધરતી પર મહિલા દિવસની ઉજવણી માત્ર પ્રતિકાત્મક નથી, પરંતુ આ એક જીવંત વાસ્તવિકતા છે. કચ્છ એટલે માત્ર રણ કે દરિયો નહીં, પણ આ પ્રતિકૂળ ભૌગોલિક પરિસ્થિતિઓમાં પણ અડગ રહીને ખીલી ઉઠતી માનવીય શક્તિનું કેન્દ્ર છે. આ શક્તિના પાયામાં જો કોઈનું સૌથી મોટું યોગદાન હોય તો તે કચ્છની નારી શક્તિ છે. રૂઢિચૂસ્ત સામાજિક મર્યાદાઓની વચ્ચે રહી કચ્છની મહિલાઓએ ક્યારેય હાર માની નથી, પરંતુ આ પડકારોને જ પોતાની સફળતાની સીડી બનાવી છે. ભૂતકાળમાં જે હાથ ઘરના કામકાજ પૂરતા મર્યાદિત હતા તે આજે વહિવટી તંત્રના નિર્ણયો લેવા સુધી સક્ષમ બન્યા છ.

## સ્ત્રીઓ પુરુષ સમોવડી બની પ્રગતિ કરે : હંસાબેન છેડા



ભુજ - કચ્છઉદય : આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે પૂર્વ મેયર હંસાબેન છેડાએ તમામ મહિલાઓને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં સ્ત્રીઓ શિક્ષણ અને રાજકારણ સહિતના દરેક ક્ષેત્રોમાં સતત આગળ વધી રહી છે. નારી શક્તિના સામર્થ્ય પર ભાર મૂકતા તેમણે ઉમેર્યું કે, આજની સ્ત્રી પુરુષ સમોવડી બનીને સમાજમાં પોતાનું વિશેષ સ્થાન બનાવી રહી છે, જે ખરા અર્થમાં મહિલા દિવસની સાર્થકતા છે.

## ડો. દર્શનાબેન ધોળકિયાએ સાહિત્ય સર્જન ક્ષેત્રે કચ્છને અપાવ્યું ગૌરવ



ભુજ - કચ્છઉદય : વિશ્વ મહિલા દિવસે કચ્છના દિગ્ગજ સાહિત્યકાર દર્શનાબેન ધોળકિયાને ભૂલી શકાય નહીં. કચ્છ યુનિવર્સીટીમાં બબ્બે વખત ઉપકુલપતિ રહી ચૂકેલાં ડો. દર્શનાબેન ધોળકિયાનું નામ તેમના ગુજરાતી સાહિત્યમાં પ્રદાન અને સક્રિય સહભાગિતાને કારણે વિદ્વતાના ગૌરવ સાથે જાણીતું છે. કચ્છ યુનિવર્સીટીમાં ગુજરાતી વિભાગના વડાં તરીકે તેમની સક્રિયતા થકી અનેક વિદ્યાર્થીઓએ તેમના માર્ગદર્શન હેઠળ પીએચડી પૂરું કર્યું છે. સંત કવિ નરસિંહ મહેતા ઉપર પીએચડી કરી ડોકટરેટની ડીગ્રી લીધા પછી તેઓ ભુજની લાલન કોલેજમાં ગુજરાતી વિભાગમાં લેકચરર તરીકે જોડાયાં હતાં. ત્યારપછી કચ્છ યુનિવર્સીટી શરુ થઈ જતાં તેમણે યુનિવર્સીટીમાં ભાષાના પ્રોફેસર તરીકે સેવા આપવી શરુ કરી. કચ્છ યુનિવર્સીટીમાં ૨૦૦૯માં અને ૨૦૧૯માં એમ બે વખત કાર્યકારી ઉપકુલપતિ બન્યાં. તેમણે ૧૯૯૨થી અત્યાર સુધી ૨૫થી વધુ પુસ્તકો લખ્યાં છે. તેમના પ્રથમ પુસ્તક 'નરસિંહ ચરિત્ર વિમર્શ' માટે તેમને ૧૯૯૨માં ગુજરાત સાહિત્ય અકાદમીનો પ્રથમ વિજેતા એવોર્ડ મળ્યો તે પછી તેમને મળેલા એવોર્ડની લાંબી થતી ગઈ. 'નરસિંહ મહેતા' પુસ્તક માટે ગુજરાતી સાહિત્ય પરિષદનો 'નિવેદિતા ભગિની' એવોર્ડ, ૧૯૯૮-૯૯માં ક્રિટિક એવોર્ડ, 'ગુજરાતના સર્જકોનું પ્રાથમિક શિક્ષણ' પુસ્તક માટે ગુજરાતી સાહિત્ય પરિષદ એવોર્ડ, ૨૦૦૭માં ડો.જયંત ખત્રી-બકુલેશ એવોર્ડ, ૨૦૧૦માં તારામતી વિશનજી ગાલા એવોર્ડ, ૨૦૧૧માં તેમણે કરેલા કોંકણી પુસ્તક 'કાર્મેલીન'ના ગુજરાતી અનુવાદ માટે નેશનલ સાહિત્ય અકાદમી તરફથી એવોર્ડ, આ પુસ્તકને ૨૦૦૮માં ગુજરાતી સાહિત્ય પરીષદમાં દ્વિતીય વિજેતા જાહેર કર્યું હતું. ૨૦૧૩માં ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા મહર્ષિ અરવિંદ ગોલ્ડ મેડલ તેમને તેમના પુસ્તક 'શ્વાસમાં વાગે શંખ' માટે મળ્યું હતું. આ ઉપરાંત હીરાબહેન પાઠક એવોર્ડ અને કુમાર દ્વારા કમલા પરીખ લેખમાળા એવોર્ડ પણ તેમને મળી ચૂક્યો છે. ગુજરાતી સાહિત્ય અકાદમી અને ગુજરાતી અધ્યાપક સંઘમાં તેઓ અનેકવાર સંભાષણ કરી ચૂક્યાં છે. ફાર્બસ ત્રિમાસિક, ઉદેશ, કુમાર, પ્રત્યક્ષ, બુદ્ધિપ્રકાશ, અખંડઆનંદ, શબ્દ શ્રુષ્ટિ વિગેરેમાં તેમના લેખો પ્રકાશિત થયા છે. ૨૦૦૧-૦૫ ગુજરાતી સાહિત્ય પરિષદના, ૨૦૦૩-૦૭ અને ૨૦૧૮-૨૨ દરમ્યાન કેન્દ્રીય સાહિત્ય પરિષદ સલાહકાર સમિતિના સભ્ય રહી ચૂક્યાં છે.

## મહિલાઓ પુરુષ સમોવડી નહીં, પણ સક્ષમ બને : કલ્પના સતીજા



આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે કચ્છ યુનિવર્સિટીના વુમન ડેવલપમેન્ટ સેલના કોર્ડિનેટર કલ્પના સતીજાએ મહિલા સશક્તિકરણ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે મહિલાઓએ માત્ર શારીરિક જ નહીં, પરંતુ આર્થિક અને માનસિક રીતે પણ સક્ષમ બનવાની જરૂર છે. તેમણે ખાસ કરીને કચ્છના ગ્રામ્ય વિસ્તારોમાં દીકરીઓના શિક્ષણ અંગે ચિંતા વ્યક્ત કરી અને માતાઓને અપીલ કરી કે તેઓ પોતાની દીકરીઓને ભણાવે. સરકારી યોજનાઓ અને 'જેન્ડર બજેટ'નો લાભ લઈ મહિલાઓ રાષ્ટ્રના વિકાસમાં ભાગીદાર બને તેવો સંદેશ તેમણે આપ્યો હતો.

## રામપર (સરવા)ના સરલાબેનના વ્યંજનોની સુવાસે દેશના સિમાડાઓ વટાવ્યા




ભુજ : કચ્છઉદય : સરલાબેન નરેન્દ્રગર ગોસ્વામી નખત્રાણા તાલુકાના નાના એવા રામપર (સરવા) ગામના રહેવાસી છે. તેમના નાના અમથા એવા ગામમાં ગૃહઉદ્યોગ ચલાવે છે. દરેક જાતના અથાણાં, પાપડ, ફરસાણ અને લાડુ બનાવે છે. પાટીદાર સમાજના લોકો કચ્છ બહાર વસે છે ત્યારે તેમને ઓર્ડર મુજબ મોકલી આપે છે. આમ તો આ તેમનો નાનપણનો શોખ છે. તેમણે બનાવેલા અથાણાંની બહાર સારી એવી માંગ છે. આજે જ્યારે વિશ્વ જંક ફૂડ તરફ ખેંચાતો જાય છે ત્યારે ભારતીય પારંપરિક વ્યંજનોને યુવા પ્રજામાં જાળવી રાખવાનો પ્રયત્ન તેઓ કરી રહ્યા છે. દરેક ભારતીય મહિલા આ દિશામાં કામ કરે એવી તેમની અપેક્ષા છે, કારણ કે આ પણ એક ભારતીય સંસ્કૃતિની જાળવણી કરવામાં એક નાનું એવું પગલું છે. કચ્છ બહાર વસતા લોકોની વતનની અને પોતાના જૂના વડીલો જે ઘરેલુ વસ્તુઓ બનાવતા તેના સ્વાદની જો યાદ આવી જાય તો તેઓ સરલાબેનનો મો.નં. ૯૯૭૮૭ ૬૪૧૯૦ પર સંપર્ક કરી શકે છે.

## મહિલાઓ પગભર બની દરેક ક્ષેત્રમાં આગળ વધે



ભુજ - કચ્છઉદય : આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે પશ્ચિમ કચ્છ ભુજની 'શી ટીમ'ના હેડ કોન્સ્ટેબલ રમીલાબેન સાવએ મહિલાઓને આત્મનિર્ભર બનવાનો સંદેશ આપ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં મહિલાઓએ આર્થિક રીતે પગભર થવું ખૂબ જરૂરી છે જેથી તેઓ કોઈપણ મુશ્કેલીનો સામનો કરી શકે. પોલીસ વિભાગમાં મહિલાઓની વિવિધ ભૂમિકાઓ વિશે વાત કરતા તેમણે ઉમેર્યું કે, 'શી ટીમ' તહેવારો અને ભીડભાડવાળા વિસ્તારો જેવા કે બજાર, બસ સ્ટેશન અને મંદિરોમાં સતત પેટ્રોલિંગ કરે છે. પોલીસની આ સક્રિયતાને કારણે શહેરની દીકરીઓ અને મહિલાઓ નિર્ભય બનીને હરી-ફરી શકે છે અને સુરક્ષિત અનુભવે છે.

## હવે 'પાપા કી પરી' નહીં, પ્લેન ઉડાવશે દીકરીઓ



ભુજ - કચ્છઉદય : આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે એમ.એ.ની વિદ્યાર્થિની રૂચી ઠક્કરે સ્ત્રી સશક્તિકરણ અંગે ક્રાંતિકારી વિચારો રજૂ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે હવે મહિલાઓ દરેક ક્ષેત્રમાં આગળ વધી રહી છે અને પ્લેન ઉડાવવા સુધીની સિદ્ધિઓ હાંસલ કરી રહી છે, તેથી હવે 'પાપા કી પરી' કહેવાને બદલે તેમની ક્ષમતાઓને બિરદાવવી જોઈએ. રૂચિએ ભારપૂર્વક કહ્યું કે મહિલાઓને હવે રક્ષણની જરૂર નથી, પરંતુ તેમને પોતાના હક માટે લડતા શીખવવાની જરૂર છે. દરેક સ્ત્રીએ ઉચ્ચ શિક્ષણ મેળવી આર્થિક રીતે આત્મનિર્ભર બનવું જોઈએ જેથી લગ્ન પછી પોતાના ખર્ચ માટે પતિ પર નિર્ભર ન રહેવું પડે કે કોઈની પરવાનગી ન લેવી પડે. સ્ત્રી વગર જીવન અધૂરું છે અને ઘરકામની જવાબદારી નિભાવતી મહિલાને ક્યારેય રજા મળતી નથી, છતાં તે દરેક મુકામ સર કરી રહી છે.

## નખત્રાણાના સાનાબેન સોશિયલ મીડિયા પર કચ્છને આપી ઓળખ



ભુજ - કચ્છ ઉદય : નખત્રાણા તાલુકાના સાનાબેન હનીફભાઈ રાજા જીવનના યાદગાર પ્રસંગોને, સંબંધોને, યાદોને કાયમ માટે જીવંત રાખતી રેઝિન કલાના વિદ્યાર્થીની તરીકે ઈન્સ્ટાગ્રામ ઉપરથી પ્રેરણા લઈ અને સફર શરૂ કરી અને હવે તેમના કામ માટે વિશ્વમાં જાણીતા બની ગયા છે અને સોશિયલ મીડિયાથી તેમણે કચ્છનું નામ તેમની કલા માટે પણ દુનિયાના નકશા ઉપર મૂકી દીધું છે. ઈન્સ્ટાગ્રામ પર રેઝિન આર્ટ જોઈને તેમને શીખવાની જિજ્ઞાસા થઈ, જે આજે એમનો વ્યવસાય બની ગયો છે. તેઓ ખાસ કરીને લોકોના યાદગાર ગુલાબના ફૂલોને 'રેઝિન પ્રિઝર્વેશન' દ્વારા આજીવન સંભારણા તરીકે ફ્રેમ અને જ્વેલરીમાં કંડારે છે. નવરાશની પળોનો સદુપયોગ કરીને આત્મનિર્ભર બનવાનો તેમનો આ પ્રયાસ તેમને ખૂબ જ સંતોષ આપે છે. મારો સંદેશ છે કે જે યુવતીઓ બહાર જઈને નોકરી નથી કરી શકતી, તેઓ આવા સર્જનાત્મક આર્ટ-ક્રાફ્ટ દ્વારા ઘરે બેઠા પોતાની આગવી ઓળખ અને આવક ઊભી કરી શકે છે. એમનો મોબાઈલ નંબર ૯૮૨૫૯૫૫૮૮૬ ઉપર મહિલાઓ તેમનું માર્ગદર્શન મેળવી શકે છે.

## વિપરીત પરિસ્થિતિઓને મ્હાત આપી ભાવનાબેન બન્યા આત્મનિર્ભર



ભુજ - કચ્છ ઉદય : ભાવનાબેન સોની છેલ્લા લગભગ ૧૦ વર્ષથી વધુ સમયથી ઘેરથી ટિફિન સર્વિસ, ઘરેલું રસોઈ અને અથાણાં બનાવવાનો વ્યવસાય કરે છે. તેમના જીવનમાં આ એક મુશ્કેલ સફર ત્યારથી શરૂ થઈ કે તેમના પતિને કેન્સર થયું અને તેમની સારવાર દરમિયાન ઘણી મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરવો પડ્યો. અંતે તેમના પતિ આ દુનિયા છોડીને ચાલ્યા ગયા. તેમને ત્રણ સંતાનો છે. બે દીકરીઓ અને એક દીકરો. જ્યારે તેમના પતિનું અવસાન થયું ત્યારે તેમના બે દીકરીઓના લગ્ન થઈ ગયા હતા. ત્યારબાદ તેમના અને દીકરાના ભવિષ્યને ધ્યાનમાં રાખીને મેં ઘેરથી જ ટિફિન સર્વિસ, રસોઈ અને અથાણાં બનાવવાનો વ્યવસાય શરૂ કર્યો. તેમના સ્વાદિષ્ટ અથાણા અને રસોઈ કલાએ રંગ જમાવ્યો. મહેનત, વિશ્વાસ અને લોકોના સહકારથી આજે તેમનું કામ સારું ચાલી રહ્યું છે અને તેઓ આત્મનિર્ભર રીતે જીવન જીવી રહ્યા છે. તેઓ સ્વખર્ચે ચારધામની યાત્રા પણ કરી આવ્યા અને તેમના પુત્રને સીએના અભ્યાસક્રમમાં પણ ભણાવી અમદાવાદમાં સેટ કર્યો. તેમનો સંપર્ક નંબર ૯૯૦૯૦ ૭૨૫૩૦ છે. તેઓ ભુજના આઈયા નગરમાં રહે છે.

## ગુણવત્તાવાળા મસાલાનો ઉપયોગ કરવાથી ભોજનમાં સ્વાદ આવે : ફોરમબેન શાહ



ભુજ - કચ્છઉદય : ભુજોડી પાસેના વર્ધમાનનગરમાં રહેતા ફોરમબેન પ્રતિકભાઈ શાહ ઘરેલું અને સ્વાદિષ્ટ ભોજન, જેમ કે થેપલા, બાજરીના રોટલા અને સુકીભાજી બનાવી અને લોકોને ઉપલબ્ધ કરાવે છે, રસોઈમાં કાચી ઘાણીનું સિંગતેલ અને સારા ગુણવત્તાવાળા મસાલાનો ઉપયોગ કરે છે અને તેના કારણે આજે તેઓ આત્મનિર્ભર મહિલા બની ગયા છે. સંપર્ક નંબર ૯૯૭૮૨ ૯૬૪૯૫ ઉપર કરી અને આ રીતે કાર્ય કરવાની ઈચ્છતી બહેનો માર્ગદર્શન મેળવી શકે છે.

## પ્રાચીન જ્ઞાન પરથી કુદરતની નજીક રહેવાનો પ્રયાસ : શ્વેતાબેન ઠક્કર



ભુજ - કચ્છ ઉદય : મહિલા દિવસને આત્મવિશ્વાસની ઉજવણી તરીકે સરસ ઓળખાવતા ગાંધીધામના શ્વેતાબેન પ્રતીક ઠક્કર તેમના ચાર વર્ષના બેબી ધીમહિના નામે ધુમહી ક્રીએશન દ્વારા તેઓ પ્રાકૃતિક સાબુ, ઉબટન, કેશવૃધ્ધી તેલ, હેર માસ્ક, કેસરનું નાઈટ ક્રીમ, પ્રાકૃતિક લિપ બામ તથા હોળીના હર્બલ રંગો મારા રસોડામાંથી જ બનાવું છું. બાળપણથી જ તેમને ઘરેલુ નુસખા અને કુદરતી ઉપચારના માતા - પિતા દ્વારા મળેલા સંસ્કાર દેશી ફૂલ - પાન અને પ્રાચીન જ્ઞાન પરથી કુદરતની નજીક રહેવાનો એક પ્રયાસ છે. મારા માટે આ ફક્ત વ્યવસાય નથી, આ કુદરત તરફ પાછા ફરવાની એક ચળવળ છે. અમારા પ્રોડક્ટ્સ અંજાર, ગાંધીધામ, ભુજમાં ઉપલબ્ધ છે. એમનો મોબાઈલ નંબર ૯૯૭૯૭ ૩૨૧૩૦ છે.

## દિવ્યાબેન રબારીના હાથમાં જીવંત થાય છે કચ્છી પરંપરાગત કલા



ભુજ-કચ્છઉદય : કચ્છની પરંપરાગત હસ્તકલા વિશ્વભરમાં પોતાની આગવી ઓળખ ધરાવે છે. અહીંની કળાઓમાં રહેલી સર્જનાત્મકતા અને રંગોની વૈવિધ્યતા કચ્છની સંસ્કૃતિને વિશેષ ઓળખ આપે છે. કચ્છના નખત્રાણા તાલુકાના વડવાભોપા ગામની રહેવાસી દિવ્યાબેન રબારી પણ આવી જ પરંપરાગત કળાને જીવંત રાખવાનો સુંદર પ્રયાસ કરી રહ્યા છે.

કચ્છના અન્ય કલાકારોની જેમ દિવ્યાબેનનું ભરતકામ અને તેના આધારે કરવામાં આવતું રંગકામ પણ લોકોમાં ખાસ લોકપ્રિય બન્યું છે. તેઓ વિવિધ રંગોની મદદથી ભરતકામની છાપ અને પરંપરાગત ડિઝાઈનને કલાત્મક રીતે રજૂ કરે છે. તેમની કળામાં કચ્છી સંસ્કૃતિ અને પરંપરાની ઝલક સ્પષ્ટ જોવા મળે છે. દિવ્યાબેન પૂજા માટેની થાળીઓનું આકર્ષક શણગાર, ઘર સજાવટ માટેના તોરણ, ચાકર સહિતની અનેક વસ્તુઓ પર સુંદર રંગકામ કરીને તેને અનોખું રૂપ આપે છે. તેમના હાથની બનાવટમાં પરંપરાગત કચ્છી ડિઝાઈન, ચમકદાર રંગો અને સુક્ષ્મ કારીગરીનું અનોખું સંયોજન જોવા મળે છે. આવી કળા દ્વારા દિવ્યાબેન માત્ર પોતાની સર્જનાત્મકતા જ વ્યક્ત કરતા નથી, પરંતુ કચ્છની પરંપરાગત સંસ્કૃતિ અને લોકકળાને જીવંત રાખવાનો મહત્વપૂર્ણ પ્રયાસ પણ કરી રહ્યા છે. તેમના હાથની આ અદભુત કળા લોકોમાં આકર્ષણ જગાવી રહી છે અને પરંપરાગત હસ્તકલાની સુંદરતા પ્રત્યે નવી પેઢીમાં પણ રસ જગાવી રહી છે.

## ભચાઉના મનાલીબેન ગોસ્વામી નારી સ્વાવલંબનનું જીવંત દ્રષ્ટાંત



ભુજ : કચ્છઉદય : નારીશક્તિનું સ્વાવલંબન એટલે એક સ્ત્રીના સપનાઓથી જન્મેલું રેઝિનમાં બંધાયેલી લાગણીઓનું અનોખું વિશ્વ. આ શબ્દ છે ભચાઉના મનાલીબેન ગોસ્વામીના, જે કસ્ટમાઈઝ્ડ રેઝિન રાખડી, કીચેન, ફોટોફ્રેમ,પ્રિઝર્વ્ડ રોઝ, ઈયરિંગ્સ, પેન્ડન્ટ,નામપ્લેટ, રેઝિન કોસ્ટર, ટ્રે, બુકમાર્ક અને ગિફ્ટ હેમ્પર માટે ખૂબ જ જાણીતા છે. તેમની દરેક કૃતિમાં મહેનત અને સ્વાભિમાનની ઝલક દેખાય છે. સપનાઓને આકાર આપતી નારી હવે પોતાની ઓળખ સાથે ગૃહકાર્ય આધારિત સાહસ શરૂ કરવા ઈચ્છતી બહેનો મનાલીબેન ગોસ્વામીના મોબાઈલ નંબર. ૯૯૭૮૪ ૪૮૦૪૮ ઉપર તેમનો સંપર્ક સાધી અને માર્ગદર્શન મેળવી શકે છે. વિશ્વ મહિલા દિન નિમિત્તે મનાલીબેન એમના વિચારો જણાવતા કહે છે કે, મહિલા માત્ર પરિવારની શક્તિ નથી, પરંતુ સમાજની પ્રગતિનો આધાર પણ છે. દરેક મહિલામાં અદ્ભૂત હિંમત, મહેનત અને સર્જનાત્મકતા છુપાયેલી હોય છે. જરૂર છે તો માત્ર આત્મવિશ્વાસ અને એક નાના પગલાંની. જીવનમાં મુશ્કેલીઓ આવે તો પણ હિંમત ન હારવી. પોતાના સપનાઓ પર વિશ્વાસ રાખીને સતત પ્રયત્ન કરશો તો સફળતા ચોક્કસ મળશે. આજની મહિલા શિક્ષણ, વ્યવસાય, કલા અને અનેક ક્ષેત્રોમાં પોતાની ઓળખ બનાવી રહી છે. દરેક મહિલાને સંદેશરૂપે તેઓ જણાવે છે કે, મહિલાઓ તેમની અંદર છુપાયેલી કોઈક ને કોઈક ખાસ શક્તિને ઓળખી અને પોતાના સપનાઓને ઉડાન આપવા માટે નિર્ભય બનીને આગળ વધવુ તે આજના જમાનામાં ખૂબ જ જરૂરી બન્યું છે. મહેનત અને આત્મવિશ્વાસ એક દિવસ દરેક મહિલાને નવી ઓળખ જરૂર આપશે. મહિલા દિવસ યાદ અપાવે છે કે સ્ત્રીઓને સમાન તક અને સન્માન આપવું ખૂબ જરૂરી છે. જ્યારે સ્ત્રીને પ્રોત્સાહન અને સહારો મળે છે, ત્યારે તે પોતાની ક્ષમતાથી નવી ઊંચાઈઓ સ્પર્શી શકે છે.

## હસ્તીબેન માલમ મઢવર્ક અને મિરરવર્કના જાદુગર



ભુજ - કચ્છ ઉદય : હસ્તીબેન મહેશભાઈ માલમ મઢવર્ક અને મિરરવર્કના જાણે અદભુત જાદુગર છે. બાળકનો જન્મ થતા તેની સંભાળ માટે બેંકની નોકરી છોડી દીધી પરંતુ પછી તેમને ઘરબેઠે કંઈક કરવાનું મન થયું એટલે પડોશી નીતાબેન કોકા મઢવર્ક શીખાડતા હતા. તેમની પાસે કાર્ય શિખતા તેમનામાં રહેલી આંતરિક અદભુત શક્તિઓ ખીલવા લાગી અને ગુજરાત બહાર છેક જમ્મુ કાશ્મીર, દિલ્હી પણ કાર્ય માટે જવાનો મોકો મળ્યો. ઉપરાંત અમેરિકા અને યુકે તેમને ખાસ બોલાવવામાં આવતા આ કાર્ય માટે તેઓ ત્યાં પણ જઈ આવ્યા છે અને હવે ઈન્ટરનેશનલ લેવલે તેઓ અહીંથી જ બધી મટીરીયલ તૈયાર કરીને મોકલી આપે ત્યાં ખાલી ફિટ જ કરવાની રહે એવી રીતે વિદેશના લોકોને પણ તેમની શક્તિનો લાભ મળી રહ્યો છે. અત્યારે તો અદાણી ફાઉન્ડેશનમાં જોડાયેલા છે અને વિદેશમાં તેમનું કાર્ય પહોંચ્યું તેમાં ફાઉન્ડેશનનો પણ ઘણો મોટો ફાળો છે. એમના કાર્યથી પ્રભાવિત થયેલા ગૌતમભાઈ અદાણી અને પ્રીતિબેન અદાણી તેમને પોતાના બંગલામાં મઢવર્કની ફ્રેમ બનાવવા માટે બોલાવ્યા હતા એટલું જ નહીં પરંતુ તેમના પુત્ર જીત અદાણીના લગ્ન પ્રસંગે સમગ્ર સ્ટેજનું સુશોભનનું કાર્ય પણ હસ્તીબેનને સોંપાયું હતું. ટાઈલ્સ નિકાસ કરતી અંતરરાષ્ટ્રીય ફેક્ટરીએ તેમને ફક્ત ડિઝાઈન બનાવી દેવાનું કાર્ય સોપ્યું છે. મઢવર્ક ડિઝાઈન મુજબ ટાઈલ્સ ઉપર "સ્ટોન ડસ્ટ" તેમની ડિઝાઈન કરેલી ટાઈલ્સ અમેરિકામાં જાય છે. તેમણે ગૌતમ અદાણી જેવા દુનિયાના મોટા ઉદ્યોગપતિ સાથે પણ કામ કર્યું છે. સીરાચા ગામ પાસે એક વાંઢ નામનું ગામ છે, ત્યાં એક ભાઈએ રિક્વેસ્ટ કરતા તેમના ભુંગામાં તેમની ઈચ્છા મુજબનુ મઢવર્ક તેમણે કર્યું છે તે અદભુત છે એવું તેમણે જણાવ્યું. પોતાની આંતરિક કલા પ્રગટ થતાં હસ્તીબહેન હવે ગૌતમભાઈ અદાણી તથા પ્રીતિબેનને ખૂબ જ નજીકતા છે. હસ્તીબહેન પોતાના નામ પ્રમાણે જ એક "હસ્તી" બની ગયા છે. માણસની અંદર રહેલી શક્તિ માણસને ક્યાં પહોંચાડી દે છે તેનો આ જીવતો જાગતો દાખલો છે. મોબાઈલ નંબર ૮૮૬૬૫ ૪૦૮૪૨ ઉપર બહેનો માર્ગદર્શન માટે તેમનો સંપર્ક કરી શકે છે.

## ભક્તિબેન રાઠોડે બેબી ડોલ આકારની અદ્ભૂત કેક બનાવી



ભુજ - કચ્છઉદય : અંજારના ભક્તિબેન રાઠોડ જિંદગી વિશે અદભુત વાત કરતા જણાવે છે કે, આમ તો મોટા થઈએ એટલે સમજાય કે હેરી પોટર જેવી દેખાતી જાદુઈ દુનિયા વાસ્તવિકતા સાથે મેળ ખાતી નથી. વાસ્તવિક જીવનમાં સાચી દિશામાં કરેલો એક જ પ્રયત્ન જરૂર પ્રગતિના રસ્તા ખોલી આપે છે. આવો એક પ્રયત્નના ભાગરૂપે તેઓ અદભુત આકારની અને ટેસ્ટની ચોકલેટ તથા કેક તેમના ગૃહ ઉદ્યોગ તરીકે બનાવી આપે છે. શરૂઆતમાં તેઓ ઘર માટે કેક બનાવતા હતા, પછી આદતના ભાગરૂપે સોશિયલ મીડિયામાં શેર કરવા લાગ્યા પણ એ પોસ્ટથી તેમની કલાને પાંખો લાગી ગઈ. બહેનો માટે તેમના અનુભવની વાત ખૂબ જ માર્ગદર્શક નિવડે એવી છે. સ્વતંત્રતા સાથે આત્મવિશ્વાસ અને અનુભવથી ધારો તે કરી શકો છો એવું આત્મબળ. હંમેશા પહેલું પગથિયું અઘરૂ હોય છે, પછી તો આપોઆપ ચડી જવાતું હોય છે અને કોઈની પ્રેરણા બની જવાતું હોય છે. આજના યુગમાં આર્થિક સ્વાયત્તા અને સપનાઓને પંખ આપે છે, એક નાનું ડગલું. પરિશ્રમ, લગન, ધીરજ, સહયોગ સિધ્ધિની માર્ગે લઈ જનારૂ અને વિકસિત સમાજ તરફનું એક ડગલું બની રહે છે.

# ગાંધીધામ-ભચાઉ નેશનલ હાઈવે પર બસના અકસ્માતમાં સાત ઘવાયા

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ - ભચાઉ નેશનલ હાઈવે પર એ.વી.જોશી પુલીયા પાસે અકસ્માતની ઘટના બનવા પામી હતી. જેમાં સાત લોકો ઘવાયા હતા. આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ ફરીયાદી કીર્તીજી જયંતીજી ઠાકોરે જણાવ્યું કે, તેઓ ડ્રાઈવર હિતેશભાઈ મકવાણા સાથે ધંધુકા ડેપોની બસ નંબર જી.જે. ૧૮ ઝેડ ટી ૩૪૯૦ લઈને ભુજથી ધંધુકા જવા નિકળ્યા હતા. સવારે ૮.૩૦ વાગ્યાના અરસામાં ડ્રાઈવરે આગળ જતી ટ્રકને ઓવર ટેક કરવા જતા બસનો ક્લીનર સાઈડનો ભાગ ટ્રકના પાછળના ભાગે ધડાકાભેર અથડાતા ચકચાર મચી હતી. ટ્રક ચાલક તો નિકળી ગયો, પણ અકસ્માતમાં બસમાં સવાર લોકોને ઈજાઓ થઈ હતી. જેમાં ફરીયાદી કંડક્ટર તેમજ ગાંધીધામના નારાયણભાઈ વશરામભાઈ, મેઘપર બોરીચીના જશુબેન ચાવડા, ભુજના હનુભા જાડેજા, લીંબડીના અશોકસિંહ ઝાલા, ભચાઉના સીમાબેન મોરીયા, જયંતીભાઈ ચાવડાને શરીરે મુઢ અને ફ્રેકચર સહિતની ઈજાઓ થઈ હતી. ઘાયલોને ૧૦૮ મારફતે રામબાગ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. અકસ્માત બાદ ત્રણ કલાક સુધી ટ્રાફીકજામ થયો હતો. દરમ્યાન અંજાર તાલુકાના લોહારીયાથી પાંતીયા જતા રોડ પર આવેલ ગોલાઈ પાસે અકસ્માતની ઘટના બની હતી. ફરીયાદી એકતાનગર અંજારમાં રહેતા ઈમરાન રમજુ ખલીફાના જણાવ્યા પ્રમાણે ડમ્બર નંબર જી.જે. ૩૯ ટીએ ૧૨૫૫ ના ચાલકે પુર ઝડપે ગાડી ચલાવી ફરીયાદીની બલેનો નંબર જી.જે. ૩૯ સીબી ૪૧૭૧ માં ડ્રાઈવર સાઈડના ભાગે ટક્કર મારતા ફ્રેકચર સહિતની ઈજાઓ થઈ હતી. જ્યારે ભચાઉના ખારોઈથી નેર જતા રસ્તા પર બીજો બનાવ બન્યો હતો. ફરીયાદી હમીરભાઈ સામાભાઈ રબારીના જણાવ્યા પ્રમાણે બાઈક ચાલક વિષ્ણુભાઈ કોલીએ પોતાની બાઈક પુરઝડપે ચલાવી ફરીયાદીના ભાઈને સામેથી ટક્કર મારતા અકસ્માતમાં ઈજાઓ થઈ હતી. જેથી ભચાઉ પોલીસમાં ગુનો દાખલ કરાયો હતો.



જોઈએ છે

પારલે બિસ્કિટના ડિસ્ટ્રિબ્યુટર પાસે ડિલિવરી કરી શકે તેવા ડ્રાઈવર ની જરૂર છે.
છોટા હાથી ચલાવી શકે અને ડ્રાઈવિંગ લાઈસન્સ હોવું જરૂરી.
માધાપર ગામમાં ડિલિવરી કરવા માટે

મો: ૯૦૩૩૩૨૩૮૩૩



અભિનંદન



UPSC ની પરિક્ષામાં ઓલ ઈન્ડીયા રેન્ક 115 સાથે IAS (કલેક્ટર) બનીને ગામ, સમાજ અને રાજ્યનું નામ રોશન કરવા બદલ અભિનંદન

વિપુલભાઈ કરમણભાઈ ચૌધરી
ગામ: હમીરપુરા, તા. સાંતલપુર

પ્રમુખશ્રી પરમાભાઈ પટેલ | ઉપપ્રમુખશ્રી ચેલાભાઈ ચૌધરી | મંત્રીશ્રી મહેશભાઈ ચૌધરી

ચાણક્ય પ્રાથમિક અને માધ્યમિક શાળા ગાંધીધામ


### -: જાહેર જનતા જોગ :-

### વાહનોની જાહેર હરાજી

આ જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે પ્રાગપર પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં એમ.વી. એક્ટ ૨૦૭ મુજબ ડીટેઈન કરવામાં આવેલ કુલ-૧૪ વાહનોના ચાલક/માલિક ત્રણ નોટીસ બજવણીથી વાહન છોડવી જવા જાણ કરવામાં આવેલ તેમજ વીમા કંપનીને જાણ કરવા છતાં વાહન ચાલક/માલિક પોતાના વાહનો છોડાવવા જણાવવામાં આવેલ તેમ છતાં વાહન છોડાવા આવેલ નથી જેથી કાયદાની જોગવાઈ મુજબ વાહન હરાજી કરવામાં આવે છે.

**જેથી ઉપરોક્ત કુલ-૧૪ વાહનોની હરાજી માંડવી પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં તા.૦૯/૦૩/૨૦૨૬ના ક.૧૧/૦૦ વાગ્યે રાખેલ છે.** આ વાહન હરાજીમાં ભાગ લેવા રસ ધરાવતી પાર્ટીઓએ હરાજીના તમામ વાહનોની ન્યુનત્તમ કિંમત નક્કી કરવામાં આવેલ છે તેની ૨૦% લેખે કિંમત અગાઉથી પ્રાગપર પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે.

**નોંધ :- હરાજીમાં ભાગ લેનાર પાર્ટીએ હરાજીના તમામ વાહનો ખરીદવાના રહેશે.**

તા.૦૫/૦૩/૨૦૨૬

(વિકાસ સુંડા)
પોલીસ અધિક્ષક
પશ્ચિમ કચ્છ,ભુજ

(નામાનિ/કચ્છ/૧૫૨૬/૨૦૨૫-૨૬)

### જાહેર નિવિદા (બીજો પ્રયત્ન)

તાલુકા પંચાયત કચેરી, અંજાર-કચ્છ દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે કચેરીની નીચેની વિગતેના કામ માટે રસ ધરાવનાર પાર્ટીઓ પાસેથી બંધ કવરમાં ભાવપત્રક મંગાવવામાં આવે છે.

| ક્રમ | વિગત | ભાવ (તમામ વેરા સહિત) | ટેન્ડર ફી | સિક્યુરીટી ડીપોઝીટ |
|---|---|---|---|---|
| | ઝેરોક્ષ કામ | | રૂ.૫૦૦/- | રૂ.૨૦૦૦/- |
| ૧. | A4 પેપર સાઈઝ ઝેરોક્ષ | એક કોપીના ભાવ | | |
| ૨. | લીગલ પેપર સાઈઝ ઝેરોક્ષ | એક કોપીના ભાવ | | |
| | પ્રિન્ટર /કોમ્પ્યુટરને લગતા કામ | | રૂ.૫૦૦/- | રૂ.૨૦૦૦/ |
| ૧. | પ્રિન્ટર ટોનર કાર્ટીજ, ડેસ્કટોપ પી.સી .વિન્ડો ઈસ્ટોલેશન ચાર્જે /સર્વિસ ચાર્જે/બેકઅપ, હાર્ડવેર પાર્ટસ વગેરે | આઈટમ વાઈઝ | | |
| | ઈલેક્ટ્રીક સર્વિસ અને ઈલેક્ટ્રીક પાર્ટસને લગતા કામ | | રૂ.૫૦૦/- | રૂ.૨૦૦૦/ |
| ૧. | ઈલેક્ટ્રિક સર્વિસ અને ટ્યુબ સ્ટીક, કેબલ, સ્વીચ બોર્ડ વગેરે | આઈટમ વાઈઝ | | |

સદરહુ ભાવો બંધ કવરમાં તા.૧૬/૦૩/૨૦૨૬ સુધીમાં સ્પીડ પોસ્ટ મારફતે તાલુકા પંચાયત કચેરી-અંજાર-કચ્છને મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. ટેન્ડર ફી (પરત મળવાપાત્ર નથી) રૂપિયા ૫૦૦/- (અંકે પાંચસો પુરા) પી.એલ.એ. ઓફ ટી.ડી.ઓ. અંજારના સદરે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, અંજાર શાખામાં ચલણથી રોકડા જમા કરાવવાના રહેશે. કોરા ટેન્ડર ફોર્મસ તા.૧૦/૦૩/૨૦૨૬ સુધી કચેરી સમય દરમ્યાન મળી શકશે. આવેલ ભાવો તા.૧૭/૦૩/૨૦૨૬ના ૧૬.૦૦ કલાકે તાલુકા વિકાસ અધિકારશ્રીની ચેમ્બરમાં હાજર રહેલ પાર્ટીઓની સમક્ષ ખોલવામાં આવશે. આવેલ ભાવો મંજૂર કે નામંજૂર કરવાની સત્તા સક્ષમ અધિકારીશ્રી પાસે અબાધિત રહેશે.

તા.૦૬/૦૩/૨૦૨૬
સ્થળ : તા.પં. અંજાર

(નામાનિ/કચ્છ/૧૫૩૫/૨૦૨૫-૨૬)

--Sign--
તાલુકા વિકાસ અધિકારી
અંજાર-કચ્છ

### પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન

### એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ

EOI નોટીફિકેશન નં. ADI/OPTG/01/2026 તારીખ : ૦૫/૦૩/૨૦૨૬

**વિગત : ઈ-બિડ**

**કામનું નામ:** અમદાવાદ મંડળ (પ.રે.) ના સંચાલન વિભાગના મલ્ટી-ડિસિપ્લિનરી ડિવિઝનલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટ માટે મિનિએચર મોડ્યુલ અને સિમ્યુલેશન-આધારિત મોડેલ રૂમના વિકાસ માટે એક્સપ્રેશન ઓફ ઇન્ટરેસ્ટ (EOI) માટે માંગણી.

**ઇ-બિડ જમા કરાવવાની અને તેની ખુલવાની તારીખ અને સમય :- તારીખ : ૨૭/૦૩/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે.** અધિકૃત સહીકર્તા દ્વારા યોગ્ય રીતે સહી કરેલ કવર લેટર સહિતની એક્સપ્રેશન ઓફ ઇન્ટરેસ્ટ તમામ જરૂરી દસ્તાવેજો સહિત સીલબંધ કવારમાં રજૂ કરવાની રહેશે અથવા eoimrsbt@gmail.com ખાતે ઈમેઈલ દ્વારા અથવા GEM મારફતે ઓનલાઈન મોકલી શકાશે. પ્રસ્તાવોની રજૂઆત અને પુછપરછ માટે ઓફિસની વિગતો નીચે આપવામાં આવેલ છે.

**વેબસાઈટ વિગતો જ્યાંથી બિડ દસ્તાવેજ ડાઉનલોડ કરી શકાશે, ઓફિસનું સરનામું અને નોટીસ બોર્ડનું સ્થાન જ્યાં બિડની સંપૂર્ણ વિગતો જોઈ શકાશે : વેબસાઈટ : https://gem.gov.in/ ઓફિસનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઓપરેશન્સ) ઓફિસ, ડીઆરએમ ઓફિસ, પ્રથમ માળ, ઓપરેટીંગ વિભાગ, ચામુંડા માતા મંદિર પાસે, ન્યુ સ્વદેશી મીલ સામે, નરોડા રોડ, પોસ્ટ: સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨ ૩૪૫ (ગુજરાત).

ADI-301

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly


# જ્યાં નારીનું સન્માન થાય ત્યાં ઈશ્વરી શક્તિ હોય છે



**જૂની પેઢીના આદર્શ શિક્ષિકા અને નાગર જ્ઞાતિના પીઢ વડીલનું આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની પૂર્વ સંધ્યાએ સન્માન કરાયું**

ભુજ - કચ્છઉદય : શહેરના હાટકેશ સેવા મંડળ, અંબિકા મહિલા મંડળ અને સંસ્કૃત પાઠશાળાના ઉપક્રમે આંતર રાષ્ટ્રીય મહિલા દિવસની પૂર્વ સંધ્યાએ જુની પેઢીના આદર્શ શિક્ષિકા નાગર જ્ઞાતિના સુજ્ઞાબેન અરૂણભાઈ બક્ષી (ઉ.વ.૮૪)નું વિશેષ બહુમાન સંસ્થાના વડીલ વત્સલાબેન શુક્લ અને પ્રમુખ જયશ્રીબેન એસ.હાથીના વડપણ હેઠળ તેમના નિવાસ્થાને સન્માન કરી ગુરુ પૂજન કરાયું હતું. પ્રારંભમાં તેમના પરિવાર દ્વારા સૌને આવકાર આપવામાં આવ્યો હતો. ત્યારબાદ તેમનું કચ્છી પાઘડી, સાલ અને ગીતાજીનું પુસ્તક, શ્રીફળ, સાકર અને હાટકેશ ખેસ સાથે મુખ્ય મહેમાનો ઉપરાંત પારુલબેન બુચ, આશાબેન સ્વાદીયા, તુષારભાઈ ધોળકિયા, અક્ષયભાઈ અંતાણી, કિશોરભાઈ મચ્છર, આશિષભાઈ વૈદ્યએ હાજર રહી તેમનું બહુમાન કરી ગુરુ વંદના કરી હતી. આ પ્રસંગે સન્માન બદલ શ્રીમતી બક્ષીએ સંસ્થાનો આભાર માન્યો હતો. જ્યાં નારી શક્તિનું સન્માન થાય ત્યાં ઈશ્વરશક્તિ હોય છે. આજે પણ તેઓ તેમની પાસે શિક્ષણ મેળવેલા વિદ્યાર્થીઓના હૃદય સ્થાનમાં છે. તેમના પરિવારજનો પ્રો.ગીરીનભાઈ બક્ષી, ફાલ્ગુનીબેન બક્ષી, પરમભાઈ બક્ષી અને મંદારભાઈ બક્ષી વગેરે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન વિભાકરભાઈ અંતાણીએ જ્યારે આભારવિધિ વારિસભાઈ પટણીએ કરી હતી તેવું દર્શનાબેન મુનશીની યાદીમાં જણાવાયું છે.

## સ્વસ્થ જીવન તરફ સૌની મદદ કરવાનો નિર્ધાર : ભક્તિબેન સોની



ભુજ - કચ્છઉદય : ભક્તિબેન સોની નેચરોપથીની સારવાર આપે છે. પોતાના ઘરેથી કુદરતી પદ્ધતિથી દર્દીઓને સારવાર આપે છે. ડાયાબિટીસ જેવા જટિલ રોગ ઉપરાત વજન ઘટાડવા, વધારવા અને ખાસ તો તણાવના નિયંત્રણ માટે તેમની સારવાર ખૂબ જ કારગત નિવડે છે. તેમના પિતાને કેન્સર થતા તેમણે સારવારમાં વધારે ધ્યાન કેન્દ્રિત કર્યું અને ભવિષ્યમાં બીજા દર્દીઓને સેવા આપવાનો એમણે નિર્ધાર કર્યો. અને હવે રસ પડ્યો છે. ગુજરાતી ઉચ્ચાર અને લાઈફ સ્ટાઈલ માટે માર્ગદર્શન આપી અને સ્વસ્થ જીવન તરફ સૌની મદદ કરવાનો તેમનો નિર્ધાર છે. એમના મો. નંબર ૯૯૦૯૧ ૩૩૪૫૫ ઉપર સંપર્ક કરવાથી તેમને મળી શકાશે.

## ઔરા રેસીન આર્ટના માધ્યમથી નીલમબેન મારૂએ ઓળખ ઊભી કરી



ગાંધીધામ - કચ્છ ઉદય : ઔરા રેસીન આર્ટના માધ્યમથી ગાંધીધામના નીલમબેન મારૂએ નવી ઓળખ ઊભી કરી છે. યાદોને રેઝિન આર્ટ દ્વારા જીવંત કરી શકાય છે, જેમાં ડિઝાઈનર ઘડિયાળ, પર્સનલાઈઝ્ડ ફોટો ફ્રેમ, મનમોહક પૂજા થાળી, આકર્ષક નેમ પ્લેટ અને યુનિક ગિફ્ટ માટે તેમનો મોબાઈલ નંબર ૮૭૫૮૭ ૮૪૧૮૭ ઉપર સંપર્ક સાધી શકાશે.

## આજે આંતરરાષ્ટ્રીય વિશ્વ મહિલા દિવસ

# મહિલા પ્રધાન નર્સિંગ વ્યવસાયમાં હવે પુરુષોસ્ત્રી સમકક્ષ બનવા ક્રિયાશીલ પણ જોજનો દૂર

**અદાણી સંચાલિત ગેઈમ્સ જી.કે. જનરલ હોસ્પિટલમાં નર્સિંગ વ્યવસાયમાં ૭૮ ટકા મહિલાઓ અને ૨૨ ટકા પુરુષોઃ મહિલાઓમાં ધૈર્ય, સહનશીલતા અને તણાવ ઝીલવાની ક્ષમતા તેમને આ ક્ષેત્રે સફળ બનાવે છે**

ભુજ - કચ્છઉદય : પુરુષ પ્રધાન માનસિકતા ધરાવતા સમાજમાં કહેવાય છે કે હવે મહિલાઓ પુરુષ સમોવડી બની રહી છે અથવા બની ગઈ છે,પરંતુ હોસ્પિટલ જેવા સેવા અને કરુણાસભર નર્સિંગ વ્યવસાયમાં આજે પણ મહિલાઓનો દબદબો છે, જ્યાં પુરુષો મહિલા સમકક્ષ બનવા આગળ આવી રહ્યા છે, તેમ છતાં આજે પણ આ સેવાક્ષેત્રમાં પુરુષો હજુ મહિલાઓથી જોજનો દૂર છે.

અદાણી સંચાલિત ગેઈમ્સ જી. કે. જનરલ હોસ્પિટલમાં નર્સિંગ કારકિર્દીમાં મહિલા અને પુરુષ કર્મીઓ વચ્ચે ૭૮ ટકા મહિલાઓ અને ૨૨ ટકા પુરુષો નર્સિંગ સેવામાં કાર્યરત છે.જે ગયા વર્ષ કરતા કુલ સંખ્યામાં વધારો થયો છે. પુરુષની સરખામણીમાં બહેનો શામાટે આ કારકિર્દીમાં સફળ થાય છે, એ અંગે પાંચ મહત્વના કારણો અંગે નર્સિંગ સુપ્રિ.બેટી થોમસે કહ્યું કે,મહિલાઓ આ ક્ષેત્રમાં આવે એ માટે મનોવૈજ્ઞાનિક,સામાજિક અને પારંપારિક કરણો ભાગ ભજવે છે.જેમાં મહિલાઓમાં રહેલી સંવાદની કલા, કોમળતા અને સહાનુભૂતિ ભર્યા ભાવનાત્મક સ્વભાવની ચાવીરૂપ ભૂમિકા છે.જે દર્દીની સંભાળ માટે મહત્વપૂર્ણ હોય છે. હોસ્પિટલમાં આમ તો દરેક રોગના દર્દીઓ માટે સારસંભાળ મહત્વપૂર્ણ હોય છે,પરંતુ પ્રસુતિ,બાળરોગ અને મહિલા વોર્ડમાં દર્દીઓ અને બાળકો સાથે મહિલાઓ અધિક સહજ બની જતી હોવાથી તેઓ સુરક્ષિતતા મહેસૂસ કરે છે. નર્સિંગ તણાવ યુક્ત વ્યવસાય છે.લાંબા સમય સુધી કામ કરવું પડે છે.કોઈપણ આકસ્મિક પરિસ્થિતિનો સામનો કરવો પડે છે.માટે ધૈર્ય, સહનશીલતા અને તણાવ ઝીલવાની ક્ષમતા માત્ર મહિલાઓમાં જ જોવા મળતી હોવાથી તેઓ સફળ થઈ શકે છે. જોકે હવે ક્રમશઃ પુરુષો પણ નર્સિંગ વ્યવસાયમાં આવી મહિલા સમકક્ષ બનવા ક્રિયાશીલ બન્યા છે.

## ગેઈમ્સમાં મહિલા સશક્તિકરણ

**ભુજ - કચ્છઉદય : જી.કે.જનરલ હોસ્પિટલમાં માત્ર નર્સિંગ સાથે બીજા એવા ઘણા વિભાગો છે જ્યાં નેતૃત્વ પ્રદાન કરી મોરચો સાંભળ્યો છે. જેમાં મેડિસિન, મનોચિકિત્સા, સ્ત્રીરોગ, બાળરોગ, નેત્ર ચિકિત્સા, દંત ચિકિત્સા, સ્કિન, પ્લાસ્ટિક સર્જરી, પેથોલોજી, બ્લડબેંક, એનેસ્થેસિયા, ફિઝિયો થેરાપી વિભાગ તેમજ નર્સિંગ સુપ્રિ. આસિ.નર્સિંગ સુપ્રિ.તેમજ ઈનચાર્જ નર્સિંગ જેવા અગત્યના વિભાગોનું નેતૃત્વ મહિલાઓ સાંભળે છે.**

## આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી ઉપલક્ષમાં...

# જાયન્ટ્સ સાહેલી ગ્રુપ ઓફ ભુજ દ્વારા સફાઈ કામદાર બહેનોનું સન્માન કર્યું







ભુજ - કચ્છઉદય : આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી નિમિત્તે સ્ત્રી સશક્તિકરણ માટે જાયન્ટ્સ ગ્રુપ ઓફ ભુજ સાહેલી દ્વારા સફાઈ કામદાર સાહેલી બહેનોનું સન્માન કરવામાં આવ્યું હતું.

સંચાલન કરનાર શીલાબેન ભટ્ટ, પ્રથમ ભુજ સાહેલી ગ્રુપના પ્રમુખ ગોપીબેન રાઠોડ, ફેડ-૩બીના પ્રમુખ , સેક્રેટરી પ્રદિપકુમાર જોશી, ખજાનચી હેમંતભાઈ ઠક્કર, શાંતિલાલ પટેલ, ભુજ ગ્રુપના પ્રમુખ અભિલાષ મહેતા, કચ્છ મહિલા ડેવલપમેન્ટ ઓફિસર મીનાબેન વાઘમશી, ભુજ નગરપાલિકાના કાઉન્સિલર રસિલાબેન પંડયા, યુનિટ ડાયરેક્ટર જયસિંહ પરમાર, યુનિટ ઓફિસર અરૂણકુમાર જોશી મંચસ્થ પર સ્થાન ગ્રહણ કરી દિપ પ્રાગટય કર્યું હતું. સમુહમાં જાયન્ટ્સ પ્રાર્થના, ભુજ સાહેલી ગ્રુપના હોદ્દેદારો હસ્તે મંચસ્થના મહાનુભાવોનું સન્માન કર્યું હતું. પ્રમુખ ગોપીબેન રાઠોડે શાબ્દિક સ્વાગત કરેલ. મહાનુભાવો હસ્તે સફાઈ કામદારને ભુજ સાહેલી ગ્રુપ દ્વારા મહિલા દિન ઉજવણી નિમિત્તે દરેકને સાડી આપીને સન્માન કરવામાં આવેલ. કામદારની તંદુરસ્તી સારી રહે તે માટે હેમોગ્લોબીન અને બ્લડપ્રેશર ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું.

પ્રમુખ અભિલાષ મહેતાએ રજીસ્ટ્રેશન કરેલ. ડાયરેક્ટર જયસિંહ પરમારે હિમોગ્લોબીન ચેકઅપ કરેલ અને યુનિટ ઓફિસર અરૂણકુમાર જોશીએ બ્લડપ્રેસર ચેક કરેલ. બહોળી સંખ્યામાં લાભ લીધેલ. જેમાં સાહેલી ગ્રુપના ખજાનચી અંજલી મહેતા, લીલાબેન પટેલ, ભારતીબેન ઠક્કર, રાધાબેન પટેલ, દર્શનાબેન ત્રિવેદી, વીણાબેન માંડલિયા, હર્ષાબેન શર્મા, વિશ્વાધલ રાઠોડ, વિજયાબેન રૂપારેલ, મંત્રી માલીનીબેન સોની અને મંત્રી બિપિન ભાઈ ઠક્કરે વ્યવસ્થા સંભાળેલ હતી. અશોકભાઈ માંડલિયા ઉપસ્થિત રહી સહયોગ આપેલ હતો.

## પાનીબેન રાઠોડનું ભરતકામ દુનિયામાં ઓળખ બન્યું



મુંદરા - કચ્છઉદય : પાનીબેન પ્રભુભાઈ રાઠોડ પ્રાગપર ગામના રહેવાસી છે. તેમના સૂફ ભરતકામ આખી દુનિયામાં ઓળખ બન્યા છે. તેઓ દોરા દ્વારા કાપડ પર ભરતકામની ડિઝાઈન કરે છે, જેમાં હાથ રૂમાલ, પર્સ, પોટલી બેગ, સાડી, કુર્તી, સાલ, દુપટ્ટા અને ઘરની સજાવટ માટે તોરણ અને ચાકરા વગેરે વસ્તુઓ બનાવીને કચ્છની હસ્તકલાની સંસ્કૃતિને ટકાવી રાખવા પ્રયત્ન કરે છું. નાના નાના ગામથી વિશ્વના દૂર દૂરના દેશો સુધી આપ સૂઝથી આગળ વધનાર પાનીબેન જેવા મહિલાઓને વંદન છે. તેમનો મોબાઈલ ફોન નંબર ૯૭૨૬૫ ૦૬૯૫૮ ઉપર હસ્તકલામાં કામ કરવા ઈચ્છતા બહેનો માર્ગદર્શન લઈ શકે છે.

## આંતર રાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે એલએલડીસી ક્રાફ્ટ મ્યુઝિયમમાં તમામ મહિલાઓને મ્યુઝિયમમાં નિઃશુલ્ક પ્રવેશ અપાશે

ભુજ - કચ્છઉદય : શ્રુજન - એલએલડીસીના સંસ્થાપક પૂજ્ય ચંદાબેન શ્રોફ "કાકી" દ્વારા ૧૯૬૯ માં શરૂ કરાયેલ અને છેલ્લા ૫૬ વર્ષોથી અવિરત ગ્રામીણ મહિલા કારીગરોને ભરતકામ દ્વારા ઘર બેઠા રોજગારી પૂરું પાડતી અને કચ્છની ભાતીગળ લોક સંસ્કૃતિને ઉજાગર કરતી તથા હસ્તકળાને સતત પ્રોત્સાહિત કરી તેનું સંરક્ષણ અને સંવર્ધન કરી આ વૈભવશાળી વારસાને જાળવવા અને દેશ-વિદેશમાં લોકપ્રિય અને પ્રસિદ્ધિ માટે સતત પ્રયત્નશીલ શ્રુજન સંસ્થા અને તેના આંતરરાષ્ટ્રીય કક્ષાના હસ્તકળાના ક્રાફ્ટ મ્યુઝિયમ - "લિવિંગ એન્ડ લર્નિંગ ડિઝાઈન સેન્ટર" - એલએલડીસીમાં આવતીકાલે ૮ માર્ચના "આંતર રાષ્ટ્રીય મહિલા દિન" નિમિત્તે કચ્છ અને કચ્છ બહારની સૌ મહિલાઓને આ મ્યુઝિયમમાં ભાવભેર નિઃશુલ્ક નિમંત્રિત કરી આ ગ્રામીણ કારીગર બહેનોની હસ્તકળા ભરતકામને બિરદાવવા અને પ્રોત્સાહિત કરવા આવકાર આપે છે. સાથોસાથ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે તેની ગરિમાને વધારવા તથા કચ્છની ગ્રામીણ કારીગર મહિલાઓની હસ્તકળાની સમૃદ્ધિને નિહાળવા સર્વે મહિલાઓને મ્યુઝિયમ માં પધારવા અને તેમની કલાત્મક શ્રેષ્ઠતમ કૃતિઓને નિહાળવા નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે.

# પાનધ્રો ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરાઇ





ભુજ - કચ્છઉદય : મહિલા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ પાનધ્રો દ્વારા આયોજીત આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના કાર્યકમ લખપત તાલુકા પંચાયત મીશન મંગલમ અને કપુરાશી, ફુલરા, કોરીયાણી, સોનલપર, નવાનગર, પાનધ્રોની બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

દિપ પ્રાગટય સખી મંડળની મહિલાઓના હસ્તે કરી અને કાર્યકમને ખુલ્લો મુકયો હતો. કાર્યકમના અધ્યક્ષ રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકના જિલ્લા વિકાસ મેનેજર નિરજકુમારસિંઘ રહ્યા હતા. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ભુજના હેડ ભારતીબા સોઢા, નવીનકુમાર સાગર એરપોર્ટ ઓથોરિટી ભુજ, દિલીપભાઈ પટેલ સીએસઆર મેનેજર સુઝલોન, ડો. રિશીભાઈ સુઝલોન, એકતા વિકાસ સમિતિ પાનધ્રોના મંત્રી મહેશભાઈ ઠક્કર, મહિલા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ પાનધ્રો પ્રમુખ રમીલાબેન પટેલ, હિમલબેન વૈદ્ય સાજીરો ફાઉન્ડેશન, મીતાબેન વેગડ મહિલા મંડળ, મિશન મંગલમ લખપત તાલુકાના મહેન્દ્રસિંહ સોઢા ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનનું શાબ્દીક સ્વાગત રમીલાબેન પટેલે કર્યું હતું. મહેમાનોનું પુષ્પગુચ્છ આપીને સખી મંડળની બહેનોએ સન્માન કર્યું હતું.

મેનેજર નિરજકુમાર સિંઘે સખી મંડળની મહિલાઓને અંતરાષ્ટ્રીય મહિલા દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. સખી મંડળ દ્વારા ચાલતી પ્રવૃતિઓ જોતા આનંદ થયો હતો. છેવાડાના વિસ્તારમાં ઘરની જવાબદારીઓ સાથે મહિલાઓ ઘરે બેઠા રોજગાર મેળવી રહ્યા છે, તો વધારે રોજગારી માટે માહિતી આપી હતી. રોજગાર સાથે બાળકોને શિક્ષણ પર ભાર મૂક્યો હતો.

ભારતીબા સોઢાએ સખી મંડળ દ્વારા ખુબ સરસ આયોજન ગોઠવ્યું છે, જેમાં મોટી સંખ્યામાં બહેનો મહિલા દિવસની ઉજવણી કરી રહીં છે, ત્યારે જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા મદદરૂપ થવા સખી મંડળને ખાતરી આપી હતી. ચામુંડા સખી મંડળના પ્રમુખ મીનાબા ચૌહાણે હર હંમેશ માટે દરેક સખી મંડળને નાબળની ટીમ મિશન મંગલમ લખપત અને સાજીરો ફાઉન્ડેશન જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર ભુજનો સાથ સહકાર મળે છે તે બદલ સંસ્થાઓ આભાર વ્યક્ત કર્યો હતો. મહિલાઓ માટે વિશેષ આયોજન કરી ને આગળ લાવવા માટે મહિલા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ પાનધ્રો કામ કરી રહ્યું છે તેવું જણાવ્યું હતું. ભરત કામમા વિજેતા થયેલી બાલીકાઓ તેમજ સખી મંડળની બહેનોને સાજીરો ફાઉન્ડેશન દ્વારા ટ્રોફી આપીને સન્માનિત કરવામાં આવ્યું હતું. સંચાલન મહેશભાઈ ઠક્કરે અને આભાર વિધિ મહેન્દ્રસિંહ સોઢાએ કર્યું હતું. કાર્યકમને સફળ બનાવવા મીલીબેન પટેલ, પ્રિયંકાબા ચૌહાણ, નમ્રતાબા સોઢાએ જહેમત ઉઠાવી હતી.

## લોકસેવા સાર્વજનિક ટ્રસ્ટ, ભુજને મહિલા કલ્યાણ ક્ષેત્રે રાજ્ય સ્તરે સન્માન

ભુજ - કચ્છઉદય : મહિલાઓના કલ્યાણ, સુરક્ષા અને સશક્તિકરણ ક્ષેત્રે નોંધપાત્ર સેવાકાર્ય માટે શ્રી લોકસેવા સાર્વજનિક ટ્રસ્ટ, ભુજને મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય તરફથી વિશ્વ મહિલા દિવસની પૂર્વ સંધ્યાએ રાજ્ય સ્તરે સન્માનિત કરવામાં આવ્યા હતા.. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે મુખ્યમંત્રી નિવાસ મથક ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહિલાઓના ઉત્કર્ષ અને સશક્તિકરણ માટે કરવામાં આવેલી ઉત્તમ કામગીરી બદલ ટ્રસ્ટને એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન મહિલાઓના કલ્યાણ, સશક્તિકરણ અને વિકાસ સાથે જોડાયેલા વિવિધ મુદ્દાઓ પર મુખ્યમંત્રી સાથે સંવાદ પણ કરાયો હતો, જેમાં વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ પોતાના અનુભવો અને વિચારો રજૂ કર્યા હતા. સંસ્થા તરફથી ટ્રસ્ટી રીન્કુ જણસારી અને મંત્રી હેમેન્દ્ર જણસારીએ ઉપસ્થિત રહી એવોર્ડ સ્વીકાર્યો હતો.

# યુધ્ધથી પ્લાસ્ટીક ઉદ્યોગ પર પનોતી : ૭૦ ટકા એકમો બંધ થવાનો ખતરો

**રીલાયન્સ સહિતની કંપનીઓએ પ્લાસ્ટીક દાણામાં ધરખમ વધારો ઝીંક્યો : ૩૦ ટકા યુનિટો ઠપ્પ થવાની અણીએ : તમામ કાચા માલ મોંઘા - જુના ઓર્ડરો પૂર્ણ કરવાનું મુશ્કેલ : પીવીસી પાઇપથી માંડીને તમામ પ્લાસ્ટીક પ્રોડક્ટમાં સરેરાશ ૨૦ ટકા વધારો છતાં ઉત્પાદન પોષાય તેમ ન હોવાનો દાવો**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : અમેરિકા-ઈઝરાયેલ તથા ઈરાન વચ્ચેના યુધ્ધને કારણે વિવિધ ક્ષેત્રો પર ગંભીર અસર પડી છે અને તેમાં પ્લાસ્ટીક ઉદ્યોગ પણ ઝપટે ચડી ગયો છે. રીલાયન્સ સહિતની પ્લાસ્ટીકના દાણા સપ્લાય કરતી કંપનીઓએ છેલ્લા દિવસોમાં ધરખમ ભાવ વધારો કરી દેતા પ્લાસ્ટીક પ્રોડક્ટ રાતોરાત ૨૦ ટકા મોંઘી થઇ ગઇ છે અને કારખાનાઓ ચલાવવાનું મુશ્કેલ બનતા આવતા દિવસોમાં ૭૦ ટકા કારખાનાઓમાં ઉત્પાદન બંધ થવાના એંધાણ છે.

પ્લાસ્ટિક મેન્યુફેક્ચર એસો.ના પૂર્વ પ્રમુખ કિશોરભાઇ સંઘવીએ જણાવ્યું હતું કે, યુધ્ધની અસર હેઠળ પ્લાસ્ટિક ઉદ્યોગ ઠપ્પ થવાના આરે આવી ગયો છે. કારણ કે રો-મટીરીયલના ભાવમાં ધરખમ વધારો થયો છે. રિલાયન્સ ગેઇલ, ઓએનજીસી સહિતની કંપનીઓ દ્વારા છેલ્લા દિવસોમાં ૩૦ ટકા કે તેથી પણ વધુના ભાવ વધારો ઝીંકવામાં આવ્યો છે. પ્લાસ્ટિક ઉદ્યોગનો મુખ્ય રો-મટીરીયલ પ્લાસ્ટિકના દાણા જ છે અને તેમાં ધરખમ વધારાથી ઉદ્યોગનો પ્રોડકશન ખર્ચ પણ વધી જવાનું સ્પષ્ટ છે. પ્લાસ્ટિક ઉદ્યોગોએ પણ વિવિધ પ્રોડકટના ભાવમાં ૨૦ ટકા જેવો ભાવ વધારો કરી દીધો છે. પરંતુ ઉંચા ભાવે ડિમાન્ડ અટકી જવાનું સ્પષ્ટ છે. ઉપરાંત જુના ઓર્ડર જુના ભાવે આપવાનું પણ મુશ્કેલ છે. આ સંજોગોમાં હાલ ઉદ્યોગ ઠપ્પ જેવી દશામાં આવવા લાગ્યો છે.

સુત્રોના કહેવા પ્રમાણે ૩૦ ટકા જેટલા એકમોમાં ઉત્પાદન અટકી જવાની સંભાવના છે. ઉપરાંત અન્ય ૩૦-૪૦ ટકા એકમો આવતા દિવસોમાં ઉત્પાદન બંધ કરી દે તેવી શકયતાનો ઈન્કાર થઇ શકતો નથી. પ્લાસ્ટિક દાણાનો ભાવ ૮૦થી ૮૫ રૂપિયા ચાલતો હતો તેના હવે ૧૨૫થી ૧૩૦ થઇ ગયા છે. પ્લાસ્ટિકના દાણા ઉપરાંત કેમિકલ્સ જેવી ચીજો પણ મોંઘી થઇ છે. રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં નાના-મોટા ૧૨૦૦ જેટલા પ્લાસ્ટિક યુનિટો છે અને તમામમાં હાલત એક સરખી જ છે.

આવતા દિવસોમાં યુધ્ધ મોરચે કેવો વળાંક આવે છે તેના પર સમગ્ર મદાર છે. પ્લાસ્ટિક દાણાનો ભાવ વધારો કરનાર કંપનીઓને પણ વિદેશી આયાત થતી સામગ્રીમાં અછતનો સામનો કરવો પડી રહ્યો છે એટલે દેખીતી રીતે ભાવ વધારો કરાયો છે. મહત્વની વાત એ છે કે, યુધ્ધનો અંત આવે કે કોઇ પોઝીટીવ કારણ ઉભુ થાય તો પ્લાસ્ટિકના દાણા ધડાધડ નીચા આવવા લાગે આ હકીકતને ધ્યાનમાં રાખીને ઉદ્યોગકારો પણ વર્તમાન ઉંચા ભાવે પ્લાસ્ટિકના દાણા લઈને પ્રોડકશન ચાલુ રાખવાના મુડમાં નથી.

વર્તમાન પરિસ્થિતિમાં કોઈ સુધારો ન થાય તો આવતા દિવસોમાં પ્લાસ્ટિક ઉદ્યોગ ઠપ્પ થઈ ગયો હોય તેવી હાલત ઉભી થવાની શંકા નકારાતી નથી.

## અમેરિકામાં ૯૬ કિ.મી. પ્રતિકલાકની ઝડપે વાવાઝોડું ત્રાટક્યું, ૬નાં મોત, ૫૦ લાખથી વધુ લોકોને અસર

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : અમેરિકાનોના માથે પ્રમુખ ટ્રમ્પના સ્વરૂપમાં ઝીંકાયેલું વાવાઝોડું જાણે ઓછું પડતું હોય તેમ કુદરત પણ તેમને ટોર્નેડોના સ્વરૂપમાં બીજા ફટકા મારી રહી છે. આ બતાવે છે કે અમેરિકનોની બરોબરની માઠી દશા બેઠી છે. અમેરિકામાં દક્ષિણ મિશિગનમાં ફૂંકાયેલા વાવાઝોડામાં છના મોત થયા છે. જ્યારે ૧૨ને ઈજા થઈ છે. તેના કારણે કમસેકમ ૫૦ લાખથી વધુ લોકોને અસર થઈ શકે છે.

અમેરિકા અત્યારે ઈરાનમાં બોમ્બાર્ડિંગ કરી રહ્યું છે તો કુદરત પણ જાણે તેને જવાબ આપતી હોય તેમ અમેરિકામાં તેની આગવી રીતે તોફાન મચાવી રહી છે. અમેરિકામાં થીજી ગયેલા યુનિયન લેક પર સર્જાયેલા વાવાઝોડાને અને પછી તેને ત્રાટકતા એક મહિલાએ જોયું હતું. આ જોઈને તે આઘાતની મારી અવાચક થઈ ગઈ હતી. તેણે જણાવ્યું હતું કે શક્તિશાળી વાવાઝોડાના કારણે અનેક ઘરો જાણે વાવાઝોડામાં ઉડયા હતા. કેટલાય મકાનો ધ્વસ્ત થઈ ગયા હતા. આખા વિસ્તારના મોટાભાગના મકાનોને વાવાઝોડાએ ધ્વસ્ત કરી દીધા હતા.

મિશિગનમાં દર વર્ષે સામાન્ય રીતે ૧૫ વાવાઝોડા આવતા હોય છે. તેની સામે ટેક્સાસમાં ૧૫૫ અને કેન્સાસમાં ૯૬ જેટલા ટોર્નેડો વર્ષે આવે છે. કદાચ આ જ કારણે અમેરિકન પ્રમુખ ટ્રમ્પનો સ્વભાવ પણ આ પ્રકારના વાવાઝોડા જેવો બની ગયો લાગે છે, કારણ કે તે પોતે પણ એક આગવું વાવાઝોડું છે.

મિશિગનના ગવર્નરે શુક્રવારથી જ સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરને સક્રિય કરી દીધુ હતુ, જેથી તે વાવાઝોડાની કટોકટીનો પ્રતિસાદ આપી શકે. બિનસત્તાવાર અહેવાલો મુજબ વાવાઝોડું પ્રતિકલાક ૯૬ કિ.મી.ની ઝડપે ફૂંકાઈ રહ્યુ હોવાનો નજરે જોનારાઓને અંદાજ છે. વાવાઝોડાના કારણે વીજળીના થાંભલા ઉખડી જતાં મોટા હિસ્સામાં લોકોએ વીજવિહીન સ્થિતિમાં જીવવાનું આવ્યું છે. આ ઉપરાંત ટોર્નેડોના કારણે ૫૦ કિ.મી. જેટલા રસ્તાને પણ નુકસાન થયું છે. વાવાઝોડાના કારણે કેન્સાસ સિટી, મિસૌરી અને ટોપેકા સહિતના કેટલાય વિસ્તારોમાં ખરાબ હવામાનનું જોખમ વધી ગયું છે.

# યુદ્ધને કારણે ઓઈલ-ગેસની કટોકટી વચ્ચે ઓસ્ટ્રેલિયા-કેનેડાએ ભારત તરફ મદદનો હાથ લંબાવ્યો

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : મધ્ય-પૂર્વમાં યુદ્ધના કારણે ઈરાને દુનિયાના ક્રૂડ ઓઈલના પૂરવઠાની સૌથી મોટી સપ્લાય ચેઈન હોર્મુઝની ખાડીમાં ગેસ અને ઓઈલ ટેક્રરોના પરીવહન પર પ્રતિબંધ મૂકી દેતાં દુનિયામાં ઓઈલ કટોકટી સર્જાઈ છે. આવા સમયે ભારતમાં ક્રૂડ ઓઈલ કરતાં ગેસ પુરવઠાની અછત સર્જાઈ શકે છે. જોકે, હવે ઓસ્ટ્રેલિયા અને કેનેડાએ ભારતને વધારાનો ગેસ પૂરો પાડવા તૈયારી બતાવી છે. એટલું જ નહીં ભારતે તેના ક્રૂડ ઓઈલ અને ગેસની ખરીદીના સ્રોત વધાર્યા છે. બીજીબાજુ ભારતે ૧૧ મહિનામાં જ બીજી વખત રાંધણ ગેસના ભાવમાં તોતિંગ વધારો કર્યો છે.

મધ્ય-પૂર્વમાં અમેરિકા અને ઈઝરાયેલના ઈરાન સામે સંયુક્ત યુદ્ધના પગલે દુનિયભારમાં ઊર્જા કટોકટીની આશંકા પ્રવર્તી રહી છે. આવા સમયે ભારતે પણ તેના વૈકલ્પિક ઊર્જા સ્રોતો મારફત તેની ઊર્જા સુરક્ષાને મજબૂત કરવાનું વલણ અપનાવ્યું છે. આ સંજોગોમાં ઓસ્ટ્રેલિયા, કેનેડા અને અન્ય કેટલાક દેશોએ ભારતને વધારાનો ગેસ પુરવઠો ઓફર કર્યો છે તેમ સરકારી સૂત્રોએ શનિવારે જણાવ્યું હતું.

મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધના કારણે ઈરાને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંધ કરી હોવાની બાબતને ટાંકીને સરકારી સૂત્રોએ કહ્યું કે, ભારત માટે તેની ક્રૂડ આયાતો માટે આ જ એકમાત્ર માર્ગ નથી. તેમણે ખાતરી આપી કે એક જ જળમાર્ગે પર ભારતની નિર્ભરતાનો સમય પૂરો થઈ ગયો છે. ભારતે તેની ઊર્જા સુરક્ષા માટે અનેક વિવિધ સ્રોતો પાસેથી ક્રૂડ ઓઈલ અને ગેસની ખરીદીના વિકલ્પો ઘણા સમય પહેલા જ અપનાવી લીધા હતા. ભારત હાલમાં રશિયા, પશ્ચિમ આફ્રિકા, અમેરિકા, મધ્ય એશિયા અને નોન ગલ્ફ મીડલ ઈસ્ટર્ન માર્ગોથી ઊર્જા સંશાધનોની આયાત કરે છે. આથી કોઈ એક કોરીડોરમાં વિક્ષેપથી પુરવઠો ખોરવાતો નથી.


ભારતે છેલ્લા ૧૦ વર્ષમાં તેની ક્રૂડ ઓઈલની જરૂરિયાતો માટેના સ્રોત ૨૭ દેશોથી વધારીને ૪૦ દેશ કરી નાંખ્યા છે, જે છ ખંડોમાં ફેલાયેલા છે. આથી મધ્ય-પૂર્વના યુદ્ધની ભારતની ઊર્જા સુરક્ષા પર ગંભીર અસર નહીં થાય અને ભારતમાં પેટ્રોલ-ડીઝલની કોઈ અછત નહીં સર્જાય. ભારતની માત્ર ૪૦ ટકા ક્રૂડ આયાતો હોર્મુઝની ખાડીમાંથી પસાર થાય છે જ્યારે બાકીની ૬૦ ટકા જરૂરિયાતો અન્ય માર્ગો પરથી આવે છે, જેના પર આ યુદ્ધની કોઈ અસર પડી નથી. ભારત તેની ઊર્જા સુરક્ષાને મજબૂત કરવા માટે વૈકલ્પિક સંશાધનોની શોધ ચાલુ રાખશે.

## વસંત ઋતુમાં પ્રકૃત્તિ સોળે કળાએ ખીલી ઉઠે છે



ભુજ - કચ્છઉદય : વસંત ઋતુને પ્રકૃતિનો સૌથી રંગીન અને આનંદમય સમય માનવામાં આવે છે. આ ઋતુમાં માત્ર કેશૂડા (પલાશ) જ નથી ખીલતા, પરંતુ વસંતના આગમન સાથે અનેક પ્રકારના ફૂલો ખીલવા લાગે છે અને સમગ્ર પ્રકૃતિ રંગબેરંગી બની જાય છે. શિયાળાની ઠંડી પછી વસંત આવે ત્યારે વાતાવરણ સુમેળભર્યું અને સોહામણું બને છે. ઝાડ-વૃક્ષોમાં નવી કૂંપળો ફૂટે છે, લીલોતરી છવાઈ જાય છે અને વિવિધ ફૂલો ખીલી ઊઠે છે. કેશૂડા પોતાના કેસરિયા રંગથી જંગલોને રંગીન બનાવી દે છે, પણ સાથે સાથે ગુલાબ, મોગરો, ચંપો, જુહી, ગલગોટા અને અન્ય આકડા જેવા વૃક્ષોનાં પણ અનેક ફૂલો પણ ખીલવા લાગે છે. વસંતમાં ખીલેલા ફૂલોની સુગંધ વાતાવરણને મોહક બનાવી દે છે. માખીઓ, પતંગીયાઓ અને પક્ષીઓ પણ આ ફૂલો તરફ આકર્ષાયિ છે. ખેતરોમાં પાક લહેરાય છે અને પ્રકૃતિમાં નવી ઊર્જા અને જીવનનો અહેસાસ થાય છે. આ રીતે વસંત ઋતુ માત્ર કેશૂડા માટે જ જાણીતી નથી, પરંતુ તે એવી ઋતુ છે જેમાં પ્રકૃતિના લગભગ બધા ફૂલો ખીલીને ધરતીને સુંદર અને રંગીન બનાવી દે છે. તેથી વસંતને ઋતુઓનો રાજા પણ કહેવામાં આવે છે.

# લુણાવાડા લુણંગ દેવ મંદિર 27 વર્ષના મહેનતના અંતે નિર્માણ પામ્યું





ભુજ - કચ્છઉદય : ૨૦૦૨માં સમાજના મોવડીઓ દ્વારા લુણગ દેવની ખંડિત મૂર્તિની જગ્યાને શોધવા માટે મહેશપંથ પવિત્ર માગ મહિનામાં શ્રી પરમ પૂજ્ય શ્રી મંગલ દેવ માતંગ બાયઠ હાલે કાઠડા ગામે મંદિર છે. નવુભા રાઠોડ સોદેવ પીર દાદાના પુજારી, સાઈયાભાઈ શિરોખા જનકપુર સામાજિક આગેવાન, લાલજીભાઈ માતંગ બાયઠ લુણાવાડા વિસ્તારમાં દાદાની શીલા માટે આખો દિવસની મહેનત કરીને દાદાની અતિ પ્રાચીન લુણગશિલા શોધી અને સ્નાન કરાવી સિંદુર ચડાવેલ અને પુજા અર્ચના કરીને દાદાની વિનંતી કરીને નવલખી નાત ગત્ ગંગા માટે પવિત્ર જગ્યા જાણ કરી હતી. બાયઠ ગામના સ્નાન અને બારમતીપંથ કર્યો હતો. દાદાનું પતરાનું શેડ પુજ્ય તેજપાર દાદા ગોધરા (તલાટી) એ બનાવ્યું હતું. કાર્યમા તેઓની વિશનજીભાઈ કન્નડ ગોધરા સહયોગી રહયા હતા

દાતાઓના દાન અને ત્યાં સતત રાત દિવસ એક કરીને મહેનત કરતા લુણાવાડા લુણગ દેવ જીર્ણોધ્ધાર સમિતિના પ્રયાસથી એક ભવ્યાતિભવ્ય મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે. મંદિરનું આજે ૫૦ લાખના ખર્ચે નિર્માણ પામી રહ્યું છે. પરિસરમાં બારામતી હોલનું નિર્માણ ૨૫ લાખના ખર્ચે થશે, મંદિરમાં પાણી ભરાવાના કારણે માટી પુરાણ કામ માટે વિવિધ સંસ્થાઓ



અને રાજકીય આગેવાનો પાસે ૫ હેલ કરાશે, જેથી મંદિર નિર્માણ કાર્ય માટે દાન ડોનેશન આપવા માટે અપીલ કરી છે. તેવું સીસલ ખાતે રહેતા સાંઈયાભાઈ શિરોખા જનકપુર હાલે સીસલ આફ્રિકા ખાતે રહેતા સાઈયાભાઈએ જણાવ્યું હતું.

# મુંદ્રાના રામાણીયા ખાતે 'સેવા સેતુ ૨.૦' કાર્યક્રમ યોજાયો





### ૧૩ ગામોના ૧૫૧ લાભાર્થીઓએ આરોગ્ય સેવાનો લાભ લીધો

મુંદરા-કચ્છઉદય : ગુજરાત સરકારના 'નાગરિક સુધી સરકાર' અભિગમને સાર્થક કરવાના હેતુથી મુંદરા તાલુકાના રામાણીયા ગામે રાજપૂત અતિથિ ગૃહ ખાતે "સેવા સેતુ ૨.૦ (ગ્રામ્ય)" ના બીજા તબક્કાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, મુંદરાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ ક્લસ્ટર કાર્યક્રમમાં રામાણીયા સહિત આસપાસના ૧૩ ગામો જેવા કે મોટી ભુજપુર, નાની ભુજપુર, ગેલડા, દેશલપર, પ્રતાપપર, રામાણીયા, કારાઘોઘા, નાની તુંબડી, મોટી તુંબડી, ડેપા, બોચા, બેરાજા અને બાબીયાના નાગરિકો માટે સ્થળ પર જ વિવિધ સરકારી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય છેવાડાના માનવીને પોતાના ઘર આંગણે જ વહીવટી અને આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવાનો રહ્યો હતો.

આ પ્રસંગે તાલુકા હેલ્થ ઓફિસર ડો.મેહુલ બલદાણીયાના સીધા માર્ગદર્શન હેઠળ નાની તુંબડી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ટીમ દ્વારા આરોગ્યલક્ષી સેવાઓ પુરી પડવામાં આવી હતી. કુલ ૧૫૧ લાભાર્થીઓને વિવિધ આરોગ્ય સેવાઓનો લાભ લીધો હતો જેમાં ૪૮ લોકોની સામાન્ય આરોગ્ય તપાસ, ૨૫ વ્યક્તિઓની બ્લડ પ્રેશર તપાસ, ૨૫ વ્યક્તિઓની ડાયાબિટીસ તપાસ, ૧૦ વ્યક્તિઓની લોહીની તપાસ અને ૪ વ્યક્તિઓની ગળફા તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત માતૃ-બાળ કલ્યાણ અંતર્ગત ૩ સગર્ભા માતાઓની તપાસ કરવામાં આવી હતી તથા ૨૨ લાભાર્થીઓને આયુષ્માન કાર્ડનો લાભ આપવામાં આવ્યો હતો. જનહિતકારી યોજનાઓના ભાગરૂપે નમોશ્રી યોજનાના ૨ ફોર્મ, રાશન કાર્ડ સુધારાના ૧૧ ફોર્મ અને ૧ વૈદ્યકીય સહાયના ફોર્મ ભરીને સ્થળ પર જ નિકાલની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. આ સફળ આયોજનમાં તાલુકા હેલ્થ સુપરવાઈઝર ઝવેરભાઈ નાથાણી, તાલુકા હેલ્થ વિઝીટર કમળાબેન ફફલ, ફીમેલ હેલ્થ સુપરવાઈઝર સુમિત્રાબેન બલાત, કોમ્યુનિટી હેલ્થ ઓફિસર રીનલબેન ચારેલ, આરોગ્ય કાર્યકર વિશાલ પંડ્યા, જયાબેન સીજુ તથા સ્થાનિક આશા કાર્યકર પૂનમબેન ગુંસાઈ અને કુરસાબેન પઠાણે ખંતપૂર્વક સેવાઓ આપી હતી. આસપાસના ૧૩ ગામોના લોકોએ એક જ સ્થળે તમામ સેવાઓ મળતા સરકારના આ પ્રજાલક્ષી અભિગમને આવકાર્યો હતો.

# નખત્રાણામાં મારવાડા પ્રીમિયર લીગમાં જય બાબેરી ઇલેવન ચેમ્પિયન

### સેવાકીય પ્રવૃત્તિઓના લાભાર્થે યોજાયેલી સુપર-૮ ક્રિકેટ સ્પર્ધામાં ૧૪ ટીમોની ઉત્સાહભેર ભાગીદારી

નખત્રાણા - કચ્છઉદય : જીએમડીસી કોલેજના ક્રિકેટ મેદાન ખાતે મારવાડા યુવા ફ્રેન્ડસ ગ્રુપ કચ્છ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓને સહાયરૂપ થવાના હેતુથી સુપર-૮ ક્રિકેટ ટૂર્નામેન્ટ 'મારવાડા પ્રીમિયર લીગ (ભાગ-૨)'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર સ્પર્ધા દરમિયાન ખેલાડીઓમાં રમતો પ્રત્યેનો ઉત્સાહ અને ખેલદિલી જોવા મળી હતી.

આ ટૂર્નામેન્ટમાં કચ્છના વિવિધ વિસ્તારોમાંથી કુલ ૧૪ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં નલિયા, કોઠારા, નખત્રાણા, ભુજ, ધોરડો સહિતના વિસ્તારોની ટીમો જોડાઈ હતી. સ્પર્ધાની શરૂઆત ડાલીબાઈ આશ્રમના મહંત પાર્વતીનાથ માતાજીના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. આ પ્રસંગે વિવિધ રાજકીય તથા સામાજિક આગેવાનો ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહન આપ્યું હતું.

સ્પર્ધા દરમિયાન અનેક રોમાંચક મેચો જોવા મળી હતી. ખેલાડીઓએ ઉત્તમ રમત પ્રદર્શન કરીને દર્શકોનું મનોરંજન કર્યું હતું. ટૂર્નામેન્ટની ફાઈનલ મેચ જય હિન્દ ઈલેવન વર્મસુડા અને જય બાબેરી ઈલેવન મોથાળા વચ્ચે રમાઈ હતી. બંને ટીમોએ જીત માટે જોરદાર ટક્કર આપી હતી, પરંતુ અંતે ઉત્તમ રમતના આધારે જય બાબેરી ઈલેવન વિજેતા બની ચેમ્પિયન બનવામાં સફળ રહી હતી.

ફાઈનલ મેચ બાદ વિજેતા તથા ઉપવિજેતા ટીમોને ટ્રોફી અને પુરસ્કારો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે જ મેન ઓફ ધ મેચ, શ્રેષ્ઠ બેટ્સમેન, શ્રેણીનો શ્રેષ્ઠ ખેલાડી, શ્રેષ્ઠ બોલર તથા શ્રેષ્ઠ ફિલ્ડર સહિતના વ્યક્તિગત પુરસ્કારો પણ ખેલાડીઓને આપવામાં આવ્યા હતા. ટૂર્નામેન્ટ દરમિયાન જીવંત વર્ણન (લાઈવ કોમેન્ટ્રી) કિશન કુંવટ દ્વારા કરવામાં આવ્યું હતું, જેના કારણે દર્શકોમાં વધુ ઉત્સાહ જોવા મળ્યો હતો. કાર્યક્રમના સંચાલનમાં કનૈયાલાલભાઈ સીજુ અને નરેન્દ્ર બળિયાએ મહત્વપૂર્ણ સહકાર આપ્યો હતો.

આ સ્પર્ધાના આયોજનનો મુખ્ય હેતુ સમાજસેવાની પ્રવૃત્તિઓને સહાયરૂપ થવાનો હતો. એકત્રિત થનારી સહાય રકમ દ્વારા ગરીબ પરિવારોમાં પુસ્તકોનું વિતરણ, કપડાંનું વિતરણ, મીઠાઈઓનું વિતરણ તેમજ આરોગ્ય સેવાઓ જેવી સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે.

આ ટૂર્નામેન્ટના મુખ્ય આયોજકોમાં કરણ બુચિયા, જયંત મારવાડા, ભરત બુચિયા, નરાસિંહ બુચિયા, કિશોર જયપ લ અને કનૈયાલાલ સીજુનો સમાવેશ થાય છે. સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે અનેક યુવાનો તથા સેવાભાવી કાર્યકરોએ પણ ઉત્સાહપૂર્વક સહકાર આપ્યો હતો.

# કાળા ડુંગર સ્થિત દત્તાત્રેય મંદિરે ૨૩મો પાટોત્સવ ભક્તિભાવથી ઉજવાયો

ભુજ - કચ્છઉદય : સરહદી વિસ્તારના ધાર્મિક, પ્રાકૃતિક સૌંદર્ય અને સામાજિક સમરસતા માટે પ્રસિદ્ધ એવા કાળા ડુંગર ખાતે સ્થિત ભગવાન દત્તાત્રેય મંદિરનો ૨૩મો પાટોત્સવ ભક્તિભાવ અને વૈદિક વિધિ સાથે ઉજવવામાં આવ્યો હતો. દુરદરાજથી આવેલા ભાવિકો અને શ્રદ્ધાળુઓની ઉપસ્થિતિએ મંદિર પરિસરમાં આધ્યાત્મિક માહોલ સર્જાયો હતો.

મુકેશભાઈ ઝવેરી પરિવારજનોના યજમાનપદે પૂજા-અર્ચના અને વિશેષ ધાર્મિક વિધિઓ યોજાઈ હતી. વહેલી સવારથી મંદિર ખાતે મહાપૂજા, અભિષેક અને આરતીના કાર્યક્રમો યોજાતા ભક્તોએ ભગવાન દત્તાત્રેયના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. સરહદની અદભૂત પ્રાકૃતિક છટા વચ્ચે ભક્તિ અને શ્રદ્ધાનો સંગમ સર્જાતો જોવા મળ્યો હતો. કાર્યક્રમ દરમિયાન દત્ત મંદિર સમિતિના પ્રમુખ વિપુલભાઈ તન્ના, ઉપપ્રમુખ રામલાલ ઠક્કર, મંત્રી પંકજભાઈ રાજદે, પૂર્વ પ્રમુખ તથા વરિષ્ઠ અગ્રણી હીરાલાલ રાજદે, ખીમજીભાઈ કોટક, ધીરેન્દ્ર તન્ના, લીલાધર ચંદે, પરેશભાઈ ઠક્કર સહિત સમિતિના સભ્યો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમિતિ દ્વારા પાટોત્સવ નિમિત્તે સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું.

પાટોત્સવ પ્રસંગે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ ભાગ લીધો હતો. કાળા ડુંગરનો આ પાટોત્સવ ધાર્મિક શ્રદ્ધા સાથે સાથે સરહદી એકતા અને સામાજિક સૌહાર્દનું પ્રતીક બની રહ્યો હોવાનું ઉપસ્થિત આગેવાનોએ જણાવ્યું હતું.

# અબડાસા તાલુકા ભાજપ શક્તિ કેન્દ્રોની બેઠક યોજાઈ





ભુજ-કચ્છઉદય : અબડાસા તાલુકાના મોથાળા, ખીરસરા (કોઠારા), નરેડી, ડુમરા, વિઝાણ અને વરાડીયા ભાજપની શક્તિ કેન્દ્રોની બેઠક યોજાઈ હતી. બેઠકમાં ઉપસ્થિત રહી વિવિધ સંગઠનાત્મક મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ પ્રસંગે કાર્યકરોને સંગઠનને વધુ મજબૂત બનાવવા તેમજ ગામસ્તરે લોકો સાથે સંપર્ક વધારવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બેઠકમાં ઉપસ્થિત કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

## માતાનામઢ-પાદરા નવી એસટી બસ સેવાનો પ્રારંભ




નાગરિકો ની પરિવહન સુવિધામાં વધારો કરવાના ઉમદા હેતુ સાથે પાદરા ડેપો દ્વારા પાદરાથી કચ્છ સ્થિત યાત્રાધામ માતાના મઢ સુધીની નવીન એસ.ટી. બસ સેવાનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ નવી બસ સેવા શરૂ થવાથી સ્થાનિક વિસ્તારના નાગરિકો, પ્રવાસીઓ અને શ્રદ્ધાળુઓને ખૂબ જ મોટો લાભ મળશે અને કચ્છમાં બિરાજતા આઈ આશાપુરાના ધામ માતાના મઢ સુધી પહોંચવું હવે વધુ સરળ બનશે. આ બસ સેવા પાદરાથી વડોદરા, તારાપુર, લીંબડી, સુરેન્દ્રનગર, ભચાઉ, ગાંધીધામ, અંજાર, ભુજ અને નખત્રાણા થઈને માતાના મઢ પહોંચશે. સમયપત્રકની વિગત અનુસાર, આ બસ પાદરાથી દરરોજ સવારે ૬:૩૦ કલાકે ઉપડશે, જ્યારે માતાના મઢથી પરત આવવા માટેનો સમય પણ દરરોજ સવારે ૬:૩૦ કલાકનો નિર્ધારિત કરવામાં આવ્યો છે. લાંબા સમયની માંગ બાદ આ રૂટ શરૂ થતા ભક્તોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે.

# અનુસૂચિત જાતિ કલ્યાણ યોજનાઓ છેવાડાના લાભાર્થી સુધી પહોંચે : પુરૂષોત્તમ મારવાડા

ભુજ - કચ્છઉદય : જિલ્લા પંચાયત કચેરી ખાતે જિલ્લા સામાજિક ન્યાય સમિતિના ચેરમેન પુરુષોત્તમ મારવાડાના અધ્યક્ષસ્થાને અનુસૂચિત જાતિ વિભાગની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં સરકાર દ્વારા અમલમાં રહેલી યોજનાઓની પ્રગતિ, લક્ષ્યાંકો અને અમલીકરણની સ્થિતિ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ચેરમેન પુરુષોત્તમ મારવાડાએ જણાવ્યું હતું કે કચ્છ જિલ્લામાં અનુસૂચિત જાતિના હિત માટે ચાલી રહેલી યોજનાઓનો લાભ છેવાડાના દરેક યોગ્ય લાભાર્થી સુધી પહોંચે તે માટે તાલુકા નિરીક્ષકો ગામે-ગામે જઈ સક્રિય પ્રચાર-પ્રસાર કરે. લાભાર્થીઓને યોગ્ય માર્ગદર્શન મળે અને તેઓ સમયસર અરજી કરી લાભ મેળવી શકે તે માટે તંત્ર દ્વારા સંકલિત પ્રયાસો કરવાનું તેમણે સૂચન કર્યું હતું. તેમણે ખાસ કરીને આંબેડકર આવાસ યોજના, કુંવરબાઈ મામેરું યોજના, સાતફેરા સમૂહલગ્ન યોજના તથા મરણોત્તર સહાય યોજના જેવા કાર્યક્રમોના નિર્ધારિત લક્ષ્યાંકો તાત્કાલિક પૂર્ણ કરવા ભાર મૂક્યો હતો. ઉપરાંત, છાત્રાલયોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રહેઠાણ, ભોજન અને અન્ય સુવિધાઓમાં કોઈ અગવડ ન પડે તે માટે જરૂરી વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની પણ સૂચના આપવામાં આવી હતી. સમાજ કલ્યાણ અધિકારી પ્રવીણભાઈ ચાવડાએ બેઠકનું સંચાલન કરી યોજનાઓની વિગતવાર માહિતી રજૂ કરી હતી અને તમામ નિરીક્ષકોને કાર્યક્ષમતા વધારવા માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં સભ્ય કેશવજી રોશિયા, આંકડા સહાયક પ્રવીણભાઈ પટેલ, ગોવિંદભાઈ માળી, ધારાબેન ઘેટિયા, સી. એમ. મહેશ્વરી તેમજ તાલુકા નિરીક્ષકો હાજર રહ્યા હતા. બેઠકમાં સરકારની યોજનાઓનો લાભ સમયસર અને પારદર્શક રીતે યોગ્ય લાભાર્થીઓ સુધી પહોંચે તે માટે વધુ તત્પરતા સાથે કામગીરી કરવાની જરૂરિયાત પર સર્વસંમતિ વ્યક્ત કરવામાં આવી હતી.

# એરસ્ટ્રીપ વિસ્તરણ મુદ્દે કાઠડા ગામે તંત્ર-આગેવાનોની ચર્ચા બેઠક

### ગૌચર જમીન બચી રહે તે માટે દિશા બદલવાની ગ્રામજનોની માંગ

ભુજ - કચ્છઉદય : માંડવી તાલુકાના કાઠડા ગામે એરસ્ટ્રીપ ના વિસ્તરણના આયોજનને કારણે ગામની ચરાણ લાયક ગૌચર જમીન અસરગ્રસ્ત થવાની શક્યતા ઉભી થતા ગ્રામજનો અને ગૌપ્રેમીઓ દ્વારા વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. આ મુદ્દે જિલ્લા તંત્ર અને રાજકીય આગેવાનો દ્વારા સ્થળ પર પહોંચી સમગ્ર પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

ગ્રામજનો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે એરસ્ટ્રીપ નું વિસ્તરણ ઉત્તર દિશામાં કરવાની જગ્યાએ દક્ષિણ દિશામાં કરવામાં આવે તો ગૌચર જમીન બચી શકે. આ બાબતે તમામ મુદ્દાઓ, યોજનાના નકશા તથા આયોજનની વિગતવાર તપાસ કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર આનંદ પટેલે જણાવ્યું હતું કે સમગ્ર મામલે ફરીથી દરખાસ્ત તૈયાર કરવામાં આવશે અને ગૌચર જમીન બચી રહે તે માટે શક્ય તમામ પ્રયાસો કરવામાં આવશે.

સાંસદ વિનોદભાઈ ચાવડાએ પણ ગ્રામજનોની લાગણીને ધ્યાનમાં રાખીને આ મુદ્દે તમામ સ્તરે પ્રયાસો કરવામાં આવશે તેવી ખાતરી આપી હતી. ધારાસભ્ય અનિરુદ્ધસિંહ દવેએ જણાવ્યું હતું કે ગૌચર વિસ્તારમાં તળાવો, ક્રિકેટ મેદાન તેમજ ધાર્મિક સ્થળો આવેલાં હોવાથી વિસ્તરણની દિશામાં ફેરફાર કરવામાં આવે તો ગ્રામજનોની માંગ સંતોષાઈ શકે. તેમણે તંત્ર સાથે સમન્વય રાખીને યોગ્ય ઉકેલ લાવવા સહયોગ આપવાની ખાતરી આપી હતી.

અખિલ કચ્છ ચારણ સમાજના પ્રમુખ દેવરાજભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે તંત્ર અને રાજકીય આગેવાનો સાથે ચર્ચા કરીને આ મુદ્દે યોગ્ય નિરાકરણ લાવવા પ્રયત્નો કરવામાં આવશે અને ગ્રામજનોએ તંત્ર પર વિશ્વાસ રાખવો જોઈએ.

આ પ્રસંગે પ્રાંત અધિકારી ભગીરથસિંહ ઝાલા, માંડવી મામલતદાર પ્રદ્યુમનસિંહ જેઠવા, પોલીસ ઈન્સ્પેક્ટર ચેતક બારોટ, નાયબ મામલતદાર વિજયસિંહ જાડેજા, માંડવી તાલુકા ભાજપ પ્રમુખ સામત ગઢવી, તાલુકા પંચાયત પ્રમુખ કેવલ ગઢવી, કાઠડા તાલુકા પંચાયત સભ્ય દેવાંગ સાખરા, મંત્રી લક્ષ્મીશંકર જોષી, યુવા ભાજપ પ્રમુખ ગોપ લ ગઢવી, શંભુદાન ગઢવી તેમજ કાઠડા ગામના અગ્રણી ભારમલ ગઢવી, ધનરાજ ગઢવી, વિરમભાઈ ગઢવી, રતન ગઢવી, ઉપસરપંચ કમલેશ પાસ્તા, દિનેશભાઈ લાખાણી, અનિલ કાનાણી, ભીમશી પાસ્તા સહિત અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## વનતારા સ્થાપના દિવસ

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉદ્દઘાટન કર્યાના એક વર્ષમાં અસંખ્ય પ્રાણીઓને ફરીથી સાજા કરીને જંગલમાં પરત મોકલ્યા

જામનગર (ગુજરાત) : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ઉદઘાટન થયાના એક વર્ષની ઉજવણી કરતા, વનતારાના સ્થાપના દિવસે, વનતારા એક વર્ષની એ અવિસ્મરણીય સફરને પ્રતિબિંબિત કરે છે, જે દરમિયાન તેણે વન્યજીવ બચાવ ઉપરાંત તેઓને અદ્યતન તબીબી સંભાળ અને વૈજ્ઞાનિક-ઢબે સંવર્ધન પૂરું પાડ્યું છે. અનંત મુકેશ અંબાણી દ્વારા સ્થાપિત, વનતારાએ બિગ કેટ્સ, સરિસૃપ, પ્રાઈમેટ, પક્ષીઓ તથા અન્ય સસ્તન પ્રાણીઓ સહિત વિવિધ પ્રજાતિઓના હજારો વન્યજીવોને બચાવ્યા બાદ સ્વસ્થ બનાવ્યા છે. ગત એક વર્ષમાં, વનતારાની પશુચિકિત્સા ટીમોએ વિવિધ જટિલ શસ્ત્રક્રિયાઓ હાથ ધરી છે અને વિવિધ પ્રાણીઓને તેમના કુદરતી આવાસમાં પુનઃસ્થાપિત કર્યા છે, જ્યારે કેટલાક પ્રાણીઓને તો બચાવ, સારવાર અને સાજા કર્યા પછી જંગલમાં પાછા મોકલી આપ્યા છે.

પોતાની કામગીરીના પ્રથમ વર્ષમાં, અનંત અંબાણીએ વન્યજીવન સંરક્ષણ અને સંવર્ધનમાં તેમના નોંધપાત્ર વૈશ્વિક યોગદાન બદલ પ્રતિષ્ઠિત ગ્લોબલ હ્યુમન એવોર્ડ મળ્યો છે, જે કરુણાપૂર્ણ, વિજ્ઞાન-આધારિત સંરક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે. ઈએઆરએઝેએ અને એસઈએઝેડએની મેમ્બરશીપ, ગ્લોબલ હ્યુમન કન્ઝર્વેશન સર્ટિફિકેશન, તથા પ્રાણી મિત્ર એવોર્ડ ૨૦૦૫ થકી, વનતારાની કામગીરીને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ બિરદાવાઈ છે. આ તમામ પ્રશસ્તિઓ કરતા પણ, આ સંસ્થાએ હંમેશા લાંબા સમયની અસરને જન્માવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, અને સેંકડો પશુચિકિત્સકોને સંવર્ધન ઔષધિઓની તાલીમ આપવા, ૫૦થી વધુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નોલેજ-શેરિંગ કાર્યક્રમોનું આયોજન કરવાનું અને આગામી પેઢીના સંરક્ષણ ભેખધારીઓને પ્રેરણા આપવા રચાયેલા આઉટરીચ પ્રોગ્રામ હજારો હજારો બાળકોને વધુ સારું ભવિષ્ય પૂરું પાડવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

છેલ્લા એક વર્ષમાં, વનતારાએ પ્રાણીઓને દુઃખી અને શોષણકારી પરિસ્થિતિઓમાંથી ઉગાર્યા છે, જ્યારે લાકડા ઢસડવા, સર્કસ, સવારી અને ભીખ માંગવા જેવી પ્રવૃત્તિઓમાં રોકાયેલા ૨૫૦થી વધુ હાથીઓને રેસ્ક્યુ કરીને વિશ્વ સ્તરીય પશુચિકિત્સા સંભાળ અને લાંબાગાળાની વિશેષ સહાયતા પૂરી પાડી છે. આમાંના ઘણા હાથીઓ સંધિવા તથા અન્ય વૃદ્ધાવસ્થા સંબંધિત બિમારીઓ સાથે જીવી રહ્યા છે. વનતારા ભીડભાડવાળી સુવિધાઓમાંથી બચાવેલા હજારો મગરોને પણ સતત સંભાળ પૂરી પાડે છે. સમગ્ર ભારત તેમજ વિશ્વભરમાંથી મળેલા સમર્થન સાથે, વનતાર કરુણા, કલ્યાણ અને વિજ્ઞાન પર આધારિત વૈશ્વિક સ્તરીય સંરક્ષણ મોડેલને આત્મસાત કરે છે.

નેશનલ રેફરલ સેન્ટર ફોર વાઈલ્ડલાઈફ (વેસ્ટ ઝોન) તરીકે નિયુક્ત, વનતારાએ વન્યજીવ આરોગ્યને રોગની વ્યાપક દેખરેખ અને સંકલિત પ્રતિભાવ પ્રણાલિઓ સાથે એકીકૃત કરીને ભારતની વન્ય આરોગ્ય ઈકોસિસ્ટમને મજબૂત બનાવી છે. તેની વૈજ્ઞાનિક ઢબે સારવારની પ્રણાલિની મધ્યમાં વૈજ્ઞાનિક પ્રયોગશાળા અને ૧૧ સેટેલાઈટ લેબોરેટરીઝનો સમાવેશ થાય છે, જેને ૭૦થી વધુ નિષ્ણાતો દ્વારા સપોર્ટ કરવામાં આવે છે અને દરરોજે ૨,૦૦૦થી વધુ ડાયગ્નોસ્ટિક નમૂનાઓ પર પ્રક્રિયા કરવામાં આવે છે, જેમાં બાયો-બેંકિંગ, આગામી પેઢીના સિક્વન્સિંગ, મોલેક્યુલર ડાયગ્નોસ્ટિક્સ, પેથોલોજી, પેરાસિટોલોજી અને ટોક્સિકોલોજીનો સમાવેશ થાય છે.

# મા આશાપુરા પ્રિ-પ્રાયમરી શાળામાં યોગ અને વ્યાયામ કરાયા





ભુજ - કચ્છઉદય : અહીની માં આશાપુરા પ્રિ-પ્રાયમરી વિભાગ જે ભાડા ઓફિસની બાજુમાં સ્વામિનારાયણ મંદિર રોડમાં ચાલી રહી છે, જેમાં દરરોજ શાળાના શિક્ષકો દ્વારા જ બાળકોને યોગ અને વ્યાયામ કરાવવામાં આવે જ છે. બુધવારે વિશેષ યોગ માર્ગદર્શન માટેનું કાર્યક્રમ યોજવામાં આવ્યું હતું. એક વર્ષ પહેલા અમારી શાળામાંથી યોગ કોચ વર્ષાબેન પટેલને આમંત્રિત કરવામાં આવ્યા હતા જેમણે શાળામાં બાળકો અને વાલીઓને યોગથી જાગૃત કર્યા હતા. શાળાથી અને શાળાના બાળકોથી આકર્ષાઈને તેમણે ફરીવાર શાળામાં બાળપણથી જ બાળકોમાં યોગ શિક્ષણના બીજ રોપાયએ માટે યોગ માર્ગદર્શન કાર્યક્રમ આપવા માટે ઈચ્છા દર્શાવી હતી. બાળકો અને શાળાના શિક્ષક ગણોએ યોગ કોચ વર્ષાબેન પટેલ પાસેથી એમના યોગ માર્ગદર્શનનો વિશેષ લાભ મેળવ્યો હતો, જેમાં ૧૭૦ જેટલા વિદ્યાર્થી અને સ્ટાફ જોડાયો હતો. આયોજન બ્રિજેશ્વરીબા જાડેજા સહિત સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# કચ્છમાં ૧૪ વર્ષની કિશોરીઓ માટેના એચપીવી રસીકરણ અભિયાન સામે ઉઠ્યા સવાલો

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના ગાંધીધામ સહિતના વિસ્તારોમાં આગામી ૨૮ ફેબ્રુઆરીથી ૧૪ વર્ષની આશરે ૧૦,૦૦૦ જેટલી કિશોરીઓને એચપીવી (હ્યુમન પેપિલોમા વાયરસ) રસી આપવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે. જોકે, આ સામૂહિક રસીકરણ અભિયાન સામે ભુજ તાલુકાના બળદિયા ગામના જાગૃત નાગરિક રાહુલગીરી ગોસ્વામીએ ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા છે.

તેમણે રસીકરણની પ્રક્રિયામાં પારદર્શિતાનો અભાવ હોવાનો આક્ષેપ કરી લેખિત સંમતિ વિના કિશોરીઓને રસી આપવા સામે વિરોધ નોંધાવ્યો છે. ગર્ભાશયના કેન્સર થવાની સરેરાશ ઉંમર ૫૦ થી ૬૫ વર્ષની હોય છે, ત્યારે ૩૦ વર્ષ પહેલાં જ નાની ઉંમરની બાળકીઓને આ રસી આપવાની ઉતાવળ કેમ કરવામાં આવી રહી છે તે એક મોટો પ્રશ્ન છે. આ રસી લીધા પછી પણ ભવિષ્યમાં કેન્સર નહીં થાય તેવી કોઈ ખાતરી આપવામાં આવતી નથી અને આ રસી કેન્સર રોકવામાં સો ટકા સફળ છે તેવા કોઈ પણ ચોક્કસ વૈજ્ઞાનિક પુરાવાઓ ઉપલબ્ધ નથી. આ સંજોગોમાં ૧૪ વર્ષની નિર્દોષ બાળકીઓ પર રસીનો પ્રયોગ કરવો કેટલો ઉચિત છે તેવો સવાલ તેમણે ઉઠાવ્યો છે. આ મુદ્દે આરોગ્ય વિભાગ ત્વરિત સ્પષ્ટતા કરે તેવી માંગ કરી છે.

## આદીપુરમાં પાણીના ટાંકામાં પડી જતા ચાર વર્ષિય બાળાનું મોત

**ખાવડાના આરઈ પાર્કમાં ગાડી પલ્ટી મારી જતા યુવાનનો જીવ ગયો**

આદીપુર - કચ્છઉદય : આદીપુરમાં રાજનગર ઝુપડપટ્ટી ખાતે રહેતા પરિવારમાં ઘરના આંગણામાં ચાર વર્ષિય બાળક રમતો હતો. રમતા રમતા સવારે તે ભોયતળીયે આવેલા પાણીના ટાંકામાં પડી જતા પાણી પી ગયો હતો. જેને બહાર કાઢી હોસ્પિટલે લઈ જવાયો પરંતુ તબીબે મૃત જાહેર કર્યો હતો. ચાર વર્ષિય શનિ રાજુસિંઘ કેવટનું મોત થતા પરીવારમાં અરેરાટી ફેલાઈ જવા પામી હતી. આદીપુર પોલીસે અકસ્માત મોતની નોંધ દાખલ કરી છે.

દરમ્યાન ખાવડા ખાતે આવેલા આરઈ પાર્કમાં એનટીપીસી કંપની પીપીએસ - ૧ પાસે ગાડી પલ્ટી મારી જતા યુવાનનું મોત થયું હતું. ફરીયાદી વિજયસિંહ મગસિંહ રાઠોડના જણાવ્યા પ્રમાણે હતભાગી રાજસ્થાનના બાડમેરના હાલે એનટીપીસી કંપનીના ફેઝ - ૧ માં રહેતા વિક્રમસિંહ રતનસિંહ રાઠોડ (ઉ.વ.૨૩) સ્કોર્પીયો ગાડી નંબર જી.જે. ૧૨ સીડી ૮૬૧૦ લઈને જતા હતા. પોતે જ ગાડી ચલાવતા હતા પોતાની ગાડી પલ્ટી મારી જતા માથાના ભાગે ઈજાઓ થઈ હતી. જેને સારવાર માટે ખાવડા હોસ્પિટલ લઈ જતા તબીબે મૃત જાહેર કર્યા હતા. આ બનાવથી અરેરાટી ફેલાઈ હતી. ખાવડા પોલીસે અકસ્માત મોતની નોંધ દાખલ કરી હતી.

### અમારો શું છે વાંક? પોલીસતંત્ર પુછે છે ટોળાને સીધો જ સવાલ?

# મુંદ્રામાં કાયદો હાથમાં લેતું હિંસક ટોળું: લોકશાહીમાં 'ભીડતંત્ર'નો ઉન્માદ ચિંતાજનક

**રક્ષક પર પથ્થરમારો એ ન્યાય મેળવવાનો માર્ગ નથી : ૩૦૦ના ટોળા દ્વારા પોલીસ પર જીવલેણ હુમલો અને આગજનીની ઘટના લોકશાહી માટે લાલબત્તી; શું અફવાઓ અને આવેશમાં આવી હિંસા કરવી એ ઉકેલ છે?**

મુંદ્રા:કોઈપણ સભ્ય સમાજમાં હિંસા ક્યારેય ન્યાય મેળવવાનું સાધન હોઈ શકતી નથી. મુંદ્રાની લેબર કોલોનીમાં ૩૦૦ જેટલા લોકોના ટોળા દ્વારા પોલીસ પર કરવામાં આવેલો પથ્થરમારો અને વાહનોની આગજની માત્ર એક આકસ્મિક ઘટના નથી, પરંતુ કાયદાના શાસન સામે ઉભો થયેલો ગંભીર પડકાર છે. જ્યારે રક્ષક જ ભક્ષક બનેલા ટોળાનો શિકાર બને, ત્યારે સમજવું જોઈએ કે સમાજમાં અરાજકતાના બીજ રોપાઈ રહ્યા છે.

પોલીસ તંત્ર કાયદાકીય પ્રક્રિયા અને સમયમર્યાદાથી બંધાયેલું હોય છે. તપાસમાં થતો વિલંબ કે અફવાઓનો ઉન્માદ લોકોને કાયદો હાથમાં લેવાનો અધિકાર આપતા નથી. પોલીસ કર્મચારીઓ, જે આપણા પરિવાર અને સમાજની સુરક્ષા માટે ખડેપગે હોય છે, તેમને જ નિશાન બનાવીને જીવલેણ હુમલા કરવા તે અસભ્યતાની પરાકાષ્ઠા છે. સરકારી મિલકતો, જે પ્રજાના પરસેવાની કમાણી અને ટેક્સના પૈસાથી બનેલી છે, તેને સળગાવવી એ આખરે તો જનતાનું જ નુકસાન છે.

## સરકારની ગંભીરતા : મુંદ્રામાં ડીવાયએસપીની પોસ્ટ અપગ્રેડ કરી IPSની નિમણૂક

ગાંધીધામ: ખ્યાતનામ પોર્ટના વિકાસ અર્થતંત્ર ધરાવતું મુંદ્રા એક મોટું ઔદ્યોગિક હબ હોવાથી અહીં કાયદો અને વ્યવસ્થા જાળવવી અનિવાર્ય છે. રાજ્ય સરકારે આ બાબતને ગંભીરતાથી લઈને મુંદ્રામાં DySPની પોસ્ટને અપગ્રેડ કરીને IPS અધિકારીની નિમણૂક કરી છે. આ નિર્ણય સૂચવે છે કે સરકાર હવે મુંદ્રાના ઔદ્યોગિક અને લેબર વિસ્તારોમાં કોઈ પણ પ્રકારની અરાજકતા સાંખી લેવા માંગતી નથી.

## અફવાઓનો ભોગ અને પોલીસની મજબૂરી

ગાધીધામ : પ્રજાએ સમજવાની જરૂર છે કે કોઈ પણ તપાસ કે કાર્યવાહી રાતોરાત જાદુઈ રીતે પૂર્ણ થતી નથી; તે કાયદાકીય પ્રક્રિયા અને સમયમર્યાદામાં બંધાયેલી હોય છે. માત્ર અફવાઓના આધારે ઉશ્કેરાઈને પોલીસના વાહનો સળગાવવા કે પથ્થરમારો કરવો એ સભ્ય સમાજની નિશાની નથી.

## ગંભીર સવાલો : જેનો જવાબ શોધવો જરૂરી છે

૧. શું લોકોમાં પોલીસ પ્રત્યે વિશ્વાસનો અભાવ છે કે તપાસનો વિલંબ આક્રોશ જન્માવે છે? ૨ લેબર કોલોની જેવા વિસ્તારોમાં વારંવાર કાયદો અને વ્યવસ્થા કેમ કથળે છે? ૩ શું માત્ર ગુનો નોંધવા પૂરતી કાર્યવાહી પૂરતી છે, કે 'કોમ્યુનિટી પોલીસિંગ'ની જરૂર છે? ૪ અફવા ફેલાવનારા તત્વો સામે કડક 'પેરોલ ફલો' કે વેરિફિકેશન કેમ થતું નથી? ૫.અફવાઓનું જોરઃ સોશિયલ મીડિયા અને મોઢા-મોઢ ફેલાતી અફવાઓને ડામવા માટે પોલીસ પાસે શું આયોજન છે? ૬.શ્રમિકોનું વેરિફિકેશનઃ ઔદ્યોગિક હબ એવા મુંદ્રામાં આવતા હજારો શ્રમિકોનો ડેટા અને તેમની પૃષ્ઠભૂમિ તપાસવામાં તંત્ર કેમ ઉણું ઉતરે છે? ૭. રક્ષકની સુરક્ષાઃ જો પોલીસ જ સુરક્ષિત ન હોય, તો સામાન્ય નાગરિક પોતાની સુરક્ષા માટે કોના ભરોસે રહે?

તાજેતરમાં મુંદ્રાની લેબર કોલોનીમાં ૩૦૦ જેટલા લોકોના ટોળા દ્વારા પોલીસ કર્મચારીઓ પર કરવામાં આવેલો પથ્થરમારો અને સરકારી મિલકતને નુકસાન પહોંચાડવાની ઘટના અત્યંત નિંદનીય છે. જ્યારે પ્રજાના રક્ષણ માટે ખડેપગે રહેતી પોલીસને જ નિશાન બનાવીને જીવલેણ હુમલો કરવામાં આવે, ત્યારે તે માત્ર એક ગુનો નથી પણ કાયદાના શાસન સામે સીધો પડકાર છે.જોકે, આ ઘટના પોલીસ તંત્ર માટે પણ આત્મમંથનનો વિષય છે. મુંદ્રા જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં, જ્યાં પરપ્રાંતીય શ્રમિકોની મોટી વસ્તી છે, ત્યાં

**અનુસંધાન પાના નં.૫ પર**

## ગાંધીધામ શહેર ભાજપના મંત્રીના આપઘાત કેસમાં સ્ફોટક ખુલાસા

**ધંધામાં બાલાજી વેફર્સની એજન્સી બંધ થઈ, આર્થિક સંકડામણ, દાગીના ગીરવે મુકી લીધેલા નાણા ચુકવવાનું ટેન્શન અને એક - બે નહીં પણ અલગ અલગ ૧૮ લોકો દ્વારા પૈસા બાબતે અપાયેલા ત્રાસથી અંતે ફાંસો ખાઈને મોતનો માર્ગ અપનાવ્યો : મરવા માટે મજબુર કરનારા સામે ફોજદારીનું શસ્ત્ર ઉગામાયું : હવે ન્યાયની આશા**

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ શહેર ભાજપના મંત્રી એવા આદીપુરમાં રહેતા ૩૯ વર્ષિય દિપેશ મીનાક્ષીબેન ભટ્ટે પોતાના ઘરે પંખામાં ફાંસો ખાઈ આપઘાત કરી લેતા અરેરાટી ફેલાઈ હતી. આ બનાવમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. જેમાં ધંધાકીય તેમજ આર્થિક રીતે ત્રાસ આપનારા ૧૮ લોકોના કારણે આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે. બનાવ પૂર્વે તેમણે લખેલી ચીઠ્ઠી, વીડિયો અને પત્નીએ અનુભવેલા ત્રાસના આધારે પોલીસે આ ફરીયાદ દાખલ કરી છે.

આ બાબતે હતભાગીના પત્નિ દીપાબેન દિપેશભાઈ અશ્વિનભાઈ ત્રિપાઠીએ નોંધાવેલી ફરીયાદ પ્રમાણે તેમના પતિ ગાંધીધામ ખાતે બાલાજી વેફર્સની એજન્સી ચલાવતા હતા. એજન્સી લેવા માટે એડવાન્સમાં ડીપોઝીટ ભરી હતી. જે માલ જોઈએ તે માટે પહેલા આરટીજીએસ કરતા અને પછી માલ પહોંચાડવા માટે કટારીયા એન્ટપ્રાઈઝને કામ સોંપાયું હતું. માલ વેચવા માટે ગાંધીધામમાં રૂટ પણ નક્કી કરાયો હતો. દર વખતે આરટીજીએસથી એડવાન્સ રકમ મોકલતા, બાદમાં માલ આવતો અને સપ્લાય થતો પરંતુ થોડા સમયથી કટારીયા એન્ટરપ્રાઈઝના માલીક અને રૂપેશભાઈએ ભેગા મળી કટારીયા એન્ટરપ્રાઈઝના કલ્પેશભાઈ અને અંકીતા મેડમ દ્વારા એડવાન્સ રૂપિયા આપવા છતાં માલ સમયસર અપાતો નહીં. ગાંધીધામમાં માલ પહોંચાડવાનું કામ મુંદરાવાળા વિપુલભાઈ સંભાળતા હતા. તેઓને અમારાથી કોઈ વાંધો હોઈ બધા ભેગા મળી ચડાવતા અને ખોટી રીતે હેરાન કરી માલ પહોંચાડતા નહીં. સમયસર માલ ન મળવો અને રૂટ કપાઈ જવાના કારણે વ્યવસાય ઠપ્પ થતા આર્થિક નુકશાન થયું હતું. માલ મંગાવતા ત્યારે અઠવાડીયામાં એક જ વખત માલ મળતો, છેલ્લે એડવાન્સ રૂપિયા આપ્યા, ૨ માર્ચના માલ આવવાનો હતો, પરંતુ હોળીના કારણે ના કહી બાદમાં પાંચ તારીખે ફોન કર્યો હતો. માલ આપવાની જ ના કહી દીધી, જેથી પતિને ખુબ જ આઘાત લાગ્યો હતો. કારણ કે આવક બંધ થઈ અને ચુકવણા કરવાના હતા. ચુકવણા કરવાની સ્થિતિ ન હોઈ આર્થિક સંકડામણનો અહેસાસ થયો હતો. આ વિપુલભાઈએ અગાઉ ધંધાના રૂટ બંધ કરાવી એજન્સી બંધ કરાવી નાખવાની પણ ધમકી આપી હતી.

તેમજ ધંધા માટે અલગ અલગ લોકો પાસેથી હાથ ઉછીના રૂપિયા પણ લીધા હતા. જેમાં કરણ ડાયાલાલ આહીરને સોનાના બે મંગળસુત્ર, ચેઈન, ત્રણ સેટ, માળા, ચાર જોડી બુટીયા ગીરવે રાખી વ્યાજ ચુકવતા. જેટલા રૂપિયા લીધા તેના કરતા વધારે વ્યાજ ચુકવ્યું

**અનુસંધાન પાના નં.૫ પર**

### આ લોકો સામે નોંધાઈ ફોજદારી

● વિપુલભાઈ (એસઆર) મુંદરા વાળા ● કટારીયા એન્ટરપ્રાઈઝના માલિક ● કટારીયા એન્ટરપ્રાઈઝવાળા રૂપેશભાઈ ● કટારીયા એન્ટરપ્રાઈઝ વાળા કલ્પેશભાઈ ● કટારીયા એન્ટરપ્રાઈઝ વાળા અંકીતા મેડમ ● કરણ ડાયાલાલ આહિર ● કરણ આહિરના પિતા ● આનંદ ● નટુભા સોઢા - ભચાઉ ● કલ્પેશ ઠક્કર ● દર્શન ઠક્કર ● ધર્મેન્દ્રસિંહ ભાટી (ધમ્મો) ● ક્રિપાલસિંહ ● ચંદ્રસિંહ બાપુ ઝોનવાળા ● મુકેશ મીરાણી ● હરેશ મીરાણી - ગણેશ એજન્સીવાળા ● હિતેશ રાજકોટીયા ● ભીખુભાઈ ● રોશની આનંદ ભટ્ટ - ભુજ ● પ્રકાશભાઈ મોદી - આદીપુર

## હજુ તો ગરમીની શરૂઆત થઈ ત્યાં અંજારમાં એસીના આઉટડોર ઉપડી ગયા

**પોસ્ટ ઓફીસના એટીએમની બહાર લગાવાયેલા બે આઉટડોરની ચોરી**

અંજાર - કચ્છઉદય : ઉનાળાની સીઝનમાં અવારનવાર ફ્રીઝ, પંખા, એસીની ચોરીની ઘટના સામે આવે છે, પરંતુ અંજારમાં તસ્કરો એસીના આઉટડોર યુનિટ ચોરી ગયા છે. નવાઈની બાબત એ છે કે, પોસ્ટ ઓફીસના એટીએમની બહાર લગાવેલા આઉટડોરની ચોરી થઈ હતી. તસ્કરો અલગ અલગ દિવસોએ બે યુનિટ ઉઠાવી ગયા હતા.

આ બાબતે ફરીયાદી ઈન્ચાર્જ સબ પોસ્ટ માસ્તર હર્ષદ મોરારજીભાઈ ચાવડાએ નોધાવેલી ફરિયાદ પ્રમાણે ગત ૬ ફેબ્રુઆરીના તેમના ઓફીસના કેમેરાનું મેઈન્ટેનન્સ કરનાર કર્મચારીએ જણાવ્યું હતું કે, પોસ્ટ ઓફીસમાં જમણી બાજુ લાગેલું આઉટડોર ગાયબ છે. તપાસ કરતા જોવા મળ્યું ન હતું. દરમ્યાન એક માર્ચના એટીએમની ડાબી બાજુ આવેલ આઉટડોર જોવા મળ્યું ન હતું. કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી ગયો હતો. જેથી ઈમેઈલ દ્વારા વડી કચેરીમાં જાણ કરવામાં આવી હતી. જે બાદ ૧૫ હજારના બે આઉટડોર કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી ગયો હોવાની ફરીયાદ નોંધાવાઈ છે.


### સંગીત-સંતવાણીના આયોજન અંગે નિવૃત

આથી હું **શૈલેષ ચમનલાલ જાની,** મારા મિત્ર વર્ગ વગેરેને જણાવવા માંગુ છું કે, છેલ્લા પાંચ દાયકાના સંગીત કે સંતવાણીના તેમજ દાંડીયારાસ, લગ્ન પ્રસંગ તેમજ અન્ય કોઈપણ સંગીતના પ્રોગ્રામના આયોજન માંથી નિવૃત થતો હોવાથી કયાંય કોઈ આયોજન કરાવા અંગે **મહેરબાની કરીને મારો કોઈ સંપર્ક ન કરે તેવી હું હાથ જોડીને વિનંતી કરૂં છું.**

**નોંધ :- રાષ્ટ્રહિત અને દેશની ઉન્નતી માટેના કાર્યક્રમો માટે અમારી નિઃસ્વાર્થ સેવા અવિરત રહેશે.**

**આપનો શૈલેષ જાની, ભુજ**



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# સશક્ત અને સ્વસ્થ મહિલા, સમૃદ્ધ સમાજ



## મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે કુલ ₹૭૬૯૦ કરોડની જોગવાઈ

ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત ₹૨૮૪૮ કરોડની જોગવાઈ

આંગણવાડી કાર્યકર/તેડાગર, મીની આંગણવાડી કાર્યકર બહેનોના માનદ્ વેતન માટે ₹૧૧૨૮ કરોડની જોગવાઈ

પૂરક પોષણ યોજના અંતર્ગત ૩ થી ૬ વર્ષનાં બાળકોને આંગણવાડીમાં ગરમ નાસ્તો અને ભોજન તેમજ બાળકો, કિશોરીઓ અને સગર્ભા ધાત્રી માતાઓને ટેક હોમ રાશન પૂરું પાડવા ₹૯૭૨ કરોડની જોગવાઈ

દૂધ સંજીવની યોજના હેઠળ ફોર્ટિફાઈડ દૂધ આપવા ₹૨૦૫ કરોડની જોગવાઈ

વહાલી દીકરી યોજના અંતર્ગત ₹૨૪૫ કરોડની જોગવાઈ

બે હજાર આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે ₹૩૬૦ કરોડની જોગવાઈ




દીકરીના જન્મથી લઈને માતાના પોષણ, સન્માન અને સુરક્ષા સુધી, રાજ્ય સરકાર હંમેશાં હરકદમ માતૃશક્તિની પડખે છે. મહિલા અને બાળ વિકાસ માટે ફાળવાયેલ ₹૭૬૯૦ કરોડનું આ બજેટ 'સશક્ત અને સ્વસ્થ મહિલા, સમૃદ્ધ સમાજ'ના આપણા સંકલ્પને ચરિતાર્થ કરશે.

**- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત